# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ
# શ્રી ઈ. ઈ. એલ. કે કોમર્સ કોલેજ,
# ચીખલી

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ સંચાલિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

# વિમલ

૨૦૧૬-૨૦૧૭
૨૦૧૭-૨૦૧૮





પરામર્શક
પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ

પ્રા. રમીલા બી. નાયક
અધ્યક્ષ મેગેઝીન સમિતિ

સહસંપાદક
પ્રા. ડૉ. જયમલ નાયક
પ્રા. ડૉ. નયના નાયક
પ્રા. ડૉ. રિયાઝ તાઈ

પટેલ હિમાંશુ એમ.
મેગેઝીન મંત્રી



જન્મ : ૨૭-૩-૧૯૧૫

અવસાન : ૧૩-૧૧-૧૯૯૯

## સ્વાતંત્ર્ય સેનાની, સમાજસેવક અને શિક્ષણ સંવર્ધક

# સ્વ. મોહનલાલ મણિલાલ દેસાઈ

નિત્ય રોપાયા ભૂમિ મહીં તે આપ છો, મૂળ કે પાયો સુદ્રઢ છે તે આપ છો.

શુષ્કતા ભીનાશ બંને રૂપમાં જે છે તે આપ છો, ખૂબ રેલાય જે વાત્સલ્ય ભાવે તે આપ છો.

વૃક્ષ સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે, અમ શીશ પર શીળી છત્રછાયા જે છો તે આપ છો.



# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ
# શ્રી ઈ. ઈ. એલ. કે કોમર્સ કોલેજ,

## ચીખલી, જી. નવસારી

# વિમલ

૨૦૧૬-૨૦૧૭
૨૦૧૭-૨૦૧૮

**પરામર્શક**
**પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ**

પટેલ હિમાંશુ એમ.
(બી.કોમ.)
મેગેઝીન મંત્રી

પ્રા. રમીલા બી. નાયક
(અધ્યક્ષ મેગેઝીન સમિતિ)

સહસંપાદક
પ્રા. ડૉ. નયના નાયક
પ્રા. ડૉ. જયમલ નાયક
પ્રા. ડૉ. રિયાઝ તાઈ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સંપાદકીય | - |
| શુભેચ્છા સંદેશ | શ્રી અરવિંદભાઈ દેસાઈ |
| શુભેચ્છા સંદેશ | શ્રી દર્શનભાઈ દેસાઈ |
| આચાર્યશ્રીની કલમે | પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ |
| **NAAC Peer Team Visit** | - |
| **AAA Peer Team Visit** | - |
| **NAAC** સમિતિઓ | - |
| પુસ્તક સાચો મિત્ર | જાદવ સ્નેહાલી બી. |
| प्रवासस्य कथा रम्या | પટેલ સેજલ કે. |
| यकीन | કનુજા હિરલ કે. |
| ભારતની નારી | કુંવર દિપીકા આર. |
| છે ગુરૂર | મલિક હુશ્નુમા મહેમુદ |
| વૈષ્ણવજન | પાટીલ કાજલ એસ. |
| ગુરુશિષ્ય સંબંધ | પટેલ કાજલ બી. |
| સંસ્કૃત કથાઓમાં પુરાકલ્પનતત્ત્વ | આશા પટેલ |
| મહિલા પુરુષ કરતાં વધુ બળવાન | હુશ્નુમા એન. મલિક |
| भक्तिकाल : हिन्दी साहित्य का स्वर्ण - युग | પ્રા. દક્ષાબેન પી. પટેલ |
| દેવી ગંગા | પ્રા. ડૉ. નયના કે. નાયક |
| દર્શકના શ્રીકૃષ્ણ એક યુગપુરૂષ | પ્રા. રમીલા બી. નાયક |
| મૂલ્યશિક્ષણ દ્વારા જીવન ઘડતર | પ્રા. અશોકભાઈ સી. પટેલ |
| ગ્લોબલ વોર્મિંગ - એક સળગતો વૈશ્વિક પ્રશ્ન | પ્રા. ડૉ. રિયાઝ એ. તાઈ |
| **Yoga and Holistic Development** | ડૉ. જયમલ એસ. નાયક |
| સ્ટુડન્ટસ કાઉન્સિલ | |
| પ્રવૃત્તિલોક | |
| વિભાગીય પ્રવૃત્તિઓ | |
| પરીક્ષાના પરિણામો | |
| વાર્ષિક હિસાબ | |

# સંપાદકીય

જીવન વિકાસના વિભિન્ન અંગોમાં શિક્ષણનું કાર્ય પાયાના પથ્થર સમાન હોય છે. જીવન અને જગતના જ્ઞાન - વિજ્ઞાનની જ્યોત જલાવનાર શિક્ષણ સ્વ સાથે સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિમાં પોતાનો મહત્ત્વપૂર્ણ ફાળો આપી જીવનને વધારે સુંદર , વધારે ઉન્નત અને ઉર્ધ્વગામી બનાવે છે.

अद्भिर्गात्राणि शुध्यन्ति, मनः सत्येन शुध्यति ।
विद्यातपोभ्याम् भूतात्मा, बुद्धिर्ज्ञानेन शुध्यति ।।

શરીરના અંગ પાણીથી શુદ્ધ થાય, સત્ય સ્વીકારવાથી મન શુદ્ધ થાય, વિદ્યા અને તપ થકી આત્મા શુદ્ધ થાય અને જ્ઞાનથી બુદ્ધિ શુદ્ધ થાય છે.

સ્વપ્રતિભા લઈ, આંખોમાં સ્વપ્ન આંજી મહાશાળામાં પ્રવેશતા વિદ્યાર્થીઓને નિ:સીમ આકાશ મળે છે. માનસિક, શારીરિક, બૌધિક સર્જનાત્મક કૌશલ્યની પ્રતીતિ કરાવતા વિદ્યાર્થીઓ માટે મહાશાળા એટલે ઊડવાની પાંખ અને વિશ્વને જોવાની આંખ. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિનો સર્વાંગી વિકાસનો સુવર્ણકાળ મહાશાળા થકી જ ઘડાય છે.

સાંપ્રત સમયમાં વ્યાપ્ત પશુતા, ભયાનકતા, નિરર્થકતા અને વિઘાતકપણું સર્વત્ર વ્યાપ્ત છે. નિરંતર વિકાસમાં પણ ક્યાંક હતાશા, નિરાશા અને દીનતા પ્રવર્તે છે. આ કપરી ઘડીમાં પણ વિદ્યાર્થીને સુપથે લઈ જઈ, ઉમદા, ચારિત્ર્યવાન નાગરિક બનાવવાની જવાબદારી સંસ્થાઓની બાહ્ય ઈમારતોમાં નથી. તેની લાઈબ્રેરીમાં, રમતના મેદાનમાં અને પર્યાવરણમાં વ્યાપ્ત જ્ઞાનની જ્યોત માંથી જ તે અહર્નિશ પ્રગટતી હોય છે.

વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં રત રહી પોતાનું પોત ઘડે છે. એ ઘરદીવડાઓની પ્રવૃત્તિઓ, પ્રગતિનો અરીસો વિમલ છે. વિદ્યાર્થીઓની સર્જનશક્તિને વેગ મળે, પ્રસિદ્ધિ મળે તે માટે કટિબદ્ધ **વિમલ** આવાં ઘરદીવડાંઓને પોષે છે.

**વિમલ** માટે માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહાયરૂપ થનાર વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના યુવા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈ તથા વડીલ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ દેસાઈ અને દીર્ઘ દ્રષ્ટા, કુશળ આચાર્યા ડૉ. એફ. એચ. દેસાઈ, વિદ્યાર્થીમંડળના હોદ્દેદારો તથા સ્ટાફસભ્યો પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

# વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, ચીખલી
## ટ્રસ્ટી મંડળ અને હોદ્દેદારો


| | | |
|---|---|---|
| ૧. શ્રી અરવિંદભાઈ એમ. દેસાઈ | ➡ | સીનીયર ટ્રસ્ટી |
| ૨. શ્રી દર્શનકુમાર એ. દેસાઈ | ➡ | મેનેજિંગ ટ્રસ્ટી |
| ૩. શ્રીમતી સુવર્ણાબેન એ. દેસાઈ | ➡ | ટ્રસ્ટી |
| ૪. શ્રીમતી સોનલબેન ડી. દેસાઈ | ➡ | ટ્રસ્ટી / સેક્રેટરી |
| ૫. શ્રી જગાભાઈ ગોપાળજી પટેલ | ➡ | ટ્રસ્ટી |
| ૬. શ્રી ગુલાબભાઈ જીવણભાઈ પટેલ | ➡ | ટ્રસ્ટી |
| ૭. શ્રી મહેશભાઈ એ. દેસાઈ | ➡ | ટ્રસ્ટી |
| ૮. શ્રીમતી ઝેબુન્નીશા એસ. | ➡ | ટ્રસ્ટી |
| ૯. જાહિદભાઈ એસ. પટેલ | ➡ | માનદ્ ટ્રસ્ટી |
| ૧૦. શ્રી રોનિશભાઈ પી. જૈન | ➡ | માનદ્ ટ્રસ્ટી |

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

**NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL**

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Shri M. R. Desai Arts and
Shri E. E. L. Kosadia Commerce College
Chikhli, Dist. Navsari, affiliated to Veer Narmad South Gujarat University,
Gujarat as

**Accredited**

with CGPA of 2.75 on seven point scale
at $B^+$ grade
valid up to October 29, 2022

Date : October 30, 2017

Director

# શુભેચ્છા સંદેશ / આશીર્વચન



''શિક્ષણનું કાર્ય માત્ર વિજ્ઞાન ઈતિહાસ, સાહિત્ય અને કલાની પ્રાપ્તિ નથી. પરંતુ વ્યક્તિત્વ વિકાસ અને મનુષ્ય ઘડતર તેના મુખ્ય ઉદ્દેશો છે.''

વ્યક્તિત્વ ઘડતર એ જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન વિદ્યાર્થીઓ અભ્યાસની દ્રષ્ટિ કેળવી રહ્યા હોય છે. આ કાળ દરમ્યાન સંચિત કરેલ માહિતી અને જ્ઞાનનો યોગ્ય માર્ગે અમલીકરણ કરી સદગુણો અને સુટેવો કેળવી આદર્શ ઘડતર પામી શકાય છે. શૈક્ષણિક સંસ્થાઓ પાસે આવતા વિદ્યાર્થીઓ કોરી પાટી લઈને આવતા હોય, શિક્ષણ સંસ્થામાં શૈક્ષણિક તથા શિક્ષણેતર પ્રવૃત્તિઓ દ્વારા તેમના વ્યક્તિત્વિનો વિકાસ કરી તેમને યોગ્ય માર્ગે વાળવામાં આવે છે.

શિક્ષણ એ જ્ઞાનની જ્યોતને પ્રજ્વલિત કરતો યજ્ઞ છે. શિક્ષણનો હેતુ વિદ્યાર્થીને વાંચતો, વિચારતો તથા તે જે શીખ્યો છે તેનો જીવનમાં અમલ કરતા શીખે તે હોય છે. તથા અભિવ્યક્તિ તેને હ્રદયથી જીવતાં શીખવે છે. શિક્ષણ સૂક્ષ્મ રીતે વિદ્યાર્થીને મન અને હ્રદયના સંતુલનમાં રાખી જીવનમાં શ્રેષ્ઠતાના પાઠ ભણાવે છે.

આ સંસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કરવા આવેલો વિદ્યાર્થી વિદ્યાસંસ્કાર સાથે જીવનસંસ્કારનું ભાથું પ્રાપ્ત કરીને જાય છે. દરેક વિદ્યાર્થી જીવનના હરકદમે સફળતા પ્રાપ્ત કરી જીવનપથને ઉજ્જવલ બનાવે, કોલેજને અને દેશને ગૌરવ બક્ષે એવી શુભેચ્છા પાઠવું છું.

**શ્રી અરવિંદભાઈ દેસાઈ**<br>
ટ્રસ્ટી<br>
વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ,<br>
ચીખલી.

# શુભેચ્છા સંદેશ



### ''જો પલટ દે હિમાલય કો ''યુવાન'' ઉસી કો કહતે હૈ ।

વિશ્વના તમામ દેશોમાં આપણો ભારત દેશ યુવાનોના દેશ તરીકે અગ્રસ્થાને છે, યુવાનો ધારે તે દિશામાં દેશને વિકાસની ગતિ તરફ દોરી શકે છે. તો હે યુવાનો ! ઊઠો, જાગો અને દેશને પ્રગતિના પંથે લઈ જવાના ધ્યેય સાથે કાર્યરત રહો.

'યુવાન' એટલે શક્તિનો પ્રચંડ ધોધ, અનીતિને ત્યજી નીતિપરાયણ બની, સકારાત્મક વિચારોથી સદ્કાર્યો કરી, આગળ વધી, સમાજ અને દેશને યોગ્ય માર્ગે વાળે તે સાચો યુવાન. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ સાચું કહ્યું છે કે,

''ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ''

યુવાનો ધારે તો સમાજની અને દેશની તાસીર બદલી શકે છે. યુવાશક્તિ એ યુગશક્તિ છે. શૌર્ય અને સાહસથી તરવરતા યુવાનો દેશનું મહામૂલું ધન છે આ યુવાનોને ઘડવાનું કામ શાળા-મહાશાળાઓમાં થતું હોય છે. યુવા-શક્તિને યોગ્ય માર્ગે વાળી, સાચો રાહ દર્શાવી તેનો સમગ્રલક્ષી વિકાસ સાધવાનું ભગીરથ કાર્ય આપણી સંસ્થા કરી રહી છે. તો હે યુવાનો ! ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો !

**શ્રી દર્શનભાઈ દેસાઈ**
મેનેજિંગ ટ્રસ્ટી અને ચેરમેન
વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ,
ચીખલી.



## આચાર્યાની કલમે ....

**પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ**

"Work in the invisible World
atleast as hard as you do in the Visible...
Wherever you Stand, be the Soul of that Place..."

- Rumi

ઈશ્વરની હાજરી સ્થળ કાળ અને સમયથી પર છે - તે સર્વવ્યાપી, સર્વગ્રાહી, સર્વેશ્વર છે. પરમેશ્વરના અનુગ્રહથી અને સંસ્થાના આદ્યસ્થાપક આદરણીય મોહનકાકાના દિવ્ય અભિમન્ત્રણ અને વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટના સામંજસ્યથી સંસ્થા સદા વર્ધમાન છે. સિદ્ધિ માત્ર સાધના પર આધાર રાખતી નથી, પણ પોતાના સત્ત્વ પર આધારિત છે. સત્ત્વશીલ બનવા માટે જાતને કસોટીએ ચઢાવવાની હોય છે. આત્માના સ્પંદનોને રોકી રાખતો ભય હટાવવા આપણે ગતિ કરીએ છીએ. ગતિ એટલે જ ભયમુક્તિ. ચરણ હોય ત્યાં ગતિ હોય છે અને વિશ્રંભ અમોઘ ગતિ હોય ત્યારે રસ્તો ખુટતો નથી. સંસ્થાની યાત્રા અવિરત અગ્રગમન ગતિમાન છે. ત્યારે વર્ષ ૨૦૧૬-૨૦૧૮ નું સંવૃદ્ધિ ગતિ વૃત્તાંત આપના કર કમલમાં મૂકતાં મુદિત-આનંદિત - ગૌરવાન્વિત છું.

વર્ષ ૨૦૧૬ - ૧૭, ૨૦૧૭ - ૧૮ નો પ્રારંભ વિશ્વવ્યાપી યોગ દિવસથી થયો. વર્ષ ૨૦૧૬ - ૧૭ માં સ્નાતક કક્ષાએ ૯૫૪ અને અનુસ્નાતક કક્ષાએ ૨૬૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો. ૨૦૧૭ - ૨૦૧૮ ના વર્ષમાં સ્નાતક કક્ષાએ ૯૩૫ અને અનુસ્નાતક કક્ષાએ ૨૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમકક્ષ પરિણામ ધરાવતી આપણી સંસ્થામાં ગત વર્ષે કુ. ધર્મીષ્ઠા પટેલે અંગ્રેજી વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ ચાનનમલ શાહની પારિતોષિક પ્રાપ્ત કર્યું. કું. કાજલ પટેલે સંસ્કૃત વિષયમાં છગનલાલ તિજોરીવાલા પારિતોષિક પ્રાપ્ત કર્યું.

વનની વાતાનુકૂલ દ્રુતગતિ વૈશ્વિક ઓળખ ધરાવનારી દિકરી સરિતા ગાયકવાડે રાષ્ટ્રીય કક્ષાએ ૭૭ મી યુનિવર્સિટી મીટમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી સંસ્થા તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. સંસ્થા ગૌરવાન્વિત છે કે તેણે રાષ્ટ્રને સરિતા જેવી ખેલાડી આપી છે. જે ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, પોલેન્ડ જેવા વિશ્વના અનેક દેશોમાં સંસ્થા, યુનિવર્સિટી અને રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

વર્ષ ૨૦૧૭ માં સંસ્થામાં રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. કાઉન્સીલ ફોર ટીચર્સ એજયુકેશનના સહયોગમાં **"Education for Holistic Development"** વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી ગુજરાતી વિષયમાં **"દક્ષિણ ગુજરાતના સર્જકોનું યોગદાન"** વિષયક રાજયકક્ષાનો પરિસંવાદ યોજાયો. સંસ્થા ઉપરોકત બન્ને સહયોગીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

સપ્તધારા, સ્વામી વિવેકાનંદ મંચ, **NSS**, અક્ષયપાત્ર, **Red Cross**, સાહિત્ય અને વાદસભા જેવી અનેક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ વર્ષભર પ્રવૃત્ત રહ્યાં. **SPIPA** અને સૌરભ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીને સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન મળતું રહ્યું.

માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી અને અનેક પ્રબુદ્ધ મહાનુભવોએ શ્રી દર્શનભાઈ દેસાઈ દ્વારા પરિસરમાં આયોજિત શારદા ફાઉન્ડેશનના વિધવા બહેનો માટેના ઉત્કર્ષના કાર્યક્રમમાં હાજર રહી શારદા ફાઉન્ડેશનના સમાજ સેવાના કાર્યોને બિરદાવ્યા હતા અને કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્ર સરકાર ના અનુદાનથી આપણે સંસ્થાને વધુ સુવિધાસભર બનાવી શક્યા છે. **UGC Plan Head** ૩૫ અને ૩૧ હેઠળ સંસ્થાને અનુદાન પ્રાપ્ત થયું અને તેનો નીચે મુજબ કાર્યક્ષમ ઉપયોગ થયો.

## UGC 12TH Plan Head 35 & 31

| No | Particulars | Amount |
|---|---|---|
| 1 | Books Journals and Library equipments | 3,00,000 |
| 2 | Equipments | 7,50,000 |
| 3 | Instrument Maintenance | 1,00,000 |
| 4 | Improvement in existing premises | 1,00,000 |
| 5 | Education innovation & ICT in education | 3,00,000 |
| 6 | Instrument Maintenance | 1,00,000 |
| 7 | Field Activity | 25,000 |
| 8 | Contingency | 1,00,000 |
| 9 | Career Counseling Skill development | 1,63,074 |

**ICT Learning** ની સુવિધા, **BISAG** કાર્યક્રમ નીહાળવા **LED TV**, દરેક માળ અને જીમખાનામાં વોટર પ્યુરીફાયરની સુવિધા વિદ્યાર્થીઓ માટે આપણે ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. મુખ્ય ભવનમાં બે અદ્યતન સભાગૃઓનું નવીનીકરણ થયું. સંકુલના ભવનોના રંગ-રોગાનથી પરિસરનું આવકારભર્યું સ્મિત સ્પષ્ટ દેખાવા માંડ્યું. **BAOU** ના અલાયદા ભવનનું નવીનીકરણ થયું. રમત-ગમતના મેદાનને વધુ વિશાળ અને હરિયાળું બનાવવામાં આવ્યું. પરિસરને વધુ પર્યાવરણ અનુકૂળ બનાવાયું, વધુ ફુલ, ઝાડ અને રોપા વાવવામાં આવ્યા. રિલાયન્સના ફ્રી **WI-FI** માટેની પરિયોજનાનું ક્રિયાન્વયન કરવામાં આવ્યું.

કોલેજ પરિવારમાંથી પ્રા. વસંતભાઈ, પ્રા. રમીલાબેન, પ્રા. મીનુબેન સેવાનિવૃત્ત થયા છે. તેમના નિરામય જીવન માટે હાર્દિક શુભેચ્છા કેન્દ્ર સરકારના ઉચ્ચ શિક્ષણની વિશેષ શિક્ષણ ગુણવત્તા સુધારણાના આયામ રૂપે આઈ.ક્યુ.એ.સી. ની રચના થયેલી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ ડૉ. આર. જી. કોઠારી, શ્રી અશ્વિનભાઈ કાપડીયા, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના નિયામક ડૉ. લિન્ડા ડેનિશ, ગુજરાતી સાહિત્ય જગતમાં ખૂબ જાણીતા ડૉ. મણિલાલ હ. પટેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખા અધ્યક્ષ પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈ, વાણિજ્ય વિદ્યાશાખા અધ્યક્ષ પ્રિ. ડૉ. જયંતિભાઈ નાયક, શિક્ષણ વિદ્યાશાખા પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયક, મેજર ઉન્મેષ પંડ્યા, પ્રા. ડૉ. એ.સી. દેસાઈ, પ્રા. વર્ષાબેન પટેલ વગેરે તજજ્ઞોએ આપણા આત્મબળને વધાર્યું.

બિંદુ બિંદુ મળે ત્યારે સિંધુ થાય આ ઉક્તિ રાજય અને રાષ્ટ્રીય કક્ષાના સંસ્થાના પરીક્ષણમાં સિધ્ધ થઈ. આપણા સૌના સંઘ બળથી આપણે **AAA** અને **NAAC** માં ઉત્કૃષ્ટ દેખાવ કરી શક્યા. **AAA** ના પરીક્ષણમાં પ્રા. ડૉ. આર. એસ. પટેલ, ડૉ. વિમલ જોષી, ડૉ. બકરાનીઆએ **NAAC** પૂર્વે પરીક્ષણની સાથે સાથે **NAAC** માટે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું. **NAAC** માં રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનો પ્રોફેસર ડૉ. વસંતરાવ ચૌહાણ, ડૉ. અનિરુધ્ધન, ડૉ. સુબ્બરાયડુ સંસ્થાના નિરીક્ષણ માટે આવ્યા. તેઓ સંસ્થાની સુંદર છાપ લઈ અને તેમની પ્રભાવશાળી અસર પ્રસારી ગયા.

**NAAC** માં ૨.૫૦ ગુણાંકન પ્રાપ્ત કરનાર સંસ્થા માટે ભારત સરકાર, કેન્દ્રની **MHRD RUSA** ની બે કરોડ સુધીના અનુદાનની જોગવાઈ છે. આપણી સંસ્થાના **NAAC** માં **2.75 B+** ગુણાંકન હોવાથી આપણે આ **RUSA** ની યોજનાથી લાભાન્વિત થયા અને સંસ્થાના વણથંભ્યા વિકાસ માટે પ્રયત્નશીલ છીએ. આપણા આગામી મુખ્ય આયોજનોમાં અદ્યતન ક્રિકેટ સ્ટેડિયમનું નિર્માણ, પરિસરના ઉદ્યાનોનું નવીનીકરણ, વધુ વર્ગો ખંડોનું નવીનીકરણ, પુસ્તકાલયને અદ્યતન બનાવવું, પરિસરમાં શૌચાલયોને વધુ સહુલિયતવાળા બનાવવા, મુખ્ય ભવનમાં સ્ત્રીઓ માટેના શૌચાલયને સુવિધા સભર બનાવવું.

અમારી વણથંભી વિકાસયાત્રામાં જે સર્વે સહભાગી થયા છે તે સર્વે પ્રતિ કૃતજ્ઞતા વ્યકત કરી વિરમું છુ.

### कदम मिलाकर चलना होगा

बाधाएँ आती हैं आएँ
घिरे प्रलयकी घोर घटाएँ,
पाँवों के नीचे अंगारे,
सिर पर बरसे यदि ज्वालाएँ,
निज हाथों में हँसते - हँसते,
आग लगाकर जलना होगा ।
कदम मिलाकर चलना होगा ।।

हास्य रुदन में, तूफानो में,
अगर असंख्यक बलिदानों में,
उद्यानों में, वीरानों में,
अपमानो में, सम्मानों में,
उन्नत मस्तक उभरा सीना,
पीडाओंमें पलना होगा ।
कदम मिलाकर चलना होगा ।

उजियारे में, अंधकार में,
कलकहारमें बीचधार में,
घोर धृणा में, पूतप्यारमें,
क्षणिक जीत में दीर्घ हार में,
जीवनके शत - शत आकर्षक
अरमानों को जलना होगा ।
कदम मिलाकर चलना होगा ।

सम्मुख फैला अगर ध्येय पथ
प्रगति चिरंतन कैसा इति अब
सुस्मित हर्षित कैसा श्रम,
असफल, सफल समान मनोरथ,
सबकुछ देकर कुछ न मांगते
पावस बनकर ढलना होगा ।
कदम मिलाकर चलना होगा ।

स्व. अटलबिहारी बाजपेयी

# NAAC Peer Team Visit

## Date. 11, 12 September - 2017

**Prof. K. B. Subbarayudu**
(Former Registrar & Professor
Rashtriya Sanskrit Sansthan
(Deemed University) ,
Kot Bhalwal, J & K)
Principal

**Dr. Vasant M. Chavan**
(Former Pr--vice Chancellor, Shivaji
University & Fomer Director, Bharati
Vidyapeeth University, Institute of
Management, Kadamwadi, Kolhapur)

**Dr. B. Anirudhan**
Principal
Nehru Arts & Science College
Thirumalayampalayam,
Coimbatore - 641105,
Tamil Nadu
































CHIKHLI
NAAC-PEER TEAM VISIT





SHRI M.R.DESAI ARTS &
CHIKHLI
TEAM VISIT




SHRI M.R.DESAI ARTS &
SHRI E.E.L.K. COMMERCE COLLEGE CHIKHLI
MANAGED BY
VIMAL UCHCHATAR KELAVANI TRUST
AFFILIATED TO
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT
NAAC
Exit Meeting
DATE : 12 SEPTEMBER 2017








NAAC






SHRI M.R.DESAI ARTS &
E.E.L.KOSADIA COMMERCE COLLEGE

# AAA Peer Team Visit

**Date. 22, 23 March - 2017**

**Dr. Vimal Joshi**
Principal,
Shri R. K. Parikh Arts &
Science College, Petlad
Member Co-ordinator

**Dr. R. S. Patel**
Professor & HOD
Department of Education
Guj. Uni. Ahmedabad
Member Co-ordinator

**Dr. B. M. Bakrania**
I/C Registrar,
Krantiguru Shyamji Krishna
Varma Kachchh Uni.
Kachchh Member

































# પ્રવૃત્તિલોક








COMMERCE COLLEGE,CHIKHLI
MENAGED BY VIMAL UCHCHATTAR KELAVNI TRUST
TABLET DISTRIBUTION PROGRAMME 2017-18
વિતરણ
Date :-






Professional Studies, Chikhli
Coordinately Celebrates
INTERNATIONAL YOGA DAY


























# IT TAKES BOTH SIDES TO BUILD A BRIDGE.

- Fredrik Nael





## OUR VISION :

- Educating to integrate economic, social, political and spiritual wellness and holistic development in improving quality of life for tribal and non tribal people of this area.
- To provide meaningful and relevant educational oppurtunities to people of tribal belt.
- To make quality education assesible to maximum people of the tribal belt.

## OUR MISSION :

- Transforming lives of tribals through learning
- To empower the deprived, remote and sparsely located tribal belt by educating them.

SHRI M.R.DESAI ARTS AND E.E.L
KOSADIA COMMERCE COLLEGE CHIKHLI

- To import education without distinction of caste, creed and community.
- To promote ICT and start new need based programs in era of globalization.
- To aim at holistic development of students, to make them responsible citizens of nation.

# પુસ્તક સાચો મિત્ર

જાદવ સ્નેહાલી બી.
ટી.બી.એ. ગુજરાતી

**''જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.''**

પુસ્તક માનવ જીવનનું પ્રતિબિંબ છે અને સર્વ પ્રવાહથી તદ્દન વંચિત હોય તેવો માનવ સમાજ દુર્લભ છે. 'સંગ તેવો રંગ' એ કહેવ માણસની જેમ પુસ્તકોની બાબતમાં પણ સાચી છે. મિત્રોની જેમ પુસ્તક પણ માનવીનાં ઘડતરમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સારા મિત્રની જેમ પુસ્ત પણ માનવીને સુખ કે દુ:ખમાં સાથ, સહારો અને સાંત્વન આપે છે.

પુસ્તક સાથેની મૈત્રી માનવીના જીવન ઘડતરમાં ઘણી ઉપયોગી છે કેટલાંયે લોકોના જીવનમાં પુસ્તકોના વાચનથી મોટું પરિવર્તન આવ્યું છે રસ્કિનનો "Unto the Last" નામના પ્રસિધ્ધ પુસ્તકમાંથી ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી. ગીતા અને બાઈબલ જેવા પુસ્તકો દ્વા જ જગતના લોકોને ઉદાત્ત જીવનની પ્રેરણા મળતી રહી છે. રામાયણ, મહાભારત અને ભાગવત જેવા પુસ્તકોએ ભારતીય સંસ્કૃતિને ટક રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

જીવનમાં સુખ દુ:ખના સાથી તરીકે પુસ્તક ઉત્તમ ગણાય છે. મહાન વ્યક્તિઓના જીવન ચરિત્રના વાંચનથી માનવીને આપત્તિમાં શાંતિ અ ધીરજની પ્રેરણા મળે છે. સારા પુસ્તકોનું વાંચન જીવનની દરેક મૂંઝવણનો માર્ગ કાઢી આપે છે. તેથી તો ગાંધીજી કહેતા કે,
''જ્યારે જ્યારે મને મૂંઝવણ થાય છે, ત્યારે ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવું છું.''

પુસ્તકોના વાંચનથી માનવી તેનામાં રહેલી વિવિધ શક્તિને પ્રગટ કરી શકે છે. તેની જીવનને જોવાની દષ્ટિ વિશાળ બને છે. 'સરસ્વતીચં અને માનવીની ભવાઈ જેવા પુસ્તકો સમાજ જીવન અને માનવભાવોનું ઊંડુ દર્શન કરાવે છે. પુસ્તકો સાથે મૈત્રી રાખનાર માનવીને કદી એકલ સાલતી નથી. વળી પુસ્તકો મનુષ્યનો જીવનમાં ઊંચા મૂલ્યોનું સિંચન કરી સદીઓ સુધી તેને દોરવણી આપે છે.

પુસ્તકોની અગત્યતા દર્શાવતા સ્વામી વિવેકાનંદ કહ્યું છે.

''પુસ્તકો અસંખ્ય છે અને સમય અલ્પ છે, તેથી તેનું જ્ઞાન મેળવવાનું સાચું રહસ્ય એ છે કે જ્યાં જે જરૂરી હોય તેનો સારાંશ ગ્રહણ ક લેવો. માનવીએ પુસ્તકમાંથી જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ."

આજનો યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ છે. લોકોમાં વાંચન પ્રત્યેની રુચિ ઘટતી જાય છે. એ એક ચિંતોનો વિષય છે. આજે પુસ્તકો ઉપયોગ કબાટની શોભા વધારવા પૂરતો જ રહ્યો છે. પુસ્તકાલયોમાં વાચકોની સંખ્યા ઘટતી જાય છે આમ છતાં સારા પુસ્તકો વાંચનારાઓની ક કમી નથી.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કહ્યું છે. ''આપણું વાંચન એ આપણું ખરું પ્રતિબિંબ છે માનવમિત્રોથી તો આપણે અળગા થઈ જઈશું પુસ્તક મિત્રો તો જીવનની પ્રત્યેક લીલી-સુકી વખતે આપણી સાથે જ રહેશે. મૃત્યુ જેવા જીવનના દુ:ખદ પ્રસંગને પણ પુસ્તકો હળવો બનાવે છે.

આમ સદવાચન માનવીના સંસ્કારોને પોષે છે. અને આત્માને અજવાળે છે. ઉચ્ચતાના શિખરે લઈ જાય છે. કુવાંચન માનવીને અવનતિ ખાઈમાં ફેંકી દે છે. જીવનને સમૃધ્ધ, સુખમય બનાવવા તથા પ્રગતિ સાધવા દરેક માનવીએ ઉમદા વિચાર પ્રેરક અને ગંભીર પુસ્તકોનું વાંચન ક જોઈએ.

પુસ્તકોનું મહત્ત્વ દર્શાવતા એક જગ્યાએ લખ્યુ છે.

''નાનું સરખુ ફૂલ દૂર સુધી
સુગંધ ફેલાવી શકે,
નાનકડું કોડિયું જો ચોમેર સુધી
પ્રકાશ ફેલાવી શકે તો,
મનુષ્ય પુસ્તકના શ્રેષ્ઠ વાચક બની પોતાની પ્રતિભા
કેમ ન નિખારી શકે ?



# प्रवासस्य कथा रम्या

પટેલ સેજલ કે.
ટી.બી.એ. ગુજરાતી

ભોમિયા વિના મારે ભમવા' તા ડુંગરા
જંગલની કુંજ કુંજ જોવી હતી.....

આજના સ્પર્ધાત્મક યુગમાં માનવજીવન સરળ રહ્યું નથી. આજના માનવીએ અનેક પડકારોનો સામનો કરવો પડે છે. અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા આધુનિક માનવીએ જીવનને રસમય અને આનંદદાયક બનાવવા માટે પ્રવાસનો શોખ કેળવવો જોઈએ. કવિ ઉમાશંકર જોશીએ પ્રવાસનું મહત્ત્વ સમજાવતા કહ્યું છે.

''ઘરને ત્યજીને જનારને મળતી વિશ્વતણી વિશાળતા, પછવાડે અડવા થનારને ભરખે ઘર કેરી શૂન્યતા.''

પ્રવાસ દરમ્યાન વિવિધ ધાર્મિક, ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળોનો પ્રત્યક્ષ પરિચય થાય છે. વિવિધ સ્થળોને જોવાનો, જાણવાનો અને માણવાનો અમૂલ્ય લ્હાવો પ્રવાસ થકી જ માનવીને પ્રાપ્ત થાય છે. પ્રવાસ એ જીવનની કેળવણીનું માધ્યમ છે. પ્રવાસ થકી જ જુદા જુદા પ્રદેશોનું લોકજીવન ત્યાંની કળા કારિગીરી, શિલ્પસ્થાપત્ય, ધાર્મિક પરંપરા, જીવનશૈલી અને ભાષાનો પરિચય થાય છે. તાજમહેલનું વર્ણન અને તેનો ઈતિહાસ વાંચવા ને બદલે તેનું પ્રત્યક્ષ દર્શન કરવાથી તેની કલાનો સાક્ષાત્કાર થાય છે. આપણી સૌંદર્ય દ્રષ્ટિનો વિકાસ થાય છે. પ્રવાસ માનવીના જીવનરસને છલકાવી તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે. આથી જ કહેવાયુ છે કે.


''હું તો બસ ફરવા આવ્યો છું જીવનને ઘડવા આવ્યો છું.''

પ્રવાસ દરમ્યાન ઘર જેવી સુખ-સગવડો મળતી નથી એટલે અગવડો વેઠવાની ટેવ પડે છે. મહાન નિબંધકાર કાકાસાહેબ લખે છે.

''પ્રવાસ એટલે અગવડો વેઠવાની બાદશાહી ઢબ''

પ્રવાસ થકી માનવીને વિશાળ દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. વળી પ્રવાસ થકી જ સાહસિકતા, સહનશીલતા, ક્ષમા, ત્યાગ, સેવા, જેવા ગુણોનો વિકાસ થાય છે. પ્રવાસ થકી માનવીને ધાર્મિક અને નૈસર્ગિક સંપત્તિનો અનુભવ થાય છે. ધર્મ પ્રત્યેની રુચિ અને અધ્યાત્મ પ્રત્યેની દષ્ટિ વિશાળ બને છે. પ્રવાસનું માનવીના જીવનઘડતરમાં અમુલ્ય સ્થાન છે. તેથી જ કહેવાયુ છે.

ભોમિયા વિના મારે ભમવા' તા ડુંગરા
જંગલની કુંજ કુંજ જોવી હતી.....



# यकीन

अंधेरा कितना भी गहरा
और विशाल न हो, क्यूं
उसमें दिये को बुजाने की ताकात नही होती ।
अविश्वास का एक हल्का सा झौंका
दीये को बुजा देता है,
इसके विपरीत,
दीया कितना भी छोटा क्युं न हो
वह अंधेरे को
दूर तक चीर देता है.
आज नहीं तो कल
जीतता वही है
जिसे यकीन है
कि वही जितेगा ।

*- कनुजा हिरल के.*
*टी.वाय.बी.ए.*

# ભારતની નારી

મુખથી મૌન રહેતી હોય,
આંખથી બધુ કહેતી હોય,
આંખ જેની રોજ ઢળેલી હોય,
સુંદરી બની સહુની વ્હાલી હોય,
સંસ્કારોનો એમાં પાર ન હોય,
નિકટતામાં તો ફુલની મહેક હોય,
ને બોલે તો કોયલની ગહેક હોય,
ઉપકાર કરી બીજાને મનાવી લે,
મેરુ જેવડાં દર્દને પણ દિલમાં સમાવી લે,
એની કિસ્મત ભલે હારી હોય,
પણ એ જ ભારતની નારી હોય.

**- કુંવર દિપિકા આર.**
**ટી.વાય.બી.એ.**

# છે ગુરૂર

જોઈ મેં દુનિયા જ્યારે પહેલી વખત
લીધો તો જન્મ મેં તમારા જ માટે
સ્વર્ગ સુખ છોડી હું આવી ધરતી પર
રહેવા તમારા પ્રેમના છાયા નીચે
મારા માતા પિતાના પ્રેમના છાયા નીચે
મારા માતા પિતાનો પ્રેમ છે સાગરથી પણ ભવ્ય
નથી અનમોલ આ મોતીથી કોઈ
નથી મોલ કોઈ અજાઈબીનું જેના પાસે
છે એ એક માત્ર માતા પિતાનો પ્રેમ
મારા માતા પિતાનો પ્રેમ
ઝૂકે જેની પાસે ઈશ્વર પણ ખુદ
જેનો પ્રેમ છે હંમેશા અખૂટ
જેમાં માફીની નથી કદી પણ જરૂર
મને છે તેના પર ખૂબ જ 'ગુરૂર'
મને છે મારા માતા પિતા પર 'ગુરૂર'

**- મલિક હુશ્નુમા મેહમુદ**
**ટી.વાય.બી.એ.**

# સંસ્કૃત કથાઓમાં પુરાકલ્પનતત્ત્વ

– આશા કોળચા
ટી.વાય.બી.એ.

પુરાકલ્પન એટલે મિથ. મિથનું ક્ષેત્ર માત્ર ધાર્મિક માન્યતા કે ધર્મ નથી. સમાજમાં બનતી ઘટનાઓનું પ્રતિબિંબ મિથમાં જોવા મળે છે. સંસ્કૃતનો મૂળ ધાતુ મિથ પરથી આ શબ્દ તૈયાર થયો. જેના અર્થમાં કલ્પનાનું તત્ત્વ અને અનુભવનું ભાથું હોય છે. મિથ માનવની તમામ ક્રિયા, પ્રતિક્રિયાનો જીવનનો મુખ્ય વ્યાપાર છે. સમગ્ર માનવ જાતની કલ્પના, શ્રદ્ધા અને વિશ્વાસનો તે પાયો છે. મિથમાં માનવના શાશ્વત મનોભાવો ઇચ્છા, આકાંક્ષા, જીવનવ્યવહાર, માનવ પ્રકૃતિના બીજ પડયા છે.

પ્રાચીન કાળમાં ચમત્કાર અને શ્રદ્ધા થકી મિથનો જન્મ થયો. તેની સાથે ધર્મ, સમાજજીવન, ભાષાવિજ્ઞાન, મનોવિજ્ઞાન પણ સીધી રીતે જોડાયું. અલૌકિક ઘટનાઓમાં માનવ સમાજનો કોઇક ને કોઇક અનુભવ એમાં વ્યંજિત થયો. સાચા અર્થમાં મિથ માત્ર દૈવિક કે ચમત્કારિક પ્રાકૃતિક ઘટના નથી પરંતુ એમાં માણસના જીવન અને મૃત્યુ, નકારાત્મકતા તથા સકારાત્મકતા, શાંતિ અને યુધ્ધ જેવા તત્ત્વો ભળે છે. મિથ જે તે પ્રદેશની અસ્મિતાની સાથે સંસ્કૃતિને ટકાવનારું પણ પરિબળ બને છે. વેદમાં અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. જેમાં સત, અસત, આંતર વિરોધી તત્ત્વો જોવા મળે છે. આ મિથમાંથી સમયાંતરે નવીન નવીન સત્યની ઝાંખી પ્રાપ્ત થાય છે. પ્રાચીન કથાઓના મૂળમાં જેટલા ઊંડા ઉતરીએ તેટલું નિત નવીન નવનીત પ્રાપ્ત થાય છે.

વેદની કથાઓમાં પુરુરવા અને ઉર્વશી ની કથા પ્રાપ્ત થાય છે. તો સાથે સાથે પણિ અને સરમા ની કથા પણ મળે છે. એક કથામાં મનુષ્ય અને દૈવી તત્ત્વ છે. બીજી કથામાં મનુષ્ય અને પશુ જગત જોવા મળે છે. બંને કથા દ્વારા પ્રકૃતિના રહસ્યોનું ઉદ્‌ઘાટન થાય છે. પુરુરવા અને ઉર્વશીની એ જ કથા જ્યારે પુરાણ, મહાભારત માંથી કાલિદાસની કૃતિમાં ઊતરી આવે છે ત્યારે એમાં લેખક અનોખી રીતે માવજત કરી તેના સ્વરૂપને પરિવર્તિત કરે છે. કાલિદાસે વેદની ઉર્વશીના અપ્સરા તત્ત્વને ગાળી નાંખી મનુષ્ય તત્ત્વને ઉમેર્યું. એનામાં સ્ત્રી સહજ માતૃત્વને જાગૃત કર્યું. અને તે માટે ઉર્વશીના શ્રાપની ઘટના ઉમેરી. અપ્સરા ઉર્વશી પોતાને વરુ જેવા હૃદયવાળી સ્ત્રી દર્શાવી સ્ત્રી પર વિશ્વાસ મૂકી ન શકાય એમ પ્રતિપાદિત કરે છે. તો કાલિદાસ એ જ સ્ત્રીના સ્વરૂપને વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂકી સમષ્ટિગત પ્રેમનું સૌંદર્ય આરોપિત કરે છે. પુરુરવા પત્નીને પ્રાપ્ત કરવા તેની પાછળ સમર્પિત થઈ જાય છે. વેદની નાયિકા તેને છોડીને જાય છે. અને તેને પુનઃ પ્રાપ્ત કરવા ઈન્દ્રના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. લેખક કાલિદાસ આ અંત સુધી લઈ જવા માટે ઉર્વશીના પ્રેમની કસોટીના ભાગરૂપે વિરહ અવસ્થાનું નિર્માણ કરે છે. સ્ત્રી સહજ ઈર્ષ્યાથી વનમાં પ્રવેશી ગયેલી ઉર્વશીને પ્રાપ્ત કરવા માટે વિરહ ગાન કરતો પુરુરવા પ્રાપ્ત મણિ દ્વારા નાયિકાને પુનઃ પ્રાપ્ત કરે છે. ઉર્વશી પતિની એકમાત્ર આતુર નજરને કારણે પતિ પર શંકા કરે છે. અને ફળ સ્વરૂપે બંનેના વિરહમાં પશ્ચાતાપનો ભાવ નજરે પડે છે.

વેદની આ કથા અનેક પરિવર્તનોથી સમાજનું દર્શન કરાવે છે. એ જ પ્રમાણે પણિ અને સરમા ની કથા પણ માનવ સહજ સ્વભાવનું ચિત્ર સ્પષ્ટ કરે છે. ભૂતકાળ સાથે સાંપ્રત સમાજને જોડતી આ કથા માનવ સ્વભાવનું દર્શન કરાવે છે. દેવોની ગાયો ચોરી લેનાર પણિ જેવા અનેક મનુષ્યો સજ્જનોના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરે છે. તો સરમા જેવા પાત્રો સત્કર્મની દિશામાં કર્મરત થાય ત્યારે વિવિધ પ્રકારની લાલચથી દોરવાઈ જાય છે. અંતે આત્મતત્ત્વ જાગૃત થતાં તે પુનઃ સતમાર્ગે આવે છે શકુંતલાની કથા પણ કંઈક આવી જ છે. મિથ તત્ત્વમાં સામાજિક સત્ય છે. સાચું કહીએ તો માનવ જીવનના સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો ઐતિહાસિક દસ્તાવેજ મિથ તત્ત્વમાં સમાયેલ છે.

# વૈષ્ણવજન

– પાટીલ કાજલ એસ.
એફ.વાય.બી.કોમ.

વૈષ્ણવજન તેને કહેવાય જેને મોહમાયામાં આસક્તિ હોતી નથી. જેના અંતરમાં દઢ વૈરાગ્ય હોય છે. જેને રામના નામની લગની લાગી છે. એવા વેષ્ણવજનની ભીતરમાં જ સઘળાં તીર્થ રહેલાં છે. વેષ્ણવજનના અંતરમાં દઢ વેરાગ્ય હોય છે અને એને રામનામની એવી લગની લાગી હોય છે કે સંસારના કોઈપણ ભૌતિક પદાર્થો એને લલચાવી શકતા નથી. આથી વૈષ્ણવજન મોહમાયામાં ફસાતો નથી.

જ્યારે જ્યારે તીર્થ, રામનામ અને વૈરાગ્ય જેવા શબ્દો કાને પડે ત્યારે આપણે સીધા સંસારત્યાગી બાવા બની જવાનું વિચારીએ. કૃષ્ણ નરસિંહ કે ગાંધીજી એ બાવાઓ ન હતા પણ સંસારી હતા. સંસારના નિયમ અનુસાર જોઈએ તો દઢ વૈરાગ્ય એટલે પૂજાપાઠ નહિ પરંતુ વૈરાગ્ય એટલે એક ચિત્તે પોતાનાં ધ્યેયને પ્રાપ્ત કરવાની ઈચ્છા. કોઈને પુરેપુરાં જાણ્યાં વિના તેની જીંદગીમાં દખલગીરી કરવી એ વૈષ્ણવજનનું કામ નથી. પ્રકૃતિમાં રહેલાં પ્રભુની સાથે હાથ મિલાવો પછી બાકીના દુઃખ દર્દ સહન કરવાની તાકાત આવી જશે. જો આપણે આ દિશામાં એકાદ ડગલું ચાલીએ તો સ્વ સાથે દેશની ઉન્નતિ થાય.

વૈષ્ણવજનની પવિત્રતાં એના મન, વાણી અને કર્મમાં એટલે કે એના વ્યવહારમાં જોવા મળે છે. એનું જીવન નિર્મળ અને નિષ્પાપ છે. એનું હૃદય મોહ-માયા અને કામ-ક્રોધથી પર થયેલું છે. એના અંતરમાં દઢ વૈરાગ્ય છે. એ પરસ્ત્રી તરફ ક્યારેય કુદષ્ટિથી જોતો નથી. એને લોભ નથી કે છળકપટ નથી. એણે કામ ક્રોધ જેવી અનિષ્ટવૃત્તિઓ પર વિજય મેળવ્યો હોય છે. એ દષ્ટિએ જોતાં વૈણવજનનું જીવન પવિત્ર છે. ચાલો આપણે વૈષ્ણવજન બનીએ.

# ગુરુશિષ્ય સંબંધ

– કાજલ બી. પટેલ
એમ.એ. સંસ્કૃત

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ઉચ્ચતમ રહેલું છે. શિક્ષણના ચાર સ્તંભોમાં ગુરુ, શિષ્ય, વિદ્યા અને શિક્ષણ પદ્ધતિનો સમાવેશ થાય છે. એમાં પણ ગુરુ સર્વપ્રથમ સ્થાને વિરાજમાન છે. ગુરુ વિના શિષ્યનું કલ્યાણ ક્યારેય સંભવિત નથી. કહેવાયું છે

ગુરુ વિના જ્ઞાન ન નીપજે, ગુરુ વિણ મીટે ન ભેદ
તાકો પદ વંદન કરું, જય જય શ્રી ગુરુદેવ

આપણા શાસ્ત્રોમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને પરબ્રહ્મ સ્વરૂપે આરાધિત કરાય છે. શિક્ષણ પ્રણાલી પ્રાચીન હોય કે અર્વાચીન ગુરુ શિષ્યના સંબંધમાં ક્યારેય ભેદ જોવા મળ્યો નથી. તેથી જ ગુરુનો મહિમા આપણા શાસ્ત્રોમાં વર્ણવાયો છે. ગુરુ વિદ્યાર્થી માટે ઉપદેશ દેહવિદ્યા, આત્મવિદ્યા સાથે વ્યવહાર વિદ્યાનું પણ જ્ઞાન કરાવે છે. તેથી જ નિત્ય શિષ્યએ ગુરુ પાસે જઈ શ્રધાપુર્વક, નિષ્ઠાપૂર્વક વિદ્યાર્જન કરવું રહ્યું. ગુરુ પ્રત્યે જો શ્રધ્ધા ના હોય તો તે વિદ્યા પ્રાપ્ત થાય ખરી પણ એ મુક્તિદાતા ન બને. કૃષ્ણ પણ કહે છે કે હે અર્જુન ! જે શ્રદ્ધાવાન છે તે જ જ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને જેને આ જ્ઞાન પ્રાપ્ત થાય તે વસીઆત્મા શાશ્વત શાંતિને સદ્ય પ્રાપ્ત કરે છે. શિષ્યએ ગુરુ પાસે પ્રણિપાત દ્વારા, પરિપ્રશ્ન દ્વારા, સેવા દ્વારા કે જિજ્ઞાસા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની અપેક્ષા રાખવી જ જોઈએ.ગુરુ સેવા થકી પણ જ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું સ્વયં શાસ્ત્રોકહે છે.

ગુરુ અંધકારમાંથી બહાર લાવનાર પ્રકાશના પુંજની પ્રતિતી કરાવનાર પરંતત્વનું બીજું સ્વરૂપ છે. ગુરુનો મહિમા અનેક સ્થાને પ્રાપ્ત થાદછે. આપણી ભારતીય સંસ્કૃતિ સર્વજ્ઞાનના મૂળાધારરૂપ વેદોમાં ગુરુ શબ્દનો આચાર્ય સ્વરૂપે સ્વીકાર કરે છે. ગુરુ શબ્દનો ગકાર કે રકાર કે ઉકાર દરેક વર્ણમાં શિવ, વિષ્ણુ અને બ્રહ્મા નો નિવાસ સ્વીકારે છે. ગકાર થકી જ્ઞાનની સંપત્તિ પ્રાપ્ત થાય છે. ઉકાર શિવ તત્વની પ્રાપ્તિ કરાવે છે. રકાર પાપનો નાશ કરી સત્વની પ્રકાશની ગતિ તરફ દોરી જાય છે. આથી જ નિત્ય ગુરુ પાસે જઈ તેમના ઉપદેશનું મનન, ચિંતન અને અધ્યયન કરતાં રહેવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પ્રકારના ગુરુઓ દર્શાવાયા છે. જેમકે, ચંદગુરુ, વિચારગુરુ, સ્પર્શગુરુ, અનુગ્રહગુરુ, કર્મગુરુ, ચંદ્રગુરુ, દર્પણગુરુ, ક્રૌંચગુરુ. પરંતુ આ સર્વથી વિશેષ છે આધ્યાત્મિક ગુરુ. આ ઉપરાંત વૈદિક ગુરુ અને લૌકિક ગુરુના મહિમા ગાન પણ સાંભળવા પ્રાપ્ત થાય છે. સાચા ગુરુ તે છે જે નિષ્પાપ, કામશૂન્ય બ્રહ્મવેત્તા, શાન્ત, દયાર્દ્ર, સજ્જન, મેધાવિ, વિદ્વાન હોય.

ગુરુ સમક્ષ જનારો શિષ્ય પણ સાચા અર્થમાં વિદ્યાનો અધિકારી હોય તો જ તે વિદ્યાને પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ ગુરુદ્રોહી, ગુરુએ ચિંધેલ કાર્યની નિંદા કરનારું કે નિંદાને સાંભળનારું કે ખોટી દલીલ દ્વારા પરિવાદ કરનારો શિષ્ય ગુરુજ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી.

# મહિલા પુરુષ કરતાં વધુ બળવાન

હુશ્નુમા એમ. મલિક
એસ.વાય.બી.કોમ

સ્ત્રી એ સમાજની આધારશક્તિ છે....ધારણ શક્તિ છે. સમાજને અને સંસ્કૃતિને નિરંતર આગળ વધારવનું મહાન કાર્ય એ કરે છે. કવિઓ એ સાચું જ કહ્યું છે, 'સંસારમાં બ્રહ્મકર્મી સર્જનહારી હોય તો તે છે જનની' જગતજનની મહિલામાં સાહસ અને હિંમત હોય છે તેથી એ માત્ર ઘર જ નહીં સામાજિક પ્રશ્નો પણ ઉકેલી શકે છે. ઈશ્વરે સૃષ્ટિ રચી પણ એનાથી બધે પહોંચી વળાયું નહીં એટલે તેણે માતાનું સર્જન કર્યું. એક સમય એવો હતો જ્યારે સ્ત્રી અબળા ગણાતી. પણ સમય બદલાયો ભારતના સામાજિક જીવનમાં બહુ મોટી ક્રાંતિ આવી અબળાઓ સબળા બની.

સ્ત્રી અબળા નથી. તે પોતાની શક્તિ સમજે તો પુરુષ કરતાંયે વધારે સક્ષમ છે. એ માતા થઈ બાળકને ઘડે છે, અને પત્ની થઈ પતિના સંસારને સાચવે છે. આજે માત્ર શબ્દોમાં અર્ધાંગિના કહેવાતી સ્ત્રીને જોઈને થાય કે સમાજના અડધા અંગને પક્ષપાત થયો છે. કોઈપણ સમાજ સ્ત્રીને પછાત રાખીને પ્રગતિ ન કરી શકે. ગાંધીજી પણ માનતા કે સ્ત્રી અને પુરુષમાં કુદરતી ભેદો છે. તેથી નિત્ય જીવનમાં તેમને બજાવવાની ફરજોમાંયે ભેદો હોય. છતાં બે વચ્ચે કોઈ ઊંચ કે નીચ નથી. પણ સમાજનાં સરખાં મહત્વનાં અને પ્રતિષ્ઠાપાત્ર અંગો છે. અત્યારે આપણા સમાજમાં કેટલાક અંશે દિકરીઓને અવતરવા જ ન દેવાની અને ભ્રૂણહત્યા કરવાની પ્રક્રિયા ચાલુ છે. સમાજ માટે આ અત્યંત ઘાતક બાબત છે અને પુરુષ અને સ્ત્રીની સંખ્યામાં....એના પ્રમાણમાં ભારે અસંતુલન સર્જાય એવી બાબત છે. ઉછેરવામાં અને કેળવવામાં દિકરા અને દિકરી વચ્ચે ભેદ કરી દિકરી પ્રત્યે ઓછી કર્તવ્યબુદ્ધિ રાખનાર માતા-પિતા પાપ કરે છે. જ્ઞાન અને શિક્ષણ માત્ર પુરુષો માટે જ નથી. દિકરા જેટલો જ દિકરીનો પણ અધિકાર છે દિકરીઓને ભણાવો.

સ્ત્રીઓને સદીઓ જુના બંધનોમાંથી મુક્ત કરો સમાજના ઉચિત સ્થાને તેમને ફરીથી સ્થાપિત કરી. રસોડાની ચાર દિવાલોની બહાર આણી સ્વમાન શીખવ્યું. બહાદુર અને ધૈર્યવાન બનાવવા તેમને માટે અનુકૂળ આવે એવા શિક્ષણની જરૂર છે. ન્યાયાલયે તેમના મિલકત માટેના દાવાને માન્ય કર્યો તેમને પુરુષોની સમાન ભૂમિકા પર મૂકી તથા તેમના મુક્ત વિકાસને રૂંધી રાખનારી રૂઢિઓ અને પ્રથાઓનો વિઘાતક બોજો દૂર કર્યો. સમાજ સુધારકો જગતના સૌથી મહાન સ્ત્રી ઉધ્ધારક હતા એવું લાગ્યા વિના નહીં રહે. સ્ત્રીઓને સમાજ જીવનમાં સ્વમાનભેર પ્રવેશ કરાવવાની દિશામાં તેમણે અથાગ પ્રયત્ન કર્યો. સ્ત્રી એટલે ત્યાગ અને તપસ્યાની સાક્ષાત મૂર્તિ જાહેર જીવનમાં તેમના પ્રવેશથી વાતાવરણની શુદ્ધિ અને બીજું મિલકત એકઠી કરવાનાં પુરુષના લોભ ઉપર અંકુશ: આવવા જોઈએ. તો અને તો જ સ્ત્રી ગૌરવ, સ્ત્રી સન્માન જળવાય.



# भक्तिकाल : हिन्दी साहित्य का स्वर्ण - युग

- प्रा. दक्षाबहन पी. पटेल
अध्यक्षा - हिन्दी विभाग

भक्तिव्यकी प्रधानता को लक्ष्य करके विद्वानोंने 14वीं शताब्दी से 16 वीं शताब्दी के मध्य भाग अथवा 17 वीं शताब्दी के प्रारंभ तकके हिन्दी साहित्यके इतिहासको भक्तिकाल कहा है। आचार्य रामचन्द्र शुक्लने भविष्यकाल का समय निर्धारण ई. 1318 से 1643 ई. तय किया है। यह काल ऐसा है जिसमें भक्तिविषयक रचनाएँ अधिक हुई। भक्तिकालीन रचनाएँ भावपक्ष और कलापक्ष दोनों द्रष्टिओंसे श्रेष्ठ है। ईश्वर की प्राप्ति अथर्वा अनुभूति, मुक्ति की प्राप्ति, मुक्तिका रहस्य जैसे विषयोकों लेकर लिखी गई इन रचनाओं का विषय मनुष्य जीवनकी सार्थकता पर प्रकाश डालता है, अत एव उत्तम है। भक्तिकालीन अनेक कवि ऐसे हैं जिनकी रचनाएँ कला दृष्टिसे भी उत्कृष्ट है। चाहे वह तुलसीदास का रामचरित मानस हो, सूरदास का सूरसागर हो या मलिक मुहम्मद जायसी का पद्मावत हो।

डॉ. श्यामसुंदरदासजी ने अपने 'हिन्दी साहित्य' में भक्तियुगके रससिद्ध कविओंकी भूरि - भूरि प्रशंसा की है। वे लिखते हैं... जिस युग में कबीर, जायसी, तुलसी, सूर जैसे रससिद्ध कवियों और महात्माओंकी दिव्यवाणी उनके अन्त:करणों से निकालकर देश को कोने - कोने में फैली थी, साहित्यके इतिहासमें सामान्यतः भक्ति युग कहते है। निश्चय ही वह हिन्दी साहित्यका स्वर्ण - युग है।

इस युगकी कविता राज्याश्रित न रहकर, स्वान्त: सुखाय लिखी गयी, जो अपनी पवित्र एवं निष्कपट व्यंजना से सिद्ध हुई। इस काव्यमें हमें कवियोंकी कलाके दर्शन होते हैं, जो बाहरी प्रलोभनों से मुक्त हैं। भक्तिकालके अधिकतर कवि भक्त पहले हैं, कवि बादमें। इसलिये भी इस काव्य में हृदय को छूने की शक्ति है।

हिन्दी भक्तिकाव्यको प्रमुख दो काव्यधाराओंमें विभाजित किया गया है, सगुणभक्ति काव्यधारा और निर्गुण भक्तिकाव्यधारा। सगुण भक्ति के प्रमुख दो कवि श्री राम की उपासना करनेवाले, श्रीरामकाव्य लिखनेवाले तुलसीदास, जिन्होंने मुख्य ग्रंथ रामचरित मानस लिखने के साथ "विनय पत्रिका", "कवितावली", "गीतावली", "दोहावली", "पार्वतीमंगल" जैसी अनेक रचनाएँ की।

रामचरित मानस तुलसी की कीर्तिका अमरस्तंभ है। भारतीय संस्कृतिके उज्जवल पक्षको लेकर चलनेवाले तुलसीका यह ग्रंथ भाव और कला दोनों की दृष्टि से उत्कृष्ट और अमर काव्य है। इसमें आदर्श की रक्षा की गई है। आदर्श गुरु, आदर्श माता - पिता, भाई, पत्नी, पुत्र, राजा, प्रजा एवम् आदर्श समाज का समग्र चित्रण मानस में मिलता है। रामभक्ति काव्यधारा का पूर्ण विकास, पूर्ण परिपाक तुलसीके रामकाव्य में हुआ है।

सगुणभक्ति काव्यधारा का दुसरा पक्ष कृष्ण भक्ति काव्यधारा है। इसके मुख्य कवि सूरदास है। महाप्रभु वल्लभाचार्य ने श्रीकृष्ण को परब्रह्म और दिव्यगुण सम्पन्न पुरुषोत्तम माना है। इनके पुष्टि संप्रदायमें अनेक वैष्णव दीक्षित हुए, जिन्होनें कृष्ण - भक्ति का प्रचार किया और कृष्ण काव्य लिखा। इनमें अष्टछापके कवि अधिक प्रसिद्ध हैं। कुंभनदास, परमानंददास, कृष्णदास, छीतस्वामी, गोविन्ददास, चतुर्भुजदास और नन्ददास एवम् सूरदास। सभी कवि अच्छे थे किन्तु सूर और नन्ददास विशिष्ट थे।

सूरदासकी रचनाओंमें सुरसागर, भ्रमरगीत अधिक प्रसिद्ध हैं। इनमें कृष्णकी बाललीलाएँ, गोप - गोपी लीलाएँ, योग मार्ग का खंडन, भक्तिमार्गका ... जातिका विरोध आदि प्रवृत्तियाँ मिलती हैं। भक्तिकालमें पुष्टि मार्ग के अतिरिक्त राधा - वल्लभीय संप्रदाय, गौडिया संप्रदाय, निम्बार्क संप्रदाय कृष्ण भक्त कवि प्रसिद्ध ... मीरां के गीतों का कृष्ण भक्ति काव्य में विशेष स्थान है। इन्होंने माधुर्यभाव से अपने आराध्य कृष्णकी उपासना की है। राजस्थानी और व्रजमें पाये जाते मीरां के पदोंमें ... अनुभूति प्राप्त होती है, जो अन्यत्र दुर्लभ है। इस धारा में बादमें अनेक कवि हुए।

निर्गुणभक्ति काव्यधाराकी दो शाखाएँ हैं। ज्ञानमार्गी काव्यधारा और प्रेममार्गी काव्यधारा। ज्ञानमार्गी काव्यधाराके प्रमुख कवि कबीर है, जबकी प्रेममार्गी काव्यधारा, जिसे सूफी काव्यधारा भी कहते हैं, इसके मुख्य कवि मलिक मुहम्मद जायसी है।

कबीर के अनुसार मसि कागद छुयो नहीं कलम गह्यों नहीं हाथ, वे निरक्षर थे। कबीरका मुख्य विषय ज्ञानपूर्ण भक्ति था। सन्त - मत के प्रवर्तक कवि कबीर का मुख्य ग्रंथ बीजक है। कबीरकी भक्ति निर्गुण सत्ताके प्रति है, ये निराकार ईश्वर के उपासक है। स्वामी रामानंदके शिष्यके रुपमें कबीर को जाना जाता है। निर्गुण ... होने से कबीर के काव्य में रहस्यवादिता दिखाई देती है। निराकार के उपासक होने के साथ - साथ कबीर क्रान्तिकारी समाज - सुधारणा भी हें। अपने समय की सामाजिक अवस्था, समाज में फैली अंधश्रद्धा, धार्मिक पाखंड, आपसी वैमनस्य आदि को मिटाने का प्रयत्न कबीरने किया है। हिन्दु और मुस्लिम दोनों को इन्होंने आडे हाथों लिया ... ऐकेश्वरवाद पर जोर देकर मूर्ति पूजाका विरोध किया है। कबीरकी भाषा खिचडी भाषा कही जाती है। सचराचरमें व्याप्त ईश्वरीय शक्तिको साधनाके द्वारा अपने भीतर ढूंढने पर कबीर अधिक जोर देते थे।

सन्त - काव्य परंपरा या ज्ञानमार्गमें दादू दयाल, संत मलूकवास, रज्जबदास, जंभनाथ आदि उल्लेखनीय हैं।

सूफीमत या प्रेममार्गी काव्यधारा पर भारतीय वेदांत का प्रभाव देखा जाता है। सूफीमत प्रेमभावना पर स्थित है। वे अपने मत को इस्लाम अन्तर्गत मानते है। ... सूफीमत का प्रवेश ख्वाजा मुईनुद्दीन चिश्ती से हुआ ऐसा कुछ विद्वानों का मत है। प्रेममार्गी काव्यधारामें ईश्वर एक है, जिसका नाम हक बताया गया है। आत्मा और ईश्वर में कोई अन्तर नहीं माना है। बंदा प्रेमके द्वारा ईश्वर तक पहुंचने का प्रयास करता है।

इस काव्यधारा का मुख्य ग्रंथ पद्मावत है। जो जायसी द्वारा लिखा गया है। इसमें राजा रत्नसेन रानी नागमती और पद्मावती की लौकिक कथा द्वारा साधक की ईश्वर प्राप्तिकी साधना पर प्रकाश डाला गया है। रुपक काव्य में बांधा गया है। इस परंपरामें जलालुद्दीन, अहमद, उस्मान, जटमल आदि कवि हुए।

भाव और काव्य सौंदर्य से परिपूर्ण ऐसी भक्तिकालीन काव्य रचनाओं से समृद्ध ऐसा भक्तिकाल निश्चित रुप से हिन्दी साहित्यके इतिहासका स्वर्णकाल है।

# દેવી ગંગા

– પ્રા. ડૉ. નયના કે. નાયક
અધ્યક્ષા – સંસ્કૃત વિભાગ

**नमामि गंगे तव पाद पंकजम्
सुरासुरैर्वंदित दिव्यरुपम्
भुक्तिं च मुक्तिं ददासि नित्यं
भावानुसारेण सदा नराणाम्**

કળિયુગમાં મનવ આસ્થાનું કેન્દ્ર બનેલ ગંગા જ વેદકાળની પ્રત્યક્ષ દેવી તરીકે પ્રાપ્ય છે. પોતાના સલીલમાં સ્નાન કરનાર મનુષ્યને કેટલાક સમય માટે દેવ બનાવનારી ગંગા છે. જ્યારે કોઈ મનુષ્ય સ્નાનાદિ માટે ગંગાના પ્રવાહમાં પોતાના પગ મુકે છે ત્યારે ગંગાજળ એના પગને પખાડી તેના સમગ્ર પાપકર્મનો નાશ કરી સામાન્ય માનવને વિષ્ણુ રૂપ આપી દે છે. વળી , ગંગાજળમાં ડુબકી લગાવનારને શંકરની જટામાંથી વહેતી ગંગા તેને નિશ્ચિત સમય માટે શિવરૂપ પ્રદાન કરે છે. સ્નાનાદિ પછી જ્યારે લોકો કમંડળમાં ગંગાજળ ભરે છે ત્યારે તે ગંગા બ્રહ્મા નું રૂપ ધારણ કરી લે છે. ગંગા સ્નાન મનુષ્યને વિષ્ણુ, શિવ અને બ્રહ્માનું રૂપ પ્રદાન કરે છે.

જયશંકર પ્રસાદ ગંગા ગાન કરતા હ્રદયની ભાવના શબ્દોથી વહાવે છે.

**रिध्धि - सिध्धि तु अचल हिमालय से ले आई,
उर्वर भारत वसुन्धरा तू करने आई।
सींच रही स्नेहमयी जीवनधारा,
सफल पाप तेरी पुनित लहरों से हारा।
रह न सकेगा कभी यह देश भूखा नंगा,
मंगल जल जब तक तुम में बहती गंगा।**

મહાભારતમાં ગંગા ભીષ્મની માતાના રૂપમાં દર્શન આપે છે. માતૃવત્સલા ગંગા પોતાના પુત્રનો ઉપચાર કરી એને ચેતનત્વ બક્ષે છે. ગંગાનું મહત્ત્વ અનેરું છે. શંકરાચાર્ય કહે છે -

**भगवद्गीता किंचितद्धीता गंगाजल लव कणिका पीता।
सकृदपि येन मुरारि समर्चा क्रियते तस्य यमेन न चर्चा।।
इमं में गंगे यमुने सरस्वति शुतुद्रि स्तोमं सचता परुष्णाया
असिक्न्या मरुद्वृधे वितस्तयार्जी किये श्रृणुह्या सुषोमया ।। (ऋ. 10.75.5) ।।**

વેદમાં ગંગાની સરસ્વતી સાથે સાંકળી સ્તુતિ થઈ છે. વૈદિક ઋષિઓએ સરસ્વતીને **सप्तस्वसा सुजुष्टा** કહી છે તો ગંગાને **स्वर्धुनी** કહી છે. વૈદિક કાળમાં નદીઓને "સિંધુ" કહેવાતી. અલકનંદાને પણ સિંધુ કહેવાય છે. જેનો સૌથી વિશાળ સ્ત્રોત છે. અલકનંદાથી પ્રવાહિત થતી ગંગા સાથે અનેક નદીઓ વહે છે.

**मधुवाता ऋतायते मधु क्षरन्ति सिन्धवः
तृष्टामया प्रथमम् यातवे सजूः सुसर्त्वा रसया श्वेत्या त्या।
त्वं सिन्धो कुभया गोमतीं क्रुमुं मेहल्वा सरथं याभिरीयसे ।। (ऋ. 10.75.6) ।।**

વિષ્ણુની નાભિ માંથી પ્રગટતી સરસ્વતી પણ ગંગાના રૂપમાં એકધારા બની વહે છે. ગંગાની સાત બહેનો છે. પહેલી છે સરસ્વતી જે કેશવ પ્રયાગ થી નીકળી વિષ્ણુ પ્રયાગના હિમધવલ પથ્થરો સાથે ટકરાય ધૌલીને મળે છે. ગંગાની ધારા ત્યાં શ્વેત વર્ણની હોવાથી વૈદિક ઋચાઓમાં તેને **શ્વેત્યા** અથવા **નિતભા** નામ થી ઓળખાવે છે. ત્યારબાદ ગંગાને નંદાકિની (રસા) નામે બહેન છે. જે નંદપ્રયાગ ચમોલીના પાસે આવેલ આ સ્થળ જ્યાં પુન: અલકનંદા સાથે તેનું મિલન થાય છે. નંદાકિની એટલે વૈદિક ઋચાઓમાં ઉલ્લેખાયેલી રસા નદી. ત્યારબાદ કર્ણપ્રયાગમાં પિંડર નદી તેની બહેન સ્વરૂપે મળે છે. પિંડર એટલે ગઢવાલ પાસેથી વહેનારી નદી. જેને વેદમાં ક્રુમુ કહેવાય છે. ગંગાની પાંચમી બહેન છે કુભા, જે રૂદ્રપ્રયાગ -

મંદરાચળ પર્વત - કેદારેશ્વર જ્યોર્તિલિંગ પાસેથી વહે છે. રૂદ્રપ્રયાગમાં અલકનંદાને મળતી કુભા ગંગાને મંદાકિની સ્વરૂપ આપે છે. વેદમાં અલકનંદા, ધૌલી, રસા, કુભા, ક્રુમુ આ પાંચેય નદીઓના ભયંકર રૌદ્ર પ્રવાહની સ્તુતિ પ્રાપ્ત થાય છે.

પંચપ્રયાગ અર્થાત કેશવ, વિષ્ણુ, નંદ, કર્ણ અને રૂદ્રપ્રયાગથી ઘેરાયેલ બદરી કેદારનાથનું ક્ષેત્ર. વૈદિક સાહિત્યમાં આ ક્ષેત્રને **પંચનદક્ષેત્ર** કહેવાયું છે. ગંગા ભાગીરથી સ્વરૂપે રાજા ભગીરથના પ્રયત્નથી સ્વર્ગમાંથી પૃથ્વી પર અવતરિત થતાં गाम इति गंगा । गमयति प्रापयति ज्ञापयति वा भगवत्पदं या शक्तिः सा गंगा। અર્થાત્ ગંગા સ્વરૂપે વહેવા લાગી. ત્યારપછી ગંગાની પરુષ્ણી નામે બહેન જે પુરીધિણિ અથવા (નયાર) બ્યાસઘાટ પર મળે છે. બ્યાસઘાટ પર નયારને પોતાનામાં સમાવી લેતી ગંગા પોતાની છઠ્ઠી બહેન પરુષ્ણીને મળે છે. અંતમાં તીર્થરાજ પ્રયાગમાં ગંગાની સાતમી બહેન યમુના સાથે તેનું મિલન થાય છે. આ સાતેય બહેનો સાથે વહેવાથી જ ગંગાને સિંધુ રૂપા કહી છે.

**गंगा गंगेति यो ब्रूयाद् योजनानां शतैरपि,**
**मुच्यति सर्व पापेभ्यो ।**

માત્ર ગંગા ગંગા બોલવાથી પણ સેંકડો યોજન દૂર રહેલો તેનો ભક્ત સર્વપાપોમાંથી મુક્ત થાય છે. ગંગાનું દર્શન, તેનો સ્પર્શ, તેના જળનું પાન કે તેનું કિર્તન માત્ર એથી વિશેષ માત્ર સ્મરણ કરવાથી પણ ગંગા પોતાના ભક્તના પાપોને ધુવે છે.

એક માન્યતા પ્રમાણે જ્યારે ગંગા મહા સમુદ્રરૂપી સ્વર્ગમાંથી ભારતની ભૂમિ પર અવતરણ પામી ત્યારે આજના બંગાળના દક્ષિણ પ્રદેશમાં જે સુંદર વન છે એને વસાવવાની સગર રાજાઓએ મહેનત કરી હતી. પરંતુ પાણીના અભાવમાં આ વન વસાવવામાં તેઓ સફળ ન થયા. પરિણામે કહેવાય છે કે, તેમના વંશજોએ હિમાલયમાં જઈ ગંગાનો સ્ત્રોત શોધી કાઢયો અને એ સ્ત્રોતને એઓ દક્ષિણ - પશ્ચિમના માર્ગે ખેંચી ખેંચીને બિહાર, બંગાળના સુંદર વન સુધી દોરી ગયા. આર્યોના અથાગ પુરુષાર્થના બળે જ ગંગા ભારતવર્ષમાં વહી રહી છે. સાચા અર્થમાં ગંગા આત્મચિંતનના આધ્યાત્મિક વાયુ મંડળમાં વિહાર કરે છે. વેદકાળનું આ પ્રત્યક્ષ સ્વરૂપ અર્થાત્ ગંગા સૂચવે છે કે આર્યો, ઋષિઓ, મનુષ્યો દ્વારા રચાયેલ વેદો સત્યના ઉપાસક હતા.







# દર્શકના શ્રીકૃષ્ણ એક યુગપુરૂષ

– પ્રા. રમીલા બી. નાયક
અધ્યક્ષા – ગુજરાતી વિભાગ

ભારતીય સંસ્કૃતિના બે ગૌરવગ્રંથો રામાયણ અને મહાભારત આ બંનેની કથા સદીઓથી સાહિત્યિકારોના આકર્ષણનું કેન્દ્ર બની છે. મહાભારતના કથાવસ્તુને આધારે સંસ્કૃત કવિઓ અને ગુજરાતી કવિઓએ પોતાની મૌલિક પ્રતિભાથી અનેક સાહિત્યકૃતિઓ રચી છે. ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદ, ન્હાનાલાલ, ઉમાશંકર, મુનશી આદિ સાહિત્યકારોની કૃતિઓ આ પુરાણકથાના કથાવસ્તુને આધારે રચાયેલી છે. સંસ્કૃત કવિઓ ભાસ, ભારવી, ભવભૂતિ, કાલીદાસ વગેરેની કૃતિઓ આજે પણ એટલી જ સ્મરણીય છે.

મહાભારતની કથા માત્ર સામાન્ય કથા કે ઈતિહાસ નથી, પણ તે ભારતીય જીવનદર્શનનો પરિચય કરાવે છે. એમાં પ્રગટ થતું જીવનદશર્ન વાસ્તવિકતાની ધરી પર આધારિત છે. એટલે જ મહાભારત એ ભારતીય સંસ્કૃતિના જીવનદર્શનનું મહાકાવ્ય કહેવાય છે.

ગુજરાતી સાહિત્યનાં મહાભારત અને કૃષ્ણવિષયક નવલકથાઓની એક પરંપરા ક.મા. મુનશીથી શરૂ થઈ અને છેક અત્યાર સુધી એ વિષય નિરૂપાતો રહ્યો છે. આ નવલકથાકારોનો ઉદ્દેશ મહાભારત પુરાણોની કથાને, કથા - પ્રસંગોને પોતાની આગવી દષ્ટિથી જોઈ, તપાસી તેનું નવ્ય સ્વરૂપ વાચક સમક્ષ રજૂ કરવાનો હોય છે. ગુજરાતી સાહિત્યના સિધ્ધ યશસ્વી, નવલકથાકાર, વિવેચક, ઈતિહાસકાર, ચિંતક શ્રી મનુભાઈ પંચોલી દર્શકની નવલકથા "કુરુક્ષેત્ર" મહાભારત વિષયક નવલકથાઓમાં નહીં જ પરંતુ સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્યમાં પ્રથમ કોટિની નવલકથાના સ્થાનની અધિકારિણી બની શકે તે પ્રકારની છે. શ્રી દર્શક પાસેથી મહાભારતના કથાવસ્તુ પર આધારિત નવલકથા **કુરુક્ષેત્ર** અને **પરિત્રાણ** નામનું નાટક મળ્યું છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણે મનુષ્ય અવતાર ધારણ કરવાનું કારણ સ્વમુખે અર્જુન સમક્ષ રજૂ કરતાં કહ્યું છે કે, જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ જોર પકડે છે, ત્યારે ત્યારે હું અવતરું છું. સજ્જનોના રક્ષણ, દુષ્ટોના નાશ અને ધર્મસંસ્થાપન માટે હું યુગે - યુગે જન્મ ધારણ કરું છું.

'દર્શક' ની નવલકથા કુરુક્ષેત્ર પ્રથમ ચુનિલાલ મડિયાના "રુચિ" સામયિકમાં હપ્તાવાર પ્રગટ થઈ અધુરી રહેલી. ત્યાર પછી **જન્મભૂમિ** પ્રવાસીમાં તે હપ્તાવાર પ્રગટ થઈ અને ૧૯૯૧ માં પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ. શ્રી હરિવલ્લભ ભાયાણી કહે છે તેમ પછીના કથાપ્રવાહ સાથે એમાં પાત્રો અને ઘટનાઓ ગૂંથી તો લેવાયા છે, તો પણ સાંધણ કર્યાના સંકેત અણછતા નથી રહેતા. અલબત્તે કથાપ્રવાહમાં તણાતા ભાવકને આ વાતનો ભાગ્યે જ ખ્યાલ આવે છે.

દર્શકની કુરુક્ષેત્ર પ્રગટ થઈ તે પૂર્વ એમનું પરિત્રાણ નાટક પ્રગટ થયેલું. એમાં શકુનીની કુટનીતી સામે શ્રીકૃષ્ણની ધર્મનીતિનો વિજય દર્શાવી કૌરવસભામાં દૂત કાર્ય કરવા ગયેલા પરમાત્માએ વિરાટ - સ્વરૂપ ધારણ કરી સૌને સ્તબ્ધ કરી દીધા. એ ઘટનાનું નિરૂપણ કરી દર્શકે શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય પ્રગટ કર્યું. **પરિત્રાણ** પ્રગટ થયાને વર્ષો બાદ દર્શકે **કુરુક્ષેત્ર**માં પરમાત્મા શ્રીકૃષ્ણનું સ્મરણ વંદન કર્યું.

ત્રેવીસ પ્રકરણોમાં વિભાજિત આ નવલકથામાં દર્શકે તપતી - તક્ષકના પ્રણયની કથાને વિસ્તારના પ્રેમ અને મહાયુધ્ધની ઘટનાઓનું નિરૂપણ કરતાં તપતી, ધૌમ્ય, ચિંતામણી, દ્રૌપદી આદિના મનના **કુરુક્ષેત્ર**નું દર્શન કરાવ્યા પછી મહાભારતના અઢાર દિવસના યુધ્ધની કથાને સ્થાન મળ્યું છે. અહીં કુરુક્ષેત્રના મહાયુધ્ધની કથા તો નિમિત્ત માત્ર છે. દર્શકને તો પાત્રની મનોભૂતિ પરના કુરુક્ષેત્રનું દર્શન કરાવવું છે. એક તરફ ધર્મક્ષેત્ર સમું કુરુક્ષેત્ર છે, તો બીજી તરફ પાત્રોના મનોજગતનું કુરુક્ષેત્ર છે. આ બે કુરુક્ષેત્ર વચ્ચે તટસ્થ, ધીર, સ્થિર પોતાના યુગ પુરૂષીય વ્યક્તિત્વનો પરિચય કરાવતા શ્રીકૃષ્ણના ચરિત્રનો લેખકે કરાવેલ પરિચય અત્રે પ્રસ્તુત છે.

શ્રી દર્શક **કુરુક્ષેત્ર**ના નિવેદનમાં નોંધે છે તેમ "**કુરુક્ષેત્ર**ના શ્રીકૃષ્ણ મહર્ષિ વ્યાસના હોવા છતાં આખરે તો થોડા મારા મનના છે." હું અહીં અનેકવાર શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાનો ઈનકાર કરતા હોવા છતાં દર્શકની સર્જનકલાએ તેમનું ઐશ્વર્ય પ્રગટાવી આપ્યું છે. એક તરફ તપતી, ધૌમ્ય, ચિંતામણી, વિદુર, દ્રૌપદી, ગાંધારી, કુંતી આદિ પાત્રોના ઉદ્ગારો કૃષ્ણના ઐશ્વર્યને પ્રગટ કરે છે. બીજી તરફ કૃષ્ણનો ખુલાસો તેને દેવત્વથી દૂર રાખે છે. કૃષ્ણના દેવત્વને પૂર્ણપણે પ્રગટાવ્યું હોવા છતાં, સ્વયં કૃષ્ણના મુખે જ, તેનો પ્રતિરોધ દર્શાવતા શ્રી દર્શકનું આ પ્રકારનું કલાયોજન એ કૃતિનું જમાપાસું બની રહે છે.

**કુરુક્ષેત્ર** નવલકથામાં શ્રીકૃષ્ણનો પ્રવેશ છેક સાતમા પ્રકરણને અંતે થયો છે. તેમનો પ્રવેશ માત્ર તેમના પ્રભુત્વને પ્રગટાવી આપે છે. તક્ષકે લગાડેલી આગ મોટા મોટા વહેણાઓને ઓળંગી નાના વહેણા પાસે અટકી જવાનું સૂચન કૃષ્ણના આગમનનો ચમત્કાર દર્શાવે છે. "પ્રભાત પહેલાં બધું શમી જશે - ગભરાઈશ નહિ તપતી" આવું કહેતા કૃષ્ણનું આશ્વાસન તેમની અપાર શ્રધ્ધા સાથે તેમના ઐશ્વર્યને પ્રગટ કરી આપે છે. કૃષ્ણના શબ્દોની જાણે પ્રકૃતિ પર જાદુઈ અસર થઈ હોય તેમ પવન અટકી જઈ એકાએક વાદળો ઉમટી આવી મુશળધાર વરસતા વરસાદમાં આગ ઓલવાતી આપણે જોઈએ છીએ ! સમગ્ર કથામાં પોતે ઈશ્વર નથી તેની ખાતરી કરાવવા અનેકવાર પાત્રોની આગળ કબૂલાત કરતા કૃષ્ણના ઐશ્વર્યને

લેખકે પ્રારંભે જ પ્રગટાવી આપ્યું છે. આમ છતાં લેખકે, કૃષ્ણના આગમન પહેલાં જ હવામાનનો વરતારો કરાવી દઈ, વરસાદની શક્યતાને સ્વીકારી છે.

"આસો મહિનાનું પાછલું પખવાડિયું ચાલતું હતું. આકાશ દર વર્ષના જેમ નિરભ્ર થયું નહોતું. અવારનવાર વાદળ જામતાં, વરસતાં... ભય એકાદ ઝાપટાનો હતો. જો ઓચિંતાનો વરસાદ પડે નહિ તો ધાન્યના કોઠારિયાની દીવાલો ભાંગી પડે તેવો પાક થવાનો હતો."

લેખકનું આ પ્રકારનું નિરૂપણ તેમની કલામયતાને પ્રગટ કરે છે. વરસાદી વાતાવરણના એંધાણ આપી, કૃષ્ણના આગમન ટાણે જ તૂટી પડતા વરસાદના નિરૂપણ દ્વારા કૃષ્ણની પરંપરાગત છાપ ઈશ્વર હોવાની જાળવી રાખી છે. આ પ્રકારનું ઊભયઅર્થી નિરૂપણ કથામાં અન્યત્ર પણ જોવા મળે છે.

કૃષ્ણને ત્રિકાલદર્શી કહેતાં ધૌમ્યનો હાથ ઝાલી લઈ "મારામાં કશુંય વૈશિષ્ટ્ય નથી" કહેતા કૃષ્ણની નમ્રતા દેખાય છે. કૃષ્ણને અર્ધ્ય અર્પણ કરવાના સમયે પણ તેમને પોતાના અને આશ્રમના અધિદેવતા તરીકે ઓળખાવતા ધૌમ્યને કૃષ્ણનો એ જ જવાબ છે કે પોતે સૌના સખા હતા. આમ એક તરફ ધૌમ્યની શ્રધ્ધા અને બીજી તરફ કૃષ્ણની કર્મથતા વચ્ચે લેખકે કૃષ્ણના બંને સ્વરૂપોને સાચવી રાખ્યા છે.

કૃષ્ણ વિદુરના સંવાદો પણ કૃષ્ણના પાત્રને સમજવામાં વધુ ઉપયોગી નીવડે તેમ છે. એક તરફ કૃષ્ણની માનવીય લોકોત્તરતા અને બીજી તરફ તેમની ઈશ્વરીય સર્વોપરીતાની વચ્ચે રહી લેખકે કરેલું નિરૂપણ તેમની ઉર્જનકલાનું ઉત્તમ ફળ છે. લેખકે અહીં પણ વિદુરના મુખમાં દ્વિઅર્થી વાક્ય મુક્યું છે. તમે અશસ્ત્ર હો કે નિઃશસ્ત્ર, તમે સર્વસમર્થ છો, આમ લેખક સાવચેતીપૂર્વક બંને સિમાડાને સાચવીને ચાલતા રહ્યા છે.

દ્રૌપદીના નિરૂપણમાં પણ આ પ્રકારના દ્વિઅર્થી શબ્દપ્રયોગનો વારંવાર થયેલ ઉપયોગ ધ્યાન ખેંચે છે. દ્રૌપદી દ્વારા લેખકે કૃષ્ણના વિવિધ સ્વરૂપો - ઈશ્વર અને મહામાનવની શક્યતાને સ્વીકારી છે. "તે તો મારા પતિઓના પણ પતિ છે. પ્રાણના પણ પ્રાણ છે. મારા વિના મારા પંચપતિ નથી એને વાસુદેવ વિના હું નથી - અમે નથી" આવું કહેતી દ્રૌપદીના શબ્દોમાં દ્વિઅર્થી શબ્દપ્રયોગ જોવા મળે છે.

આ જ પ્રકારે શ્રીકૃષ્ણનાં દ્વિવિધ સ્વરૂપોનું નિરૂપણ લેખકે તપતી - કૃષ્ણનાં સંવાદોમાં પણ વ્યક્ત કર્યું છે. કૃષ્ણનાં સ્પર્શમાત્રથી જીવનમાં રસનું સિંચન કરતી તપતીનો કૃષ્ણસંબંધ તેની ભક્તિને વર્ણવે છે, સાથે સાથે કૃષ્ણના વિવિધ સ્વરૂપોની શક્યતાને પણ આલેખી જાય છે.

મહાયુધ્ધમાં નિઃશસ્ત્ર રહેવાની કૃષ્ણની પ્રતિજ્ઞા ભીષ્મ પર સુદર્શન લઈને દોડવાથી તૂટે છે. જેને કારણે કૃષ્ણભક્ત તપતી બેચેની અનુભવે છે. તપતીને કૃષ્ણે આપેલો જવાબ નોંધનીય છે, "તમે બેચેન થાઓ છો કારણ કે તમે મને ઈશ્વર ધારી લીધો છે... આ સંસાર વિષમ છે. એટલે નીરક્ષીર, સુગમ - અગમ, શક્ય - અશક્ય વગેરેનું પ્રમાણભાન રાખવું પડે છે. નહિતર આપણે ઈશ્વરને બદલે ગાંડામાં ખપીએ. પ્રમાણભાન તે જ મનુષ્યનું દૈવત છે."

અત્રે દર્શક કૃષ્ણની મહામાનવતાને જ વ્યક્ત કરે છે. આ પ્રતિજ્ઞા ભંગ પાછળનું કારણ તેમની દષ્ટિએ પૂર્વ કરેલ પ્રતિજ્ઞાનુ પાલન જ છે. અધર્મીનો વધ કરી ધર્મની સ્થાપના કરવાની અને સાધુજનોની રક્ષા કરવાની કૃષ્ણે લીધેલી પ્રતિજ્ઞા જ કારણભૂત ગણાવતા કૃષ્ણનું મહામાનવીય રૂપ પ્રગટે છે.

કૃષ્ણના ગૂઢચરિત્રને ન સમજી શકનાર જિજ્ઞાસુઓને દર્શકે કૃષ્ણના ઉદ્‌ગારો દ્વારા જવાબ શોધી આપ્યો છે. જેમ ભીમે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા યુધ્ધના નિયમો તોડી દુઃશાસનનું રુધિરપાન કર્યું અને દુર્યોધનની જાંઘ પર પ્રહાર કર્યો તેમ કૃષ્ણની પ્રતિજ્ઞા ભંગ પાછળ પણ તેમની પૂર્વપ્રતિજ્ઞાનું પાલન હોવાનું દર્શાવી લેખકે કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણે આચરેલી વિવાદાસ્પદ કામગીરીને પરિશુધ્ધિ આપી છે. અહીં કૃષ્ણની પ્રતિજ્ઞાભંગ દ્વારા સમાજનું હિત ઈચ્છતા લેખકે મહામાનવની સંકલ્પશક્તિનો પરિચય કરાવ્યો છે.

કુરુક્ષેત્રના મહાયુધ્ધમાં પોતાના સો પુત્રોનો સર્વનાશ જોઈ વેદનાગ્રસ્ત ગાંધારી યાદવોના સર્વનાશનો શાપ આપે છે. ત્યારે કૃષ્ણ ગાંધારીને જવાબ આપે છે "માતા તમે મને સર્વસમર્થ ભગવાન માની બેસો તેમાં મારો શો દોષ ? હું સર્વસમર્થ, સર્વનિયંતાહોત તો દષ્ટિમાર્ગથી દુર્યોધનને દષ્ટિ આપી શક્યો હોત, તો યાદવો પર તમારો શાપ ન ઊતરત... બાકી તો જગતનિયંતાના હાથમાં છે." અહીં કૃષ્ણનો વારંવારનો અવાજ તેમને મહામાનવની ઓળખ અપાવે છે. પોતે સર્વસમર્થ હોવા છતાં માનવદેહની સહજ મર્યાદાનો સ્વીકાર જ તેમની મહત્તા દર્શાવે છે.

શ્રી દર્શકની આવી કલા આયોજનાનું બીજું દષ્ટાંત ઉતરાના મૃતપુત્રને સજીવન કરવાના પ્રસંગે દેખાય છે. નવલકથાના અંતમાં આવતા આ પ્રસંગમાં ચમત્કારનું તત્ત્વ ગાળી નાંખી લેખકે કૃષ્ણને મહામાનવના પદે સ્થાપી આપી અપૂર્વ કલામયતા દાખવી છે.

આ ઉપરાંત વસ્ત્રહરન પ્રસંગે પોતાને કૃષ્ણના દર્શન થયાનું કહેતી દ્રૌપદીને આશ્ચર્યથી દેખાયેલો ખરેખર ? કહેતા કૃષ્ણનું નિરૂપણ, જયદ્રથવધ પ્રસંગે બિનચમત્કારિક ઘટનાનું આલેખન કે મહાયુધ્ધ પછી હસ્તિનાપુરમાં પ્રવેશતાં પાંડવોના વર્ણન સમયે કૃષ્ણને વિષ્ણુના અવતાર નહીં, પણ વિષ્ણુના અવતારસમા દેવકીપુત્ર શ્રીકૃષ્ણ કહેતા દર્શકને મન કૃષ્ણનું મહામાનવીય સ્વરૂપ જ અભિપ્રેત છે.

સમગ્ર કથામાં દેખાતા શ્રીકૃષ્ણના મહામાનવીય સ્વરૂપ પાછળનું દર્શકનું પ્રયોજન સ્પષ્ટ છે. તેમણે તો કૃષ્ણચરિત્ર પર ચડી ગયેલા ચમત્કારોના પડને ઉખેડી તેનું પ્રતીતીજન્ય તર્કસંગત નિરૂપણ કરવું હતું. કૃષ્ણની એક યુગપુરુષ તરીકેની છબી અંકિત કરી, તેમનું મહામાનવીય સ્વરૂપ સ્થાપી આપવું હતું. શ્રી દર્શક તેમનો આ ઉદ્દેશ સુપેરે સિધ્ધ કરી શક્યા છે.

આ નવલકથામાં વસ્તુ તરીકે મહાભારતીય કુરુક્ષેત્રની ઘટનાથી માંડી માનવચિત્તમાં ચાલતા કુરુક્ષેત્રની ઘટનાઓ છે. એક રીતે જોઈએ તો એ એક માત્ર સંઘર્ષ કથા નથી પણ પાત્રોના સંવેદનોની કથા છે. માનવહ્રદયની સનાતન લાગણીઓને ઢંઢોળવાની જાણવાની દર્શકની

સર્જકતાનો અહીં પરિચય થાય છે.

કથાના નાયક - નાયિકા તક્ષક અને તપતીની જ્ઞાતિભિન્નતા જીવનમાં મોટી વિષમતા અને વિસંવાદ ઉપજાવી આપે છે. યુવાહૃદયનો પ્રણયારંભ, તેને સફળ કરવાના પ્રયત્નો, તેમાં આવતા વિઘ્નો અને છેવટે નિષ્ફળતા પર સફળતા મેળવતું માનવહૃદય એ આ કથાની મુખ્ય વિશેષતા બની રહે છે. જે વસ્તુ સંયોજનાની લેખકની સફળતાનું સૂચક છે. કથાની સમગ્ર પાત્રસૃષ્ટિના સંવિધાનમાં પણ લેખકે કૌશલ્ય દાખવ્યું છે. પાત્રોનું સ્વચરિત્ર તેમના કાર્યો દ્વારા સહજ રીતે પ્રગટ થાય છે. નવલકથાની ચોટદાર ભાષા નવલકથાને રમણીયતા બક્ષે છે. મર્માળા અને ચોટદાર સંવાદો કથાને નાટ્યાત્મક અને ગતિશીલ બનાવે છે.


દર્શકે અહીં ત્રિવિધ આગનું નિરૂપણ કર્યું છે. એક તો તક્ષક દ્વારા વનમાં લાગેલો દાવાગ્નિ, બીજો તપતી - તક્ષક વચ્ચેનો વિરહાગ્નિ અને ત્રીજો મહાયુદ્ધમાં રહેલો ઈર્ષાગ્નિ આ ત્રણે પ્રસંગે કૃષ્ણનો પ્રવેશ સુખદ અનુભવ કરાવે છે.

દર્શકના શ્રીકૃષ્ણ પોતાના વિશે પૂરા સભાન છે. પોતાની પ્રશિસ્તમાં ક્યાંય અતિવ્યાપિત દોષ ન થઈ જાય એની કાળજી લે છે અને એટલા માટે જ તેને પાત્રો આગળ વારંવાર પોતે ઈશ્વર ન હોવાનો એકરાર કરવો પડે છે. સત્ય વિશેનો તેમનો ખ્યાલ, ધર્મ વિશેની તેમની સમજ, ન્યાય વિશેનો તેમનો અભિપ્રાય અને પ્રત્યેક વિષયમાં ઊંડા ઉતરી તેમનો અભ્યાસ કરવાની તેમની દષ્ટિ તેમને મહામાનવ તરીકે સ્થાપી આપે છે. તેઓ ધર્મના પક્ષે લડનારા, ધર્મના પક્ષપાતી અને અધર્મનાં શત્રુ હોઈ, એક ધર્મગોપ્તા તરીકે પણ ઉપસ્યા છે. સમગ્ર રીતે જોતા **કુરુક્ષેત્ર**માં મુખ્યત્વે તપતી - તક્ષકની પુણ્યકથા અને આર્ય - અનાર્યનો સંઘર્ષ નિરૂપાયો હોવા છતાં કૃષ્ણના પાત્રના આગવા રચનાવિધાનથી શ્રીકૃષ્ણની એક નવી જ પ્રતિભા દર્શક ઉપસાવી શક્યા છે.









# મૂલ્યશિક્ષણ દ્વારા જીવનઘડતર

- પ્રા. અશોકભાઈ સી. પટેલ
અધ્યક્ષ - અર્થશાસ્ત્ર વિભાગ

सा विद्या विमुक्तये

**(મુક્તિ અપાવે તે વિદ્યા)**

**• ભૂમિકા :**

મનુષ્ય જીવન એટલે પુરૂષાર્થ અને પ્રારબ્ધનો સુભગ સમન્વય. પ્રારબ્ધનો સાથ હોય અને તેમાં પુરષાર્થની સાથોસાથ જીવન ઘડતરના પરિબળો જો સામેલ થાય તો જીવન સાર્થક બન્યું કહેવાય ! ઈશ્વરે આપણને મનુષ્યનો અવતાર શા માટે આપ્યો છે ? ઉચ્ચ માનવ અવતાર પામ્યા પછી આપણા આદર્શો પણ ઉંચ્ચ હોવા જોઈએ. શિક્ષણ એ જીવનઘડતરની પ્રક્રિયા છે. જ્યારે મુલ્યો જીવનઘડતરની જાદૂઈ છડી છે. સારા અને શ્રેષ્ઠ માનવોનું ઘડતર એ શિક્ષણનો મૂળભૂત હેતુ છે. શ્રેષ્ઠ માનવો એ સમાજની સાચી મૂડી છે. સમાજને કુશળતા આપવાની સાથે સમાજમાં માનવીય મૂલ્યોના સિંચન ની જવાબદારી તમામ શિક્ષકો અને અધ્યાપકો ના શિરે છે.

શિક્ષણ આપવાની સાથોસાથ વિદ્યાર્થીમાં કેળવણીનું સિંચન સાથે આદર્શ જીવન જીવવાની કળા પણ મૂલ્યો દ્વારા શીખવી શકાય છે. શિસ્ત અને સંસ્કાર વિનાનું જીવન એટલે બ્રેક વિનાની ગાડી. એટલે જ ચાલો આપણે મૂલ્યશિક્ષણ વિશે વિસ્તૃત સમજ મેળવીએ.

**• મૂલ્ય એટલે શું ?**

"શબ્દકોશના સથવારે મૂલ્ય એટલે કશુંક ઉપયોગી, ગુણવત્તાવાળું, મહત્ત્વનું યોગ્ય રીતે મૂલવી શકાય એવું. મૂલ્યને વસ્તુની દષ્ટિએ વિચારીએ તો મૂલ્ય માનવ ઈચ્છાઓને સંતોષે તથા મનોવૈજ્ઞાનિક સ્વરૂપે પ્રગટ થતું જૈવિક પરિબળ છે અને આત્મસાક્ષાત્કાર કરાવે તે મૂલ્ય."- **ડબલ્યુ એમ. અર્બન.**

વિદ્યાર્થીકાળમાં શીખેલા મૂલ્યોના પાઠો જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી પુરવાર સાબિત થયા છે. મુલ્યશિક્ષણ દ્વારા ભવિષ્યના આદર્શ નાગરિકો નું ઘડતર આજના સમયની માંગ છે. આજનું શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે. પરિણામે વિદ્યાર્થીઓને જીવનલક્ષી કેળવણી મળતી નથી. કારકિર્દી માં યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીઓ દિશાશૂન્ય થઈ જાય છે. પરિણામે આપણે સૌ શિક્ષણજગત સાથે જોડાયેલા તમામ વ્યક્તિઓએ મૂલ્યશિક્ષણ દ્વારા સારા માનવોનું ઘડતર કરી શકીએ અને બેકારી જેવા પ્રશ્નોનું કંઈક અંશે નિરાકરણ લાવી શકીએ.

જીવનમાં વ્યક્તિ શિક્ષણ દ્વારા જીવનઘડતર કરે છે. જ્યારે મૂલ્યો સમાજને કુશળતા સાથોસાથ માનવીય મૂલ્યોનું સિંચન પણ કરે છે. પ્રાચીન સમયથી લઈને આધુનિક યુગ સુધી સત્ય, પ્રેમ,. કરુણા, અહિંસા જેવા શાશ્વત મૂલ્યો ક્યાંક લુપ્ત થયાં છે તો ક્યાંક ટકી રહ્યાં છે. જે મૂલ્યશિક્ષણ ને આભારી છે.

સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ નું ભારતીય ચિંતન મૂલ્યોના આધારે જ છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ ઉત્કૃષ્ટતાના સ્તર સુધી પહોંચાડવા માટે રચનાત્મક, સર્જનાત્મક, અને બોધાત્મક ક્ષમતાઓ જીવનમાં સાર્થક થવી જરૂરી છે.

**• મૂલ્યશિક્ષણ શા માટે ?**

આધુનિક અને વૈજ્ઞાનિક પરમાણુયુગમાં ચારેતરફ અનેક સમસ્યાઓ જોઈએ છીએ અને સાંભળીએ છીએ. આધુનિક સમયની વૈશ્વિક સમસ્યાઓ જેવી કે આતંકવાદ, યુદ્ધ, અસહિષ્ણુતા, ગ્લોબલ વોર્મિંગ, આત્મહત્યા, બળાત્કાર, યૌનશોષણ જેવી ભયંકર સમસ્યા માટે મારા મતે મૂલ્યશિક્ષણનો અભાવ જવાબદાર છે. વ્યક્તિમાં જો શાશ્વત મુલ્યોનું સિંચન બાળપણમાં વિદ્યાર્થીકાળમાં જો યોગ્ય રીતે પ્રાપ્ત થાય તો સમસ્યાઓ મહદઅંશે નિરાકરણ આપોઆપ જ થઈ જશે !!! દિશાશૂન્ય બનેલા વિદ્યાર્થીઓને મૂલ્યશિક્ષણ દ્વારા, વ્યવસાયલક્ષી શિક્ષણ વ્યવસ્થામાં સામેલ કરીને આ દિશામાં નક્કર કાર્ય કરવા પ્રતિબધ્ધ થઈએ માટે મૂલ્યશિક્ષણ આપવું અંત્યંત જરૂરી છે. આતંકવાદમાં જોડાયેલા યુવાનોના જીવનમાં ડોકિયું કરશો તો વિદ્યાર્થીકાળમાં થયેલા અનુભવો, હતાશા, ગરીબાઈ અને યોગ્ય મૂલ્ય શિક્ષણનો અભાવ નજરે પડશે. માટે યુવાપેઢીઓને મૂલ્યશિક્ષણ દ્વારા સમસ્યાઓ ઉકેલી કુટુંબ, આદર્શ સમાજ અને દેશની ઉન્નતિમાં સહભાગી બનવા મૂલ્યશિક્ષણ આવશ્યક પરિબળ છે.

**➢ જીવન ઘડતર માટે કયા કયા મૂલ્યો સમાવિષ્ટ થઈ શકે ?**

**• શાશ્વત મૂલ્યો :**

સત્ય, ન્યાય, પ્રેમ, શાંતિ, કરુણા, સહઅસ્તિત્વ, સેવા, પ્રામાણિકતા, આત્મસંતોષ, અહિંસા, ડહાપણ, સહકાર અને સમર્પણ.

તેમજ આત્મીયતા દરેક માનવમન મંદિરમાં મૂલ્યોનું સ્થાપના હોવી જોઈએ. આ સિવાય સૈદ્ધાંતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાજકીય મૂલ્યો, ધાર્મિક મૂલ્યો, સૌંદર્ય મૂલ્યો જેવા અનેક મૂલ્યોનું મહત્ત્વ સમજીએ અને જીવનઘડતર માં અમલ કરીએ. સમય આવ્યે યોગ્ય પસંદગીના નિયમોને અમલમાં મૂકીએ.

• **ઉપસંહાર :**

વ્યક્તિથી સમષ્ટિના સમગ્ર વિકાસના લક્ષ્યને સાધવા માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય છે. મૂલ્ય વગરનો માનવ યંત્ર સમાન છે. મૂલ્યો જીવનના ઝીલતાં સ્પંદનો છે. આધુનિક સમયની વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ મુલ્યશિક્ષણમાં જ રહેલા છે. સહઅસ્તિત્વના સ્વીકાર દ્વારા વિશ્વશાંતિ જરૂરી છે. વ્યક્તિગત અને સામાજીક સંઘર્ષોના નિવારણ માટે મૂલ્યશિક્ષણ એ જ રામબાણ ઈલાજ છે.વસુધૈવ કુટુમ્બકમ્ ની ભારતીય વિભાવના મૂલ્યશિક્ષણ દ્વારા જ સિદ્ધ થઈ શકે છે. મૂલ્યશિક્ષણ દ્વારા જીવનઘડતર એ વર્તમાન સમયની માંગ છે. તો ચાલો મિત્ર, મૂલ્યશિક્ષણ ના માધ્યમથી વિશ્વશાંતિ માટેના રાજપથ પર ચાલવા સજ્જ થઈએ. આ સદ્‌ગુણોને જીવનમાં ઉતારીએ અને મૂલ્યવાન જીવનને મહેંકાવીએ.

**અસ્તુ...**



# ગ્લોબલ વોર્મિંગ – એક સળગતો વૈશ્વિક પ્રશ્ન

– પ્રા. ડૉ. રિયાઝ એ. તાઈ
હિન્દી વિભાગ

**"ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ વોર્મિંગ"**

આજે ચોતરફના પ્રિન્ટ મિડિયા અને ઈલેકટ્રોનિક મિડિયામાં આ એક શબ્દ વારંવાર સંભળાઈ ચર્ચાઈ રહ્યો છે. શું છે આ ગ્લ વોર્મિંગ ?

આજકાલ આપણને પર્યાવરણની વૈશ્વિક સમસ્યાઓ વિશે સાંભળવા મળે છે. પર્યાવરણ વિશે આટલી ચિંતા કેમ કરવામાં છે ? જવાબ સ્પષ્ટ છે કે આપણું પોતાનું અસ્તિત્વ પર્યાવરણ સંરક્ષણ પર નિર્ભર છે. ૧૯ મી અને ૨૦ મી સદીની આર્થિક પ્રગતિએ પર્યાવરણીય પરિસ્થિતીકીય જાગૃતિને પૃષ્ઠભૂમિમાં ધકેલી દીધી છે.

હવા પ્રદૂષણ આંતરરાષ્ટ્રીય ચિંતાનું કારણ રહ્યું છે. આધુનિક ઉદ્યોગો અને વાહન - વ્યવહારમાં અશ્મિભૂત ઈંધણ, કોલસો પેટ્રોલિયમને મોટા પાયા પર વાપરવાથી વાતાવરણમાં વધતી જતી કાર્બન ડાયોકસાઈડની માત્રાએ ગ્રીન હાઉસ અસર ઉત્પન્ન કરી છે. વિમાન બહાર નીકળતાં કલોરોફલ્યુરો કાર્બન વગેરેથી ઓઝોન સ્તરમાં ઘટાડો થાય છે.

છેલ્લા બે સૈકાઓ દરમ્યાન વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડના પ્રમાણમાં ભારે વધારો થયો છે. એનું સંભવિત કા પેટ્રોલિયમના દહન તથા ખેડૂતો દ્વારા જંગલોને લગાડાતી આગ છે. વૈજ્ઞાનિકો એ બાબતે ચિંતિત છે કે કાર્બન ડાયોકસાઈડ અને અન્ય વાયુ પ્રમાણમાં થતો વધારો પૃથ્વીના વાતાવરણને બદલી નાંખશે, સૂર્યમાંથી સતત વિકિરણો પૃથ્વી પર આવ્યા કરે છે. તે પૈકીના ટૂંકી તરંગ લંબ અલ્ટ્રા - વાયોલેટ કિરણો ઓઝોન સ્તરને લીધે અંતરિક્ષમાં પાછા પરાવર્તન પામે છે. બાકીના કિરણો વાતાવરણ દ્વારા પૃથ્વી પર પહોંચે છે. જે ૨૫% વાદળમાં શોષાઈ જાય છે. માત્ર 5% વિકિરણ જ પૃથ્વીની સપાટી પર પહોંચે છે, અને પછી પરાવર્તન પામે છે. અર્થાત્ સૂર્યની ગરમીનો ફક્ત ભાગ પૃથ્વી પર આવે છે. વાતારવરણમાં રહેલા ગ્રીનહાઉસ વાયુને કારણે ગરમી વાતાવરણમાં પ્રસરે છે, પણ વાતાવરણની બહાર જતી ગ્રીનહાઉસ વાયુમાં કાર્બન ડાયોકસાઈડ મુખ્ય છે. જે પરાવર્તિત ગરમીને જાળવી રાખે છે. પરંતુ જો કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધી જાય તો પ્રમાણમાં પરાવર્તિત ગરમી પૃથ્વી પર પાછી આવે છે, અને પૃથ્વી પરના તાપમાનમાં વધારો થાય છે.

વાતાવરણમાં લગભગ **0.03%** કાર્બન ડાયોકસાઈડ છે. કોલસો અને અન્ય અશ્મિજન્ય બળતણના લીધે તેમજ વા પરિવહનને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ સતત વધતું જાય છે. ઈ.સ. ૧૮૭૦ થી ૧૯૭૦ ના સૈકામાં આ પ્રમાણ **290PP** વધીને **320 PPM** થઈ ગયું હતું. હાલમાં તેનું પ્રમાણ ૩૫૦ થી **360 PPM** છે. એવી ગણતરી મૂકવામાં આવે છે કે ૨૦૩૦ ની સાલમાંતે બમણું થઈ આમ, કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધતું જાય તો પૃથ્વીનું તાપમાન પણ વધતું જાય છે. પૃથ્વીના તાપમાનમાં મુખ્યત્વે ચાર વાયુઓ હોય છે.

(૧) કાર્બન ડાયોકસાઈડ **CO2** : પૃથ્વીનું તાપમાન વધારવામાં **57%** નો ફાળો ધરાવે છે.

(૨) મિથેન **CH4** : આ વાયુ **12%** નો હિસ્સો ધરાવે છે.

(3) નાઈટ્રસ ઓકસાઈડ **No2** : આ વાયુ **6%** નોહિસ્સો ધરાવે છે.

(૪) ક્લોરો ફલુરો કાર્બન **CFC** : આ વાયુ **25%** નો હિસ્સો ધરાવે છે.

સંશોધનકારોમાં અંદાજ પ્રમાણે આ વાયુઓનું પ્રમાણ પ્રવર્તમાન દરે વધતાં રહ્યા તો આ સૈકાના અંત સુધીમાં વાતાવરણ તાપમાનમાં સંભવિત **2C°** વૃદ્ધિ થશે. વૈશ્વિક તાપમાન વધવાથી હિમનદીઓ પીગળશે અને દરિયાની સપાટી વધશે કારણકે ગરમ પાણી પાણીની અપેક્ષાએ વધુ ભાગ રોકે છે. આ વાયુઓનું પ્રમાણ ૨ ગુણ થાય તો, દરિયાની સપાટીમાં સરેરાશ વૃદ્ધિ ૦.૫ થી ૨.૫ મિટર દરમ્યાન થ જેનાથી સમુદ્ર કિનારાનાં વિસ્તારો અસરગ્રસ્ત થશે. અને જે જગતની વસ્તીનો ચોથો ભાગ છે.

વિશ્વની હિમશીલાઓ ઓગળવા અંગેની છેલ્લી આંકડાકીય માહિતી ઘણી ચોંકાવનારી છે. તેમાં એમ કહેવામાં આવ્યું છે વિશ્વના અત્યંત ઉંચાઈવાળા પહાડી પ્રદેશો પર આવેલી હિમશીલાઓ અગાઉની તુલનાએ બમણાં વેગથી પીગળી રહી છે. આ માહિતી હિમશીલાઓ ઉપર કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ ઘેરી ચિંતામાં પડી ગઈ છે. આ સંસ્થાઓ એ યુ.એન. એનવાયર્મેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વાહનો દ્વ છોડવામાં આવતા ધુમાડાનું પ્રમાણ ઘટાડવા નવા કરાર અને સમજૂતી કરવાનો અનુરોધ કર્યો છે.

યુ એન એનવાયર્મેન્ટ પ્રોગ્રામનું પીઠબળ ધરાવતી વર્લ્ડ ગ્લેસિયર મોનિટરિંગ સર્વિસના જણાવ્યા મુજબ વિશ્વનાં જુદા - જુદા પહાડી પ્રદેશો ઉપર આવેલી હિમશીલાઓની આંકડાકીય માહિતી સૂચવે છે કે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ વચ્ચે હિમશીલાઓ પીગળવાનો સરેરા દર બમણો થઈ ગયો હતો. યુ એન એનવાયર્મેન્ટ પ્રોગ્રામના ડિરેકટર એસિમ સ્ટેઈનરે કહ્યું હતું કે ૨૦૦૯ નું વર્ષ વિશ્વ માટે લિટમસ ટેસ્ટ પુરવા થશે. આ સંજોગોમાં વિશ્વનાં તમામ દેશોએ વાહનો દ્વારા છોડવામાં આવતાં ધુમાડાનું પ્રમાણ ઘટાડવા માટે નક્કર પગલાં લેવાં પડશે, અને જો તેમ

થાય તો આપણું ભાવિ પણ હિમશીલાઓની જેમ ધીમે - ધીમે પિગળી જશે.

હવે વિચારો ભાવિ પેઢીના નિર્દોષ બાળકોનું શું ? એમને માથે કેવી અઘોર આપત્તિ તોળાઈ રહી છે ? અકાળે ગૂંગળાઈને રિબાઈને મરવાનું કારણ ? આપણાં સમાજના લોકો જ આ ભૂલકાંઓ માટે મોતનો માંચડો સજાવી રહ્યા છે. અને અફસોસ કોઈને લેશમાત્ર ચિંતા નથી. આપણે અમુક દાયકાઓથી ઝેરનું વાવેતર માંડયું છે, તે આપણા ભાવિભૂલકાંઓને નિર્દોષ મોતે મારવા જ છે કે ? આ પ્રશ્ન કેવળ ભૂલકાંના ભાવિ નો નથી, સમગ્ર માનવજાત તથા કદાચ પ્રાણી સૃષ્ટિનાં નિકંદનનો આ ગંભીર પ્રશ્ન છે. જાણીતા પર્યાવરણવાદી ડૉ. નગીનભાઈનું કહેવું છે કે - ઓઝોન પટલમાં જે ગાબડાં પડ્યાં છે, જે સમગ્ર માનવજાતના નિકંદનનું કારણ બની શકે. માણસો એટલે કે આપણી ભાવિ પેઢી કેન્સર, ચામડીના રોગો, શ્વાસની તકલીફ કે વિવિધ અપંગતાની બિમારીઓથી તરફડીને અકાળે મરશે. ડૉ. નગીનમોદીની આગાહી છે કે ઓઝોન પટલનાં ગાબડાં, હવામાનનાં અણધાર્યા તથા વિનાશક પરિવર્તનો, હિમાલયની ઘટતી જતી ઉંચાઈ યા વધતી જતી સમુદ્રની સપાટી, ગ્લોબલ વોર્મિંગ, ગ્રીનહાઉસ ઈફેકટ વગેરે બાવિ પેઢી માટે ચિંતાનો વિષય છે. આ આગાહી ગપ્પાબાજી નથી કારણ કે એમની પાસે નક્કર પુરાવા છે. અમેરિકાની ટેકસાસ યુનિ. ના તથા ઓસ્ટ્રેલિયાના હવામાન સંશોધકોએ એવું સંશોધન સાકાર કર્યું છે કે ૨૧ મી સદીમાં કાળઝાળ ગરમી પડશે, અમુક વિસ્તારમાં વરસાદનું ટીપુંય નહીં પડે, અને ક્યાંક વળી અતિભારે વર્ષા તથા હિમવર્ષા થશે. દા.ત. આપણા દેશમાં જ ઓરિસ્સા પ્રદેશ બંજર રણભૂમિ બની રહ્યો છે. એવા એકાવનારા સમાચાર પણ છે જ કે બંગાળનાં અખાતમાં સુંદરવનનાં બે ટાપુઓને દરિયો ક્યારનોય ગળી ગયો છે. અને બીજા સો ટાપુઓ પર તરાપ મારવાની તૈયારી તે કરી રહ્યો છે ! આપણા ગુજરાતમાં પણ ઠંડી - ગરમીનાં પ્રમાણમાં થનારા મરણતોલ વધારાનો પ્રાથમિક કારમો અનુભવ આપણે અત્યારે જ કરી રહ્યા છીએ. હિમાલયની ઉંચાઈ ઘટતાં ગોબીનાં રણનાં ગરમઝાળ પવનો કે સાઈબિરિયાનાં કાતિલ ઠંડા હિમપવનો આપણા વાયવ્ય વિસ્તારો પર ફૂંકાશે જેમાંથી પણ ગુજરાત નહીં બચે. આપણી આ માતૃભૂમિ કડકડતાં બારમાસી ઠંડા હિમ શિયાળાનો ભોગ બની રહેશે.

સમાપન : વૈજ્ઞાનિકો નવી-નવી શોધો કરી રહ્યા છે, પણ પર્યાવરણ પ્રત્યેની માનવજાતની બેદરકારી ખુદ માનવજાત માટે ખતરારૂપ બની જશે. પૃથ્વી પરનું વધતું તાપમાન માનવજાતિનાં અસ્તિત્વ માટે મોટો ખતરો છે.



# YOGA AND HOLISTIC DEVELOPMENT

Dr. Jaymal S.
(Asst. Prof. Ph

Yoga is good for your posture and structural balance (leading to mental balance), it promotes fle suppleness, strength and stamina, tones and internal organs, improves concentration, teaches you how to br effectively, facilities relaxation and calms mind. When you breathe slowly and deeply, more oxygen circulates blood. During exercise the cells of the body receive a fresh supply of nutrients and oxygen, so increasing ene and the flexibility of youth. Yoga can help a whole range of ailments including asthma, high blood pressure, pain, arthritis, ME, menopausal changes, menstrual problems, stress, anxiety and depression. Yoga movement the major muscle groups and release built up tension. Through posture work, as the body's circulation increase are properly aligned, age related rheumatism and arthritis can be prevented. You should not expect immediat Yoga is a gradual, progressive process. However, some peolple may find instant benefit after their first session. a 'cure all' treatment and care should be taken to find the right teacher and class if you have any medical con some conditions it may be advisable to seek advice from your doctor before commencing a yoga class. It is im the teacher knows your condition prior to the practice.

Yoga can transform new energy, enthusiasm and positive thinking in us and our youth has to adopt it development of their personalities", said Tandon (Governor Chhattisgarh) on the occasion of the maiden In Yoga Day.

Yoga is more than just a workout - it's actually a combination of four components; postures (like breathing practices, deep relaxation, and meditation that can transform your health on many different levels. To how easy yoga can be and how you can reap the many health benefits.

Did you know research shows that up to 90% of doctor visits are linked to stress - related problems? That's is such a perfect remedy. It's the one tool that simultaneously releases stress while improving strength, balance, and overall health. No pill has the power to improve so many areas of your life at one time.

Yoga works across multiple systems in your body at one time. For, example, it helps to :

- Rev up your immunity by raising levels of natural, disease - fighting antioxidants in your body.
- Activate areas of the brain that increase joy and diminish emotions linked to stress.
- Switch on genes that promote health (in as little as 8 weeks even if you're a beginner).
- Decrease the need for diabetes medications by as much as 40 %.
- Reduce depression, anxiety, and stress and increase energy levels.
- Lower your risk for falling and may even help you are gain your balance if you stumble.

# સ્ટુડન્ટસ કાઉન્સીલ (૨૦૧૬-૧૭ અને ૧૭-૧૮)


## અધ્યક્ષ : પ્રિ. ડૉ. ફાલ્ગુની એચ. દેસાઈ

| | | |
|---|---|---|
| • નાણાં સમિતિ | ચેરમેન : પ્રા. દિનેશભાઈ એસ. રાઠોડ | |
| | મંત્રી : પટેલ મયુરીકુમારી ભીખુભાઈ | SY BA - (24) |
| | સભ્ય : પટેલ પ્રિતીકુમારી અશોકભાઈ | MCOM - 1, (48) |
| • પ્લાનીંગ ફોરમ | ચેરમેન : પ્રા. વસંતભાઈ એમ. દેસાઈ | |
| | મંત્રી : પટેલ ભદ્રેશ નાનુભાઈ | TY BCOM - (56) |
| | સભ્ય : વિરવાલ માનશી ધનેશભાઈ | SY BCOM - (120) |
| • મેગેઝિન સમિતિ | ચેરમેન : પ્રા. રમીલાબેન બી. નાયક | |
| | મંત્રી : પટેલ હિમાંશુ મનહરલાલ | FY BCOM - (64) |
| | સભ્ય : ભોયા સેજલ નરોત્તમભાઈ | MA -III, (1) |
| • વક્તૃત્વ-નિબંધ અને સાહિત્ય સભા સમિતિ | ચેરમેન : પ્રા. દક્ષાબેન પી. પટેલ | |
| | મંત્રી : ભંડારી કાજલબેન દિનેશભાઈ | M COM - III, (3) |
| | સભ્ય : વર્મા દર્શનાબેન મહેન્દ્રભાઈ | TY BA - (74) |
| • પ્રવાસ સમિતિ | ચેરમેન : પ્રા. એમ. આર. દેસાઈ | |
| | મંત્રી : ગોહિલ પરેશ લક્ષ્મણભાઈ | SY BA - (33) |
| | સભ્ય : પટેલ પ્રિયંકા રાજેશભાઈ | TY BCOM - (27) |
| • સાંસ્કૃતિક અને સમાજવિદ્યા વર્તુળ સમિતિ | ચેરમેન : પ્રા. એન. કે. નાયક | |
| | મંત્રી : લાડ મિતેશ સંજયભાઈ | M COM -III, (19) |
| | સભ્ય : ચર્તુભુજ તુલસી કેદારનાથ | TY BA-( 70) |
| જીમખાના સમિતિ | ચેરમેન : પ્રા. ડૉ. જયમલ એસ. નાયક | |
| | મંત્રી : મકવાણા કિશન પરસોત્તમભાઈ | M COM - 1, (21) |
| | સભ્ય : રાવલ પાર્થ રાજેશભાઈ | MA - III, (56) |









# પ્રવૃત્તિલોક

## સપ્તધારા

**પ્રા. રમીલા બી. નાયક**
**સંયોજક - સપ્તધારા**
**પ્રા. નયના કે. નાયક**
**અધ્યક્ષ - સાંસ્કૃતિક સમિતિ**

વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી તેમના વ્યક્તિત્વનો સમગ્રલક્ષી વિકાસ થાય તથા વિદ્યાર્થીઓમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, વક્તૃત્વ આદિકલા પ્રત્યે વિશેષ રૂચિ જાગૃત થાય એ હેતુથી વર્ષભર કોલેજમાં વિવિધ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ થતી હોય છે. વિદ્યાર્થી જીવનમાં શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિ પણ વિશેષ મહત્ત્વ ધરાવતી હોય છે. આવા જ શુભ હેતુથી ગુજરાત સરકાર દ્વારા સપ્તધારાનું આયોજન થયું છે. દરેક વિદ્યાર્થી પોતાની મનગમતી ધારામાં જોડાય તેથી તેનો આત્મવિશ્વાસ વધે. તે પોતાના ધ્યેયને સિધ્ધ કરી શકે. આવી સપ્તધારાઓમાંની એક ગીત - સંગીત - નૃત્ય ધારા સાથે સંલગ્ન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત થાય છે. જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાના આત્મતેજને વધારતા હોય છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેનારા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની ઝલક અહીં પ્રસ્તુત છે.

તા. ૨૧-૦૬-૨૦૧૬ ના રોજ સરકારશ્રીના આદેશ અનુસાર વિશ્વયોગ ઉજવણીના ભાગસ્વરૂપે વ્યાયામ યોગ ખેલકૂદ ધારા તથા જ્ઞાનધારાના નેજા હેઠળ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ - બહેનો, સમગ્ર શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફ પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નવસારીના યોગાચાર્યશ્રી નયનાબહેન દ્વારા યોગના વિવિધ આસનો અને પ્રાણાયમનું જીવંત નિદર્શન કરી ઉપસ્થિત સર્વને યોગની તાલીમ આપી. જ્ઞાનધારાના ચેરમેન પ્રા. દક્ષાબેન પટેલે યોગનું મહત્ત્વ સમજાવ્યું.

તા. ૨૮-૦૭-૨૦૧૬ જ્ઞાનધારા હેઠળ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તા. ૨૯-૦૭-૨૦૧૬ ના દિને રંગકલા કૌશલ્ય ધારા હેઠળ મહેંદી અને આરતી શણગારની હરિફાઈનું આયોજન થયું. વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત કલાને બહાર લાવવાનો આ પ્રશસ્ય પ્રયત્ન સફળ રહ્યો.

સેવા સમુદાય ધારા દ્વારા તા. ૨૯-૦૭-૨૦૧૬ ના રોજ શારદાફાઉન્ડેશન તથા દિવ્યભાસ્કરના સહયોગથી વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૩૦-૦૭-૨૦૧૮ ગીત - સંગીતધારા હેઠળ ભજન અને લોકગીત સ્પર્ધાના આયોજન દ્વારા આપણી પરંપરાગત સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી. આ ઉપરાંત સુરક્ષાસેતુ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૫-૦૮-૨૦૧૬ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રંગેચંગે કરવામાં આવી. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા શિવમહિમા સ્ત્રોત નૃત્યની રજૂઆત કરવામાં આવી સાથે શિવલીંગનું સ્થાપન અને વિસર્જન પણ કરવામાં આવ્યું.

તા. ૨૨-૦૮-૨૦૧૬ ના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અભિસ્થાપન કાર્યક્રમનું આયોજન થયું જેમાં અધ્યક્ષસ્થાને વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈ તથા અતિથિવિશેષ તરીકે શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક તથા ચીખલી તાલુકાના મામલતદાર શ્રી પટેલ સાહેબ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા: વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર કરેલ વિદ્યાર્થી પાથેય પુસ્તિકાનું વિમોચન અને વિતરણ કરવામાં આવ્યું.

તા. ૨૭-૦૮-૨૦૧૬ કોલેજ મેગેઝીન વિમલ પ્રગટ કરવામાં આવ્યું. અને સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી બ્રહ્માકુમારી ચીખલી શાળા દ્વારા ટ્રસ્ટી શ્રીમતિ સુવર્ણાબેન દેસાઈના અધ્યક્ષ સ્થાને અનોખી રીતે કરવામાં આવી. વી. એસ. પટેલ કોલેજ બીલીમોરાના ગુજરાતી વિષયના અધ્યાપક મીનાક્ષીબેન પાનવાલાએ આશીર્વચનો પાઠવ્યા. તા. ૦૫-૦૯-૨૦૧૬ ના દિને સ્વયં સંચાલન દિનની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે શિક્ષણ વ્યવસ્થાપન અંગેનું પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું.

નવરાત્રિના દિવસોમાં માતાજીના ગરબા સાથે નવરાત્રિની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. તથા નવા વર્ષને પણ વિદ્યાર્થીઓએ આનંદ ઉત્સાહભેર વધાવી લીધું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલ યુનિ. યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓએ સમૂહગીત, હળવું કંઠય સંગીત, ચિત્રકલા અને હસ્તકલામાં ભાગ લઈ પ્રશંસનીય દેખાવ કરી કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

તા. ૧૩-૦૧-૨૦૧૭ ના દિને જ્ઞાનધારા હેઠળ નિબંધસ્પર્ધાનું આયોજન થયું. ગીત - સંગીત નૃત્યધારા દ્વારા રાષ્ટ્રપ્રેમને જગાડનાર દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન તથા ભજન અને ગીત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિબંધ સ્પર્ધામાં પટેલ કૃણાલ એસ., દેશભક્તિગીત સ્પર્ધામાં લગડ ઝંખના એચ., ભજન સ્પર્ધામાં પટેલ મીનલ પ્રથમ ક્રમે વિજેતા રહ્યા. પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓએ દેશભક્તિગીત દ્વારા દેશપ્રેમની લાગણી વ્યક્ત કરી.

તા. ૧૩-૦૨-૨૦૧૭ ના રોજ ગીતા જયંતિ નિમિત્તે સંસ્કૃત શ્લોક જ્ઞાન સ્પર્ધા તથા શ્રીમદ્ ભગવતગીતા કેન્દ્રિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

તા. ૧૬-૦૨-૨૦૧૭ રંગકલા કૌશલ્ય ધારા હેઠળ ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા યોજવામાં આવી જેમાં પટેલ વિરલ એમ. અને માસાંગે રિન્કલ કે. પ્રથમ ક્રમે વિજેતા રહ્યા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વિવિધ ડે ની ઉજવણી કરી સમાજસેવા, બ્લડ ડોનેશન, વર્ગશણગાર, સફાઈ, પતંગોત્સવ આદિ કાર્ય દ્વારા નેતૃત્વની તાલીમ સાથે આનંદ પણ મેળવ્યો.

વ્યાયામ યોગ ખેલકૂદ ધારા દ્વારા વર્ષભર અઠવાડિયાના દર શનિવારે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યો માટે યોગ ધ્યાન શિબિરનું આયોજન થતું રહ્યું. સમગ્ર સહભાગીઓ તાજગી તથા સ્ફૂર્તિનો અનુભવ કરતા રહ્યા. તા. ૨૮-૦૨-૨૦૧૭ ના દિને વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં અને વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. વાર્ષિકોત્સવ સાથે તેજસ્વી તારલાઓને પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનોએ કોલેજને પ્રગતિ અને સિધ્ધિ અપાવનારા વિદ્યાર્થીઓની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક સિધ્ધિઓને બિરદાવી હતી. કોલેજની દોડવીરાંગના સરિતા ગાયકવાડે યુનિવર્સિટીમાં જ નહીં સમગ્ર રાષ્ટ્રમાં અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચીખલી કોલેજ નું નામ ગુંજતું કરી કોલેજને ગૌરવાન્વિત કરી સંસ્કૃત વિષયની વિદ્યાર્થની કુ. કાજલ પટેલ અને અંગ્રેજી વિષયમાં કુ. ઘર્મિષ્ઠા પટેલ યુનિ. પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો. અંગ્રેજી ફરજીયાત વિષયમાં સૌથી વધુ માર્ક મેળવી ટી. બી. એ. ની વિદ્યાર્થીની કોલેજને ગૌરવ અપાવ્યું. **N.C.C., N.S.S.**, સપ્તધારા, રમત-ગમત આદિક્ષેત્રે પ્રશંસનીય દેખાવ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને બિરદાવવામાં આવ્યા.

અંતમાં વિદ્યાર્થીઓએ ગુજરાત ગીત, સ્વાગત નૃત્ય, ડાંગી નૃત્ય, દેશભક્તિગીત તથા ફિલ્મી ગીતો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

સમગ્ર વર્ષ દરમિયાન સમગ્ર સ્ટાફ સભ્યોનો સક્રિયપણે સહયોગ મળ્યો. કોલેજના યુવાન અને ઉત્સાહી સુકાની ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા સતત પ્રેરણા અને માર્ગદર્શન મળતું રહ્યું.

## વિવેકાનંદ મંચ

વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન તથા ઉપાચાર્ય શ્રી ડી. એસ. રાઠોડ તથા પ્રા. સી. ડી. પટેલ દ્વારા વિવેકાનંદના જીવન વિષયક પ્રેરક ઉદ્‌બોધન સાથે મેજર ઉન્મેષ પંડયાના મનનીય વક્તવ્યનો વિદ્યાર્થીઓએ લાભ પ્રાપ્ત થયો. મેનેજર ઉન્મેષ પંડયાએ વિવેકાનંદ ના જીવન સાથે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓએ કેવું ચારિત્ર્ય બનાવવું જોઈએ તેના ચિંતન માટે પ્રેરણા આપી. પ્રા. સી. ડી. પટેલે વિદ્યાર્થીઓએ પુસ્તિકા તથા આચાર્યાશ્રીએ જીવન પાથેય પુસ્તિકાનું વિતરણ કર્યું.



# જ્ઞાનધારા, સાહિત્ય સભા

- પ્રા. દક્ષાબેન પી. પટેલ

શ્રી રામચંદ્ર મિશન, યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટર ફોર ઈન્ડિયા એન્ડ ભૂતાન આયોજિત અખિલ ભારતીય નિબંધલેખન સ્પર્ધા ૨૦૧૭ માં આપણી કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નીચે જણાવેલા વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાએ વિજયી નીવડ્યા હતા.

પ્રથમ : પટેલ કૃણાલ એસ.**M.Com.**

દ્વિતીય : પટેલ મીનાક્ષી જે.**F.Y. B.A.**

વિષય : જ્ઞાનનો મોટામાં મોટા શત્રુ અજ્ઞાનતા નથી પણ જ્ઞાન ન હોવાનો ભ્રમ છે. - સ્ટીફન હોડીંગ

આપણી કોલેજના ત્રણ વિદ્યાર્થીઓની ટીમે બી.કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે ગુજરાત ક્વીઝ સ્પર્ધામાં ભાગ લઈ તૃતીય ક્રમાંક મેળવ્યો હતો.

| | | | |
|---|---|---|---|
| વિજેતા ટીમ : | (૧) શેઠ વિરલ આશીષભાઈ | **T.Y.B.com.** | **69** |
| | (૨) રાઠોડ ભાવિન બુધાભાઈ | **T.Y.B.com.** | **67** |
| | (૩) નાયકા જયેશભાઈ મહેશભાઈ | **T.Y.B.com.** | **50** |

શ્રી સત્યસાંઈ આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા ૨૦૧૭ - નવસારી

વિષય : સોશ્યલ નેટવર્કિંગ આશીર્વાદ છે કે અભિશાપ !

આશ્વાસન ઈનામ : ચોથો ક્રમ - કાજલ એ. ચૌધરી - **F.B.Com. 07**

પાંચમો ક્રમ - આરતી એચ. ગરાસિયા - **F.B.Com. 17**

આપણી કોલેજના વીર નર્મદ દ. ગુ. યુનિ. વિદ્યા વિસ્તરણ વ્યાખ્યાનમાળા અન્વયે સંસ્કૃત તથા ગુજરાતી વિષયના ટી.વાય.બી.એ. ના વિદ્યાર્થીઓ માટે પ્રા. ડૉ. અજય પટેલ, સંસ્કૃત વિભાગ, શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી. એન. પારેખ કોમર્સ કોલેજનું વ્યાખ્યાન તા. ૨૭-૧-૨૦૧૭ ના રોજ આયોજિત થયું. આ વ્યાખ્યાનનો વિષય હતો. કાવ્યમાં છંદ અને અલંકાર ડૉ. અજય સી. પટેલના લાક્ષણિક શૈલીમાં અપાયેલા વિદ્વતાસભર વ્યાખ્યાન થકી વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા.

સાહિત્ય સભાના તથા હિન્દી વિભાગના ઉપક્રમે હિન્દી-દિવસ નિમિત્તે ચીખલી કોલેજમાં તા. ૧૪ મી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ ૧૧-૦૦ કલાકે ડિજીટલ રૂમમાં હિન્દી કાવ્ય પઠનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો કોલેજના આચાર્યાશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈની હાજરી પ્રેરણાત્મક રહી. પ્રા. ડૉ. મુકેશ પટેલે દેશ-વિદેશમાં હિન્દીનું સ્થાન તથા ૧૪મી સપ્ટેમ્બર સંવિધાન અને રાજભાષા હિન્દીની સ્થિતિ સ્પષ્ટ કરી.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા પ્રા. ઈન્દુબેન પટેલ તથા પ્રા. ડૉ. રિયાઝ તાઈ એ આપી

પરિણામ

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ ક્રમ | - | આફતાબ દિવાન | એસ.વાય.બી.એ. | ૮૬ |
| દ્વિતીય ક્રમ | - | આરતી યુ. પુરોહિત | એસ.વાય.બી.એ. | ૨૦૪ |
| તૃતીય ક્રમ | - | પાયલ બી. રાઠોડ | એસ.વાય.બી.એ. | ૨૦૫ |

હિન્દી દિવસના ઉપલક્ષ્યમાં બીજી સ્પર્ધા ૧૪મી સપ્ટેમ્બર ડિજીટલ રૂમમાં હિન્દી ગીત - ગઝલ - ભજન ગાનની રાખવામાં આવી જેનું પરિણામ નીચે મુજબ રહ્યું.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ વિજેતા | - | કુ. ઝંખના લગડ | ટી.વાય.બી.એ. | ૮૬ |
| દ્વિતીય વિજેતા | - | શ્રી સંજય કે. છીપી | એફ.વાય.બી.એ. | ૩૭ |
| તૃતીય વિજેતા | - | શ્રી મીનલ બી. પટેલ | એસ.વાય.બી.એ. | ૧૦૩ |

પ્રા. નયનાબેન નાયક તથા પ્રા. ડૉ. રિયાઝ તાઈએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.એ. હિન્દીની વિદ્યાર્થીની સ્મિતા પટેલે કર્યું હતું.

# ઉદિશા

કારકિર્દી માર્ગદર્શન -

તા. ૧૦-૩-૨૦૧૭ ના રોજ શ્રી એમ. આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ ચીખલીમાં પી. જી. કક્ષાએ એમ. કોમ. ના વિદ્યાર્થીઓ માટે એક્સિસ બેંક દ્વારા જોબ પ્લેસમેન્ટ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા. જેમાં એમ.કોમ. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એક્સિસ બેંકના અધિકારીઓ શ્રી નિલેશ બારોલીયા અને અમીત શર્મા સાહેબ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી નિલેશ બારોલીયા દ્વારા એક્સિસ બેંક વિશે માહિતી આપી વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા. આરંભમાં ઉદિશા સેલના કન્વીનર શ્રી ચેતનભાઈ પટેલે સૌને આવકાર્યા હતા અને કોલેજના આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમજ એકાઉન્ટ વિભાગના ડૉ. વાય.જે.દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને વિદ્યાર્થીઓને સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. અને વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુના કામ પતાવી એક્સિસ બેંકના અધિકારીઓએ વિદાય લીધી હતી.

તા. ૧૬-૨-૨૦૧૭ ના રોજ શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ.ઈ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ ચીખલીમાં સ્નાતક કક્ષાએ ટી.વાય.બી.એ. / બી.કોમ ના વિદ્યાર્થીઓના માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ ડિજિટલ રૂમ નં. ૦૬ માં આયોજિત થયો. જેમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સ્નાતક થયા પછી શું ? વિદ્યાર્થી પોતાની કારકિર્દી બનાવવા માટે શું કરી શકે ? એને માટે અલગ-અલગ પરીક્ષાઓ થકી કઈ-કઈ દિશાઓ ખુલે છે ? આ પરીક્ષાઓ કઈ-કઈ ભાષાઓના માધ્યમમાં હોય છે ? વગેરે બાબતોની માહિતી આપતો આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી રહ્યો.

બેન્કીંગ ક્લાર્ક, તલાટી જેવી સેવા મેળવવા માટે સરકારી-અર્ધસરકારી નોકરી માટે કઈ પાત્રતાઓ જરૂરી છે એને માટે કેવી તૈયારી કરવી જોઈએ તથા એ અંગેની માહિતીના સ્ત્રોત સાથે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.ની પરીક્ષાઓ અને એમાંથી થતા લાભો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ શ્રી કેવલ શાહ અને એમની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ ના આરંભે ઉદિશા સેલના કન્વીનર પ્રા. ચેતનભાઈ પટેલે સૌને આવકાર્યા હતા. આપણા આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડ્યું. કોમર્સ વિભાગના અધ્યાપકો પ્રા. દિનેશભાઈ રાઠોડ, પ્રા. હેમાંગીની દેસાઈ તથા ઈતિહાસ વિભાગના પ્રા. ઈન્દુબેન પટેલે આ' કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રા. ચેતનભાઈ પટેલે ઈતિહાસ વિભાગ દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમ સંપન્ન થયેલો જાહેર કરવામાં આવ્યો હતો.

તા. ૪-૮-૨૦૧૬ ના રોજ શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજમાં સ્નાતક કક્ષાએટી.વાય.બી.એ./બી.કોમ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ મોહનકાકા લાઈબ્રેરી હોલમાં રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સ્નાતક થયા પછી શું ? અને વિદ્યાર્થીઓના માટે એમણે નકશા અને શૈક્ષણિક મોડ્યુલ તૈયાર કર્યું હતુ. તેને ખુબ જ વાકછટાથી રજુઆત કરી હતી. પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે આ અંગે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ દાખવ્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ અને બીસીએ કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય અશોકભાઈ સોલંકી તથા સૌ સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા અને પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટનો સૌએ આભાર વ્યક્ત કર્યો હતો. અંતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ આભારવિધિથી કરી . કાર્યક્રમને સંપન્ન થયેલો જાહેર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત **SPIPA** દ્વારા વિદ્યાર્થીના સમગ્રતાલક્ષી વિકાસ, સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના માર્ગદર્શક કાર્યક્રમો પણ યોજાયા હતા.

# જીમખાના સમિતિ

**૨૦૧૬-૧૭**

**ડૉ. જયમલ એસ. નાયક**

➢ **સરિતા એલ. ગાયકવાડ - ગોલ્ડ મેડલ ૧૦૦ મી. દોડ**
**બ્રોન્ઝ મેડલ - ૪૦૦ મી. વિઘ્નદોડ**
**૭૭ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીક મીટ ૨૦૧૬-૧૭**
**આયોજક : યુનિ. ઓફ ચેન્નાઈ (કોયમ્બતુર)**

- સરિતા ગાયકવાડની નેશનલ ઈન્ડિયા કેમ્પમાં પસંદગી પટિયાલા પંજાબ મુકામે ટ્રેનિંગ ચાલુ છે.
- વીર નર્મદ દ. ગુ. યુનિ. ૪૪ માં ખેલકૂદ રમતોત્સવમાં આપણી કોલેજ બીજી વાર ચેમ્પિયન બની છે. જેમાં સરિતા ગાયકવાડ વ્યક્તિગત ચેમ્પિયન બની હતી. જેમાં આપણી કોલેજની એથ્લેટીકસ ટીમે ૯ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૨૩ મેડલો પ્રાપ્ત કર્યા હતા.
- કાચરોલા નિકિતા (એમ.કોમ.-૧) બેડમિન્ટન રમતમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. સ્પર્ધામાં નાંદેદ (મહારાષ્ટ્ર) ખાતે આપણી યુનિ. વતી ભાગ લીધો.
- પ્રિયંકા પટેલે (ટી.વાય.બી.કોમ.) ખોખો રમતમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. સ્પર્ધામાં અજમેર ખાતે આપણી યુનિ.નું પ્રતિનિધિત્વ કરી ક્વાટર ફાઈનટ સુધી પહોંચ્યા.
- સરિતા એલ. ગાયકવાડ અને ઈનામુલ મુલ્લા (એસ.વાય.બી.એ.) એથ્લેટીકસમાં ચેન્નાઈ કોયમ્બતુર મુકામે યુનિ. ની ટીમ વતી ૭૭ મી. ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીકસ મીટ ૨૦૧૬-૧૭ માં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સૌપ્રથમ વાર સરિતાએ ૪૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.
- ધ્રુમિલ દેસાઈ (એફ.વાય.બી.એ.) એ ભોપાલ બર્કતુલ્લા યુનિ. ખાતે યુનિ. ની ક્રિકેટ ટીમ વતી વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્ના. માં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જેમાં સેમી ફાઈનલ મેચમાં મુંબઈ યુનિ. સામે ૫ વિકેટ લઈ મેન ઓફ ધી મેચ બન્યા હતા. આપણી યુનિ. ની ટીમ ૨૪ વર્ષ પછી ઓલ ઈન્ડિયા રોહિંગ્ટન બારીયા ટ્રોફી ચેમ્પિયન બની.
- ખેલ મહાકુંભ ૨૦૧૬-૧૭ માં આપણી કોલેજનાં વિદ્યાર્થી પ્રિયંકા પટેલ, ઈનામુલ મુલ્લા, નિલેશ્વરી પટેલ, ધવલ શર્મા એ જીલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી મેડલો પ્રાપ્ત કર્યા હતા.
- આપણી કોલેજમાં વીર નર્મદ દ. ગુ. યુનિ. બી-ડી ઝોન ઈન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૧ કોલેજની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આપણી કોલેજ ની કબડ્ડી ટીમ ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી.
- બેડમિન્ટન (બહેનો) સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ સેમી ફાઈનલ સુધી પહોંચી સિડિંગ મેળવેલ છે. આવતા વર્ષે આપણી ટીમ સીધી ક્વાટર ફાઈનલ મેચથી શરૂ કરશે.
- ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ ત્રીજા ક્રમે રહી હતી.
- બેડમિન્ટન (ભાઈઓ) સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ ક્વાટર ફાઈનલ સુધી પહોંચી હતી.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ ક્રિકેટ ડી ઝોનમાં આપણી કોલેજની ટીમ સૌપ્રથમ વાર ચેમ્પિયન બની અને ઈન્ટર ઝોન સ્પર્ધામાં પણ સેમી ફાઈનલ સુધી સૌપ્રથમ વાર પહોંચી હતી.
- સરિતા ગાયકવાડે નેશનલ ઓપન એથ્લેટીકસ મીટ માં લખનૌ મુકામે ૪૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ અને ૪૦૦ મી. દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે.
- આપણી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થી સરિતા ગાયકવાડે ૪ એપ્રિલથી ૧૫ એપ્રિલ દરમ્યાન ઓસ્ટ્રેલિયાનાં ગોલ્ડકોસ્ટ ખાતે ૪ x ૪૦૦ મી રીલે દોડ ઈવેન્ટમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ કોલેજનું નામ રોશન કર્યું છે.
  કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતમાંથી સરિતા પ્રથમ એથ્લીટ બની ગઈ છે.
- આ અગાઉ એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટમાં ઈન્ડોનેશિયા મુકામે સરિતાએ ૪૦૦ મી હર્ડલ્સ અને ૪ x ૪૦૦ મી રીલે દોડમાંગોલ્ડ મેડલ મેળવી કોમન વેલ્થ ગેમ્સ માટેપોતાની દાવેદારી નોંધાવી હતી.

**૨૦૧૭-૧૮**

- વીર નર્મદ દ.ગુ. યુનિ. સ્વીમીંગ - વોટર પોલો ટીમમાં આપણી કોલેજનાં એસ.વાય.બી.એ. નાં વિદ્યાર્થી રાઉત શાંતિદાસ કે. ની પસંદગી થઈ હતી. જેઓએ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. વોટર પોલો ચેમ્પિનશીપમાં પંજાબનાં ચંડીગઢ યુનિ. ખાતે વીર નર્મદ દ. ગુ. યુનિ. સુરતનું પ્રતિનિધિત્વ કરી આપણી કોલેજનું નામ રોશન કરેલ હતું.
- વીર નર્મદ દ.ગુ. યુનિ. ખોખો (બહેનો) ની ટીમમાં આપણી કોલેજની એમ.કોમ. પાર્ટ - ૧ ની વિદ્યાર્થીની પટેલ પ્રિયંકા બી. અને એસ. વાય. બી.એ. ની વિદ્યાર્થીની ગાયન નિરાલી એમ. ની પસંદગી થઈ હતી. જેઓએ વેસ્ટઝોન ઈન્ટર યુનિ. ખોખો ચેમ્પિયનશીપમાં ગુજરાત

વિદ્યાપીઠ સાદરા મુકામે આપણી યુનિ. નું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કરેલ હતો. જેમાં કેપ્ટન તરીકે આપણી કોલેજની વિદ્યાર્થીની પ્રિયંકા પટેલે યુનિ. ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

- વીર નર્મદ દ.ગુ. યુનિ. ક્રકેટ (ભાઈઓ) ની ટીમમાં આપણી કોલેજનાં એફ.વાય.બી.એ. નાં વિદ્યાર્થીઓ (૧) દેસાઈ ધ્રુમિલ જે. (૨) પટેલ અક્ષય આર. (૩) પટેલ મોહિત ડી. ની પસંદગી થઈ હતી. તેમજ રામાનંદી જિતેન એ. ની ફર્સ્ટ સ્ટેન્ડ બાય તરીકે પસંદગી થઈ છે. જેઓ આગામી દિવસોમાં બર્કતુલ્લા યુનિ. ભોપાલ ખાતે આપણી યુનિ. ક્રકેટ ટીમોનું પ્રતિનિધિત્વ કર્યું. તેમજ આ તમામ ખેલાડીઓ બરોડા ક્રિકેટ એસો. વતી નવસારી જિલ્લામાંથી પણ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.
- આપણી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને આંતરરાષ્ટ્રીય એથ્લીટ સરિતા ગાયકવાડની જકાર્તા (ઈન્ડોનેશિયા) ખાતે યોજાનાર એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટ કોમ્પિટિશન માટે પસંદગી થઈ હતી. જેઓએ ૧૧-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન ભારતની ૩૬ સભ્યોની એથ્લેટીકસ ટીમ વતી ૪૦૦ મી. રીલે અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા.
- ખેલમહાકુંભ ૨૦૧૮ માં આપણી કોલેજનાં વિદ્યાર્થીઓએ જીલ્લા કક્ષાએ નીચેની રમતોમાં મેડલ મેળવી રાજ્યકક્ષા એ ભાગ લીધેલ હતો.
  (૧) પટેલ પ્રિયંકા બી. (ગોલ્ડ મેડલ) - ૧૦૦ મી. દોડ, ૪૦૦ મી. દોડ
  (૨) પટેલ વૈભવી બી. (ગોલ્ડ મેડલ) - બરછી ફેંક
  (૩) પટેલ કાજલ આર. (સિલ્વર મેડલ) - ૧૦૦ મી. દોડ, ઊંચી કૂદ
  (૪) પટેલ વૃષભ ડી. (સિલ્વર મેડલ) - ૪૦૦ મી. દોડ
  (૫) મુલ્લા ઈનામુલ એચ. (સિલ્વર મેડલ) - લંગળી ફાળ કૂદ
  (૬) પટેલ વિપુલ આર. (બ્રોન્ઝ મેડલ) - ૪૦૦ મી. દોડ
- આપણી કોલેજમાં ડી ઝોન ઈન્ટર કોલેજ વોલીબોલ ટુર્ના. ૨૦૧૭-૧૮ નું આયોજન થયું હતું. જેમાં કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ચેમ્પિયન વાપીની કે. બી. એસ. કોલેજ અને રનર્સ - અપ વલસાડની બી. કે. એમ. સાયન્સ કોલેજ થઈ હતી.
- આપણી કોલેજની ક્રિકેટ ટીમે સતત બીજા વર્ષે વીર નર્મદ દ.ગુ. યુનિ. ઈન્ટર કોલેજ ડી ઝોન ક્રિકેટ ટુર્ના. ની ફાઈનલ મેચમાં નારણલાલા કોલેજ ઓફ પ્રોફે. એન્ડ એપ્લાઈડ સાયન્સીસ નવસારીને હરાવી ચેમ્પિયન બની હતી.
- વીર નર્મદ દ.ગુ. યુનિ. ૪૫ માં એથ્લેટીકસ રમતોત્સવમાં પ્રિયંકા પટેલે (એમ.કોમ.-૧) ૧૦૦ મી. અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં ગોલ્ડ મેડલ, ૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી. દોડ, લાંબી કૂદ, લંગડી ફાળ કૂદ અને ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્તકર્યો હતો.પટેલ વિપુલે (ટી.વાય.બી.કોમ.) ૧૦૦ મી.વિઘ્નદોડમાં ગોલ્ડ મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે અને ૪૦૦ મી. વિઘ્ન દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગાયન નિરાલી એ. (એસ. વાય. બી. એ. - ૧૩૦) ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ કાજલ આર. (ટી. વાય. બી. એ. - ૧૩૫) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ નિલેશ્વરી એસ. (એસ.વાય.બી.એ. - ૧૩૯) એ ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કોકણી કાજલ બી. (એફ.વાય.બી.એ. - ૨૬૧) ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ વૃષભ ડી. (એસ.વાય.બી.એ. - ૯૪) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ હિરેન (એસ.વાય.બી.એ.) એ ૮૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ અને ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ફડવડીયા આનંદ આર. (ટી.વાય.બી.એ.-૨૬) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આમ, આપણી કોલેજની એથ્લેટીકસની ટિમે કુલ ૪ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૩ મેડલો પ્રાપ્ત કર્યા હતા.

## : સિદ્ધિઓ :

### સરીતા ગાયકવાડ :

- વર્લ્ડ રીલેઝ ચેમ્પિયનશીપ નસાઉ (ટી.રોબીન્સન સ્ટેડિયમ), બાહમાસ (અમેરિકા) (૨૨-૨૩ એપ્રિલ ૨૦૧૭) ઈન્ટરનેશનલ ઈવેન્ટસ માં પ્રતિભાગી થઈ.
- ઉત્તરપ્રદેશના લખનૌ મુકામે નેશનલ ઓપન એથ્લેટિકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મી. વિઘ્ન દોડમાં (૫૯.૩૨ સમય) સિલ્વર મેડલ અને ૪૦૦ મી. દોડમાં (૫૪.૫૬ સમય) બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.
- **બ્રોન્ઝ મેડલ : ૪૦૦ મી. દોડ (૫૯.૭૭ સમય)** - ૫૭ મી ઈન્ટર સ્ટેટ સિનિયર એથ્લેટીક ચેમ્પિયનશીપ ૨૦૧૭ (ગંટુર - આંધ્રપ્રદેશ)

### ધ્રુમિલ જે. દેસાઈ :

- ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટ બરકતુલ્લાહ યુનિવર્સિટી ભોપાલ મુકામે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ચેમ્પિયન ટીમના ખેલાડી હતા.

# સ્ટુડન્ટસ કાઉન્સીલ (૨૦૧૬-૧૭ અને ૧૭-૧૮)


## અધ્યક્ષ : પ્રિ. ડૉ. ફાલ્ગુની એચ. દેસાઈ

| | | |
|---|---|---|
| • નાણાં સમિતિ | ચેરમેન : પ્રા. દિનેશભાઈ એસ. રાઠોડ | |
| | મંત્રી : પટેલ મયુરીકુમારી ભીખુભાઈ | SY BA - (24) |
| | સભ્ય : પટેલ પ્રિતીકુમારી અશોકભાઈ | MCOM - 1, (48) |
| • પ્લાનીંગ ફોરમ | ચેરમેન : પ્રા. વસંતભાઈ એમ. દેસાઈ | |
| | મંત્રી : પટેલ ભદ્રેશ નાનુભાઈ | TY BCOM - (56) |
| | સભ્ય : વિરવાલ માનશી ધનેશભાઈ | SY BCOM - (120) |
| • મેગેઝિન સમિતિ | ચેરમેન : પ્રા. રમીલાબેન બી. નાયક | |
| | મંત્રી : પટેલ હિમાંશુ મનહરલાલ | FY BCOM - (64) |
| | સભ્ય : ભોયા સેજલ નરોત્તમભાઈ | MA -III, (1) |
| • વક્તૃત્વ-નિબંધ અને સાહિત્ય સભા સમિતિ | ચેરમેન : પ્રા. દક્ષાબેન પી. પટેલ | |
| | મંત્રી : ભંડારી કાજલબેન દિનેશભાઈ | M COM - III, (3) |
| | સભ્ય : વર્મા દર્શનાબેન મહેન્દ્રભાઈ | TY BA - (74) |
| • પ્રવાસ સમિતિ | ચેરમેન : પ્રા. એમ. આર. દેસાઈ | |
| | મંત્રી : ગોહિલ પરેશ લક્ષ્મણભાઈ | SY BA - (33) |
| | સભ્ય : પટેલ પ્રિયંકા રાજેશભાઈ | TY BCOM - (27) |
| • સાંસ્કૃતિક અને સમાજવિદ્યા વર્તુળ સમિતિ | ચેરમેન : પ્રા. એન. કે. નાયક | |
| | મંત્રી : લાડ મિતેશ સંજયભાઈ | M COM -III, (19) |
| | સભ્ય : ચર્તુભુજ તુલસી કેદારનાથ | TY BA-( 70) |
| જીમખાના સમિતિ | ચેરમેન : પ્રા. ડૉ. જયમલ એસ. નાયક | |
| | મંત્રી : મકવાણાા કિશન પરસોત્તમભાઈ | M COM - 1, (21) |
| | સભ્ય : રાવલ પાર્થ રાજેશભાઈ | MA - III, (56) |









# પ્રવૃત્તિલોક

## સપ્તધારા

**પ્રા. રમીલા બી. નાયક**
**સંયોજક - સપ્તધારા**
**પ્રા. નયના કે. નાયક**
**અધ્યક્ષ - સાંસ્કૃતિક સમિતિ**

વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી તેમના વ્યક્તિત્વનો સમગ્રલક્ષી વિકાસ થાય તથા વિદ્યાર્થીઓમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, વક્તૃત્વ આદિકલા પ્રત્યે વિશેષ રૂચિ જાગૃત થાય એ હેતુથી વર્ષભર કોલેજમાં વિવિધ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ થતી હોય છે. વિદ્યાર્થી જીવનમાં શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિ પણ વિશેષ મહત્ત્વ ધરાવતી હોય છે. આવા જ શુભ હેતુથી ગુજરાત સરકાર દ્વારા સપ્તધારાનું આયોજન થયું છે. દરેક વિદ્યાર્થી પોતાની મનગમતી ધારામાં જોડાય તેથી તેનો આત્મવિશ્વાસ વધે. તે પોતાના ધ્યેયને સિધ્ધ કરી શકે. આવી સપ્તધારાઓમાંની એક ગીત - સંગીત - નૃત્ય ધારા સાથે સંલગ્ન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત થાય છે. જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાના આત્મતેજને વધારતા હોય છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેનારા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની ઝલક અહીં પ્રસ્તુત છે.

તા. ૨૧-૦૬-૨૦૧૬ ના રોજ સરકારશ્રીના આદેશ અનુસાર વિશ્વયોગ ઉજવણીના ભાગસ્વરૂપે વ્યાયામ યોગ ખેલકૂદ ધારા તથા જ્ઞાનધારાના નેજા હેઠળ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ - બહેનો, સમગ્ર શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફ પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નવસારીના યોગાચાર્યશ્રી નયનાબહેન દ્વારા યોગના વિવિધ આસનો અને પ્રાણાયમનું જીવંત નિદર્શન કરી ઉપસ્થિત સર્વને યોગની તાલીમ આપી. જ્ઞાનધારાના ચેરમેન પ્રા. દક્ષાબેન પટેલે યોગનું મહત્ત્વ સમજાવ્યું.

તા. ૨૮-૦૭-૨૦૧૬ જ્ઞાનધારા હેઠળ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તા. ૨૯-૦૭-૨૦૧૬ ના દિને રંગકલા કૌશલ્ય ધારા હેઠળ મહેંદી અને આરતી શણગારની હરિફાઈનું આયોજન થયું. વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત કલાને બહાર લાવવાનો આ પ્રશસ્ય પ્રયત્ન સફળ રહ્યો.

સેવા સમુદાય ધારા દ્વારા તા. ૨૯-૦૭-૨૦૧૬ ના રોજ શારદાફાઉન્ડેશન તથા દિવ્યભાસ્કરના સહયોગથી વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૩૦-૦૭-૨૦૧૮ ગીત - સંગીતધારા હેઠળ ભજન અને લોકગીત સ્પર્ધાના આયોજન દ્વારા આપણી પરંપરાગત સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી. આ ઉપરાંત સુરક્ષાસેતુ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૫-૦૮-૨૦૧૬ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રંગેચંગે કરવામાં આવી. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા શિવમહિમા સ્ત્રોત નૃત્યની રજૂઆત કરવામાં આવી સાથે શિવલીંગનું સ્થાપન અને વિસર્જન પણ કરવામાં આવ્યું.

તા. ૨૨-૦૮-૨૦૧૬ ના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અભિસ્થાપન કાર્યક્રમનું આયોજન થયું જેમાં અધ્યક્ષસ્થાને વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈ તથા અતિથિવિશેષ તરીકે શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક તથા ચીખલી તાલુકાના મામલતદાર શ્રી પટેલ સાહેબ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર કરેલ વિદ્યાર્થી પાથેય પુસ્તિકાનું વિમોચન અને વિતરણ કરવામાં આવ્યું.

તા. ૨૭-૦૮-૨૦૧૬ કોલેજ મેગેઝીન વિમલ પ્રગટ કરવામાં આવ્યું. અને સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી બ્રહ્માકુમારી ચીખલી શાળા દ્વારા ટ્રસ્ટી શ્રીમતિ સુવર્ણાબેન દેસાઈના અધ્યક્ષ સ્થાને અનોખી રીતે કરવામાં આવી. વી. એસ. પટેલ કોલેજ બીલીમોરાના ગુજરાતી વિષયના અધ્યાપક મીનાક્ષીબેન પાનવાલાએ આશીર્વચનો પાઠવ્યા. તા. ૦૫-૦૯-૨૦૧૬ ના દિને સ્વયં સંચાલન દિનની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે શિક્ષણ વ્યવસ્થાપન અંગેનું પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું.

નવરાત્રિના દિવસોમાં માતાજીના ગરબા સાથે નવરાત્રિની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. તથા નવા વર્ષને પણ વિદ્યાર્થીઓએ આનંદ ઉત્સાહભેર વધાવી લીધું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલ યુનિ. યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓએ સમૂહગીત, હળવું કંઠ્ય સંગીત, ચિત્રકલા અને હસ્તકલામાં ભાગ લઈ પ્રશંસનીય દેખાવ કરી કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

તા. ૧૩-૦૧-૨૦૧૭ ના દિને જ્ઞાનધારા હેઠળ નિબંધસ્પર્ધાનું આયોજન થયું. ગીત - સંગીત નૃત્યધારા દ્વારા રાષ્ટ્રપ્રેમને જગાડનાર દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન તથા ભજન અને ગીત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિબંધ સ્પર્ધામાં પટેલ કૃણાલ એસ., દેશભક્તિગીત સ્પર્ધામાં લગડ ઝંખના એચ., ભજન સ્પર્ધામાં પટેલ મીનલ પ્રથમ ક્રમે વિજેતા રહ્યા. પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓએ દેશભક્તિગીત દ્વારા દેશપ્રેમની લાગણી વ્યક્ત કરી.

તા. ૧૩-૦૨-૨૦૧૭ ના રોજ ગીતા જયંતિ નિમિત્તે સંસ્કૃત શ્લોક જ્ઞાન સ્પર્ધા તથા શ્રીમદ્ ભગવતગીતા કેન્દ્રિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

તા. ૧૬-૦૨-૨૦૧૭ રંગકલા કૌશલ્ય ધારા હેઠળ ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા યોજવામાં આવી જેમાં પટેલ વિરલ એમ. અને માસાંગે રિન્કલ કે. પ્રથમ ક્રમે વિજેતા રહ્યા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વિવિધ ડે ની ઉજવણી કરી સમાજસેવા, બ્લડ ડોનેશન, વર્ગશણગાર, સફાઈ, પતંગોત્સવ આદિ કાર્ય દ્વારા નેતૃત્વની તાલીમ સાથે આનંદ પણ મેળવ્યો.

વ્યાયામ યોગ ખેલકૂદ ધારા દ્વારા વર્ષભર અઠવાડિયાના દર શનિવારે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યો માટે યોગ ધ્યાન શિબિરનું આયોજન થતું રહ્યું. સમગ્ર સહભાગીઓ તાજગી તથા સ્ફૂર્તિનો અનુભવ કરતા રહ્યા. તા. ૨૮-૦૨-૨૦૧૭ ના દિને વિમલ ઉચ્ચતર કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં અને વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. વાર્ષિકોત્સવ સાથે તેજસ્વી તારલાઓને પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનોએ કોલેજને પ્રગતિ અને સિદ્ધિ અપાવનારા વિદ્યાર્થીઓની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવી હતી. કોલેજની દોડવીરાંગના સરિતા ગાયકવાડે યુનિવર્સિટીમાં જ નહીં સમગ્ર રાષ્ટ્રમાં અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચીખલી કોલેજ નું નામ ગુંજતું કરી કોલેજને ગૌરવાન્વિત કરી સંસ્કૃત વિષયની વિદ્યાર્થની કુ. કાજલ પટેલ અને અંગ્રેજી વિષયમાં કુ. ધર્મિષ્ઠા પટેલ યુનિ. પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો. અંગ્રેજી ફરજીયાત વિષયમાં સૌથી વધુ માર્ક મેળવી ટી. બી. એ. ની વિદ્યાર્થીની કોલેજને ગૌરવ અપાવ્યું. **N.C.C., N.S.S.**, સપ્તધારા, રમત-ગમત આદિક્ષેત્રે પ્રશંસનીય દેખાવ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને બિરદાવવામાં આવ્યા.

અંતમાં વિદ્યાર્થીઓએ ગુજરાત ગીત, સ્વાગત નૃત્ય, ડાંગી નૃત્ય, દેશભક્તિગીત તથા ફિલ્મી ગીતો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

સમગ્ર વર્ષ દરમિયાન સમગ્ર સ્ટાફ સભ્યોનો સક્રિયપણે સહયોગ મળ્યો. કોલેજના યુવાન અને ઉત્સાહી સુકાની ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા સતત પ્રેરણા અને માર્ગદર્શન મળતું રહ્યું.

## વિવેકાનંદ મંચ

વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન તથા ઉપાચાર્ય શ્રી ડી. એસ. રાઠોડ તથા પ્રા. સી. ડી. પટેલ દ્વારા વિવેકાનંદના જીવન વિષયક પ્રેરક ઉદ્‌બોધન સાથે મેજર ઉન્મેષ પંડયાના મનનીય વક્તવ્યનો વિદ્યાર્થીઓએ લાભ પ્રાપ્ત થયો. મેનેજર ઉન્મેષ પંડયાએ વિવેકાનંદ ના જીવન સાથે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓએ કેવું ચારિત્ર્ય બનાવવું જોઈએ તેના ચિંતન માટે પ્રેરણા આપી. પ્રા. સી. ડી. પટેલે વિદ્યાર્થીઓએ પુસ્તિકા તથા આચાર્યાશ્રીએ જીવન પાથેય પુસ્તિકાનું વિતરણ કર્યું.



# જ્ઞાનધારા, સાહિત્ય સભા

- પ્રા. દક્ષાબેન પી. પટેલ

શ્રી રામચંદ્ર મિશન, યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટર ફોર ઈન્ડિયા એન્ડ ભૂતાન આયોજિત અખિલ ભારતીય નિબંધલેખન સ્પર્ધા ૨૦૧૭ માં આપણી કોલેજના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નીચે જણાવેલા વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાએ વિજયી નીવડ્યા હતા.

પ્રથમ : પટેલ કૃણાલ એસ.**M.Com.**

દ્વિતીય : પટેલ મીનાક્ષી જે.**F.Y. B.A.**

વિષય : જ્ઞાનનો મોટામાં મોટા શત્રુ અજ્ઞાનતા નથી પણ જ્ઞાન ન હોવાનો ભ્રમ છે. - સ્ટીફન હોડીંગ

આપણી કોલેજના ત્રણ વિદ્યાર્થીઓની ટીમે બી.કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે ગુજરાત ક્વીઝ સ્પર્ધામાં ભાગ લઈ તૃતીય ક્રમાંક મેળવ્યો હતો.

| | | | |
|---|---|---|---|
| વિજેતા ટીમ : | (૧) શેઠ વિરલ આશીષભાઈ | **T.Y.B.com.** | **69** |
| | (૨) રાઠોડ ભાવિન બુધાભાઈ | **T.Y.B.com.** | **67** |
| | (3) નાયકા જયેશભાઈ મહેશભાઈ | **T.Y.B.com.** | **50** |

શ્રી સત્યસાંઈ આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા ૨૦૧૭ - નવસારી

વિષય : સોશ્યલ નેટવર્કિંગ આશીર્વાદ છે કે અભિશાપ !

આશ્વાસન ઈનામ : ચોથો ક્રમ - કાજલ એ. ચૌધરી - **F.B.Com. 07**

પાંચમો ક્રમ - આરતી એચ. ગરાસિયા - **F.B.Com. 17**

આપણી કોલેજના વીર નર્મદ દ. ગુ. યુનિ. વિદ્યા વિસ્તરણ વ્યાખ્યાનમાળા અન્વયે સંસ્કૃત તથા ગુજરાતી વિષયના ટી.વાય.બી.એ. ના વિદ્યાર્થીઓ માટે પ્રા. ડૉ. અજય પટેલ, સંસ્કૃત વિભાગ, શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી. એન. પારેખ કોમર્સ કોલેજનું વ્યાખ્યાન તા. ૨૭-૧-૨૦૧૭ ના રોજ આયોજિત થયું. આ વ્યાખ્યાનનો વિષય હતો. કાવ્યમાં છંદ અને અલંકાર ડૉ. અજય સી. પટેલના લાક્ષણિક શૈલીમાં અપાયેલા વિદ્વતાસભર વ્યાખ્યાન થકી વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા.

સાહિત્ય સભાના તથા હિન્દી વિભાગના ઉપક્રમે હિન્દી-દિવસ નિમિત્તે ચીખલી કોલેજમાં તા. ૧૪ મી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ ૧૧-૦૦ કલાકે ડિજીટલ રૂમમાં હિન્દી કાવ્ય પઠનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો કોલેજના આચાર્યાશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈની હાજરી પ્રેરણાત્મક રહી. પ્રા. ડૉ. મુકેશ પટેલે દેશ-વિદેશમાં હિન્દીનું સ્થાન તથા ૧૪મી સપ્ટેમ્બર સંવિધાન અને રાજભાષા હિન્દીની સ્થિતિ સ્પષ્ટ કરી.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા પ્રા. ઈન્દુબેન પટેલ તથા પ્રા. ડૉ. રિયાઝ તાઈ એ આપી

પરિણામ

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ ક્રમ | - | આફતાબ દિવાન | એસ.વાય.બી.એ. | ૮૬ |
| દ્વિતીય ક્રમ | - | આરતી યુ. પુરોહિત | એસ.વાય.બી.એ. | ૨૦૪ |
| તૃતીય ક્રમ | - | પાયલ બી. રાઠોડ | એસ.વાય.બી.એ. | ૨૦૫ |

હિન્દી દિવસના ઉપલક્ષ્યમાં બીજી સ્પર્ધા ૧૪મી સપ્ટેમ્બર ડિજીટલ રૂમમાં હિન્દી ગીત - ગઝલ - ભજન ગાનની રાખવામાં આવી જેનું પરિણામ નીચે મુજબ રહ્યું.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ વિજેતા | - | કુ. ઝંખના લગડ | ટી.વાય.બી.એ. | ૮૬ |
| દ્વિતીય વિજેતા | - | શ્રી સંજય કે. છીપી | એફ.વાય.બી.એ. | ૩૭ |
| તૃતીય વિજેતા | - | શ્રી મીનલ બી. પટેલ | એસ.વાય.બી.એ. | ૧૦૩ |

પ્રા. નયનાબેન નાયક તથા પ્રા. ડૉ. રિયાઝ તાઈએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.એ. હિન્દીની વિદ્યાર્થીની સ્મિતા પટેલે કર્યું હતું.

# ઉદિશા

કારકિર્દી માર્ગદર્શન -

તા. ૧૦-૩-૨૦૧૭ ના રોજ શ્રી એમ. આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ ચીખલીમાં પી. જી. કક્ષાએ એમ. કોમ. ના વિદ્યાર્થીઓ માટે એક્સિસ બેંક દ્વારા જોબ પ્લેસમેન્ટ માટે કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા. જેમાં એમ.કોમ. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એક્સિસ બેંકના અધિકારીઓ શ્રી નિલેશ બારોલીયા અને અમીત શર્મા સાહેબ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી નિલેશ બારોલીયા દ્વારા એક્સિસ બેંક વિશે માહિતી આપી વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા. આરંભમાં ઉદિશા સેલના કન્વીનર શ્રી ચેતનભાઈ પટેલે સૌને આવકાર્યા હતા અને કોલેજના આચાર્યાશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમજ એકાઉન્ટ વિભાગના ડૉ. વાય.જે.દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને વિદ્યાર્થીઓને સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. અને વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુના કામ પતાવી એક્સિસ બેંકના અધિકારીઓએ વિદાય લીધી હતી.

તા. ૧૬-૨-૨૦૧૭ ના રોજ શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ.ઈ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ ચીખલીમાં સ્નાતક કક્ષાએ ટી.વાય.બી.એ. / બી.કોમ ના વિદ્યાર્થીઓના માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ ડિજિટલ રૂમ નં. ૦૬ માં આયોજિત થયો. જેમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સ્નાતક થયા પછી શું ? વિદ્યાર્થી પોતાની કારકિર્દી બનાવવા માટે શું કરી શકે ? એને માટે અલગ-અલગ પરીક્ષાઓ થકી કઈ-કઈ દિશાઓ ખુલે છે ? આ પરીક્ષાઓ કઈ-કઈ ભાષાઓના માધ્યમમાં હોય છે ? વગેરે બાબતોની માહિતી આપતો આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી રહ્યો.

બેન્કીંગ ક્લાર્ક, તલાટી જેવી સેવા મેળવવા માટે સરકારી-અર્ધસરકારી નોકરી માટે કઈ પાત્રતાઓ જરૂરી છે એને માટે કેવી તૈયારી કરવી જોઈએ તથા એ અંગેની માહિતીના સ્ત્રોત સાથે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.ની પરીક્ષાઓ અને એમાંથી થતા લાભો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ શ્રી કેવલ શાહ અને એમની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ ના આરંભે ઉદિશા સેલના કન્વીનર પ્રા. ચેતનભાઈ પટેલે સૌને આવકાર્યા હતા. આપણા આચાર્યાશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડ્યું. કોમર્સ વિભાગના અધ્યાપકો પ્રા. દિનેશભાઈ રાઠોડ, પ્રા. હેમાંગીની દેસાઈ તથા ઈતિહાસ વિભાગના પ્રા. ઈન્દુબેન પટેલે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રા. ચેતનભાઈ પટેલે ઈતિહાસ વિભાગ દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમ સંપન્ન થયેલો જાહેર કરવામાં આવ્યો હતો.

તા. ૪-૮-૨૦૧૬ ના રોજ શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજમાં સ્નાતક કક્ષાએટી.વાય.બી.એ./બી.કોમ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ મોહનકાકા લાઈબ્રેરી હોલમાં રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સ્નાતક થયા પછી શું ? અને વિદ્યાર્થીઓના માટે એમણે નકશા અને શૈક્ષણિક મોડ્યુલ તૈયાર કર્યું હતુ. તેને ખુબ જ વાકછટાથી રજુઆત કરી હતી. પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે આ અંગે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ દાખવ્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ અને બીસીએ કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય અશોકભાઈ સોલંકી તથા સૌ સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા અને પ્રા. વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટનો સૌએ આભાર વ્યક્ત કર્યો હતો. અંતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ આભારવિધિથી કરી . કાર્યક્રમને સંપન્ન થયેલો જાહેર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત **SPIPA** દ્વારા વિદ્યાર્થીના સમગ્રતાલક્ષી વિકાસ, સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના માર્ગદર્શક કાર્યક્રમો પણ યોજાયા હતા.

# જીમખાના સમિતિ

**૨૦૧૬-૧૭**

**ડૉ. જયમલ એસ. નાયક**

➢ **સરિતા એલ. ગાયકવાડ - ગોલ્ડ મેડલ ૧૦૦ મી. દોડ**
**બ્રોન્ઝ મેડલ - ૪૦૦ મી. વિઘ્નદોડ**
**૭૭ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીક મીટ ૨૦૧૬-૧૭**
**આયોજક : યુનિ. ઓફ ચેન્નાઈ (કોયમ્બતુર)**

- સરિતા ગાયકવાડની નેશનલ ઈન્ડિયા કેમ્પમાં પસંદગી પટિયાલા પંજાબ મુકામે ટ્રેનિંગ ચાલુ છે.
- વીર નર્મદ દ. ગુ. યુનિ. ૪૪ માં ખેલકૂદ રમતોત્સવમાં આપણી કોલેજ બીજી વાર ચેમ્પિયન બની છે. જેમાં સરિતા ગાયકવાડ વ્યક્તિગત ચેમ્પિયન બની હતી. જેમાં આપણી કોલેજની એથ્લેટીકસ ટીમે ૯ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૨૩ મેડલો પ્રાપ્ત કર્યા હતા.
- કાચરોલા નિકિતા (એમ.કોમ.-૧) બેડમિન્ટન રમતમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. સ્પર્ધામાં નાંદેદ (મહારાષ્ટ્ર) ખાતે આપણી યુનિ. વતી ભાગ લીધો.
- પ્રિયંકા પટેલે (ટી.વાય.બી.કોમ.) ખોખો રમતમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. સ્પર્ધામાં અજમેર ખાતે આપણી યુનિ.નું પ્રતિનિધિત્વ કરી ક્વાટર ફાઈનટ સુધી પહોંચ્યા.
- સરિતા એલ. ગાયકવાડ અને ઈનામુલ મુલ્લા (એસ.વાય.બી.એ.) એથ્લેટીકસમાં ચેન્નાઈ કોયમ્બતુર મુકામે યુનિ. ની ટીમ વતી ૭૭ મી. ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીકસ મીટ ૨૦૧૬-૧૭ માં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સૌપ્રથમ વાર સરિતાએ ૪૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.
- ધ્રુમિલ દેસાઈ (એફ.વાય.બી.એ.) એ ભોપાલ બર્કતુલ્લા યુનિ. ખાતે યુનિ. ની ક્રિકેટ ટીમ વતી વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્ના. માં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જેમાં સેમી ફાઈનલ મેચમાં મુંબઈ યુનિ. સામે ૫ વિકેટ લઈ મેન ઓફ ધી મેચ બન્યા હતા. આપણી યુનિ. ની ટીમ ૨૪ વર્ષ પછી ઓલ ઈન્ડિયા રોહિંગ્ટન બારીયા ટ્રોફી ચેમ્પિયન બની.
- ખેલ મહાકુંભ ૨૦૧૬-૧૭ માં આપણી કોલેજનાં વિદ્યાર્થી પ્રિયંકા પટેલ, ઈનામુલ મુલ્લા, નિલેશ્વરી પટેલ, ધવલ શર્મા એ જીલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી મેડલો પ્રાપ્ત કર્યા હતા.
- આપણી કોલેજમાં વીર નર્મદ દ. ગુ. યુનિ. બી-ડી ઝોન ઈન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૧ કોલેજની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આપણી કોલેજ ની કબડ્ડી ટીમ ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી.
- બેડમિન્ટન (બહેનો) સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ સેમી ફાઈનલ સુધી પહોંચી સિડિંગ મેળવેલ છે. આવતા વર્ષે આપણી ટીમ સીધી ક્વાટર ફાઈનલ મેચથી શરૂ કરશે.
- ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ ત્રીજા ક્રમે રહી હતી.
- બેડમિન્ટન (ભાઈઓ) સ્પર્ધામાં આપણી કોલેજની ટીમ ક્વાટર ફાઈનલ સુધી પહોંચી હતી.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ ક્રિકેટ ડી ઝોનમાં આપણી કોલેજની ટીમ સૌપ્રથમ વાર ચેમ્પિયન બની અને ઈન્ટર ઝોન સ્પર્ધામાં પણ સેમી ફાઈનલ સુધી સૌપ્રથમ વાર પહોંચી હતી.
- સરિતા ગાયકવાડે નેશનલ ઓપન એથ્લેટીકસ મીટ માં લખનૌ મુકામે ૪૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ અને ૪૦૦ મી. દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે.
- આપણી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થી સરિતા ગાયકવાડે ૪ એપ્રિલથી ૧૫ એપ્રિલ દરમ્યાન ઓસ્ટ્રેલિયાનાં ગોલ્ડકોસ્ટ ખાતે ૪ x ૪૦૦ મી રીલે દોડ ઈવેન્ટમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ કોલેજનું નામ રોશન કર્યું છે.
  કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતમાંથી સરિતા પ્રથમ એથ્લીટ બની ગઈ છે.
- આ અગાઉ એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટમાં ઈન્ડોનેશિયા મુકામે સરિતાએ ૪૦૦ મી હર્ડલ્સ અને ૪ x ૪૦૦ મી રીલે દોડમાંગોલ્ડ મેડલ મેળવી કોમન વેલ્થ ગેમ્સ માટેપોતાની દાવેદારી નોંધાવી હતી.

**૨૦૧૭-૧૮**

- વીર નર્મદ દ.ગુ. યુનિ. સ્વીમીંગ - વોટર પોલો ટીમમાં આપણી કોલેજનાં એસ.વાય.બી.એ. નાં વિદ્યાર્થી રાઉત શાંતિદાસ કે. ની પસંદગી થઈ હતી. જેઓએ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. વોટર પોલો ચેમ્પિનશીપમાં પંજાબનાં ચંડીગઢ યુનિ. ખાતે વીર નર્મદ દ. ગુ. યુનિ. સુરતનું પ્રતિનિધિત્વ કરી આપણી કોલેજનું નામ રોશન કરેલ હતું.
- વીર નર્મદ દ.ગુ. યુનિ. ખોખો (બહેનો) ની ટીમમાં આપણી કોલેજની એમ.કોમ. પાર્ટ-૧ ની વિદ્યાર્થીની પટેલ પ્રિયંકા બી. અને એસ. વાય. બી.એ. ની વિદ્યાર્થીની ગાયન નિરાલી એમ. ની પસંદગી થઈ હતી. જેઓએ વેસ્ટઝોન ઈન્ટર યુનિ. ખોખો ચેમ્પિયનશીપમાં ગુજરાત

વિદ્યાપીઠ સાદરા મુકામે આપણી યુનિ. નું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કરેલ હતો. જેમાં કેપ્ટન તરીકે આપણી કોલેજની વિદ્યાર્થીની પ્રિયંકા પટેલે યુનિ. ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

- વીર નર્મદ દ.ગુ. યુનિ. ક્રકેટ (ભાઈઓ) ની ટીમમાં આપણી કોલેજનાં એફ.વાય.બી.એ. નાં વિદ્યાર્થીઓ (૧) દેસાઇ ધ્રુમિલ જે. (૨) પટેલ અક્ષય આર. (૩) પટેલ મોહિત ડી. ની પસંદગી થઈ હતી. તેમજ રામાનંદી જિતેન એ. ની ફર્સ્ટ સ્ટેન્ડ બાય તરીકે પસંદગી થઈ છે. જેઓ આગામી દિવસોમાં બર્કતુલ્લા યુનિ. ભોપાલ ખાતે આપણી યુનિ. ક્રકેટ ટીમોનું પ્રતિનિધિત્વ કર્યું. તેમજ આ તમામ ખેલાડીઓ બરોડા ક્રિકેટ એસો. વતી નવસારી જિલ્લામાંથી પણ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.
- આપણી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને આંતરરાષ્ટ્રીય એથ્લીટ સરિતા ગાયકવાડની જકાર્તા (ઇન્ડોનેશિયા) ખાતે યોજાનાર એશિયન ગેમ્સ ટેસ્ટ ઈવેન્ટ કોમ્પિટિશન માટે પસંદગી થઈ હતી. જેઓએ ૧૧-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન ભારતની ૩૬ સભ્યોની એથ્લેટીકસ ટીમ વતી ૪૦૦ મી. રીલે અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા.
- ખેલમહાકુંભ ૨૦૧૮ માં આપણી કોલેજનાં વિદ્યાર્થીઓએ જીલ્લા કક્ષાએ નીચેની રમતોમાં મેડલ મેળવી રાજ્યકક્ષા એ ભાગ લીધેલ હતો.
    (૧) પટેલ પ્રિયંકા બી. (ગોલ્ડ મેડલ) - ૧૦૦ મી. દોડ, ૪૦૦ મી. દોડ
    (૨) પટેલ વૈભવી બી. (ગોલ્ડ મેડલ) - બરછી ફેંક
    (૩) પટેલ કાજલ આર. (સિલ્વર મેડલ) - ૧૦૦ મી. દોડ, ઊંચી કૂદ
    (૪) પટેલ વૃષભ ડી. (સિલ્વર મેડલ) - ૪૦૦ મી. દોડ
    (૫) મુલ્લા ઈનામુલ એચ. (સિલ્વર મેડલ) - લંગળી ફાળ કૂદ
    (૬) પટેલ વિપુલ આર. (બ્રોન્ઝ મેડલ) - ૪૦૦ મી. દોડ

- આપણી કોલેજમાં ડી ઝોન ઈન્ટર કોલેજ વોલીબોલ ટુર્ના. ૨૦૧૭-૧૮ નું આયોજન થયું હતું. જેમાં કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ચેમ્પિયન વાપીની કે. બી. એસ. કોલેજ અને રનર્સ - અપ વલસાડની બી. કે. એમ. સાયન્સ કોલેજ થઈ હતી.
- આપણી કોલેજની ક્રિકેટ ટીમે સતત બીજા વર્ષે વીર નર્મદ દ.ગુ. યુનિ. ઈન્ટર કોલેજ ડી ઝોન ક્રિકેટ ટુર્ના. ની ફાઈનલ મેચમાં નારણલાલા કોલેજ ઓફ પ્રોફે. એન્ડ એપ્લાઇડ સાયન્સીસ નવસારીને હરાવી ચેમ્પિયન બની હતી.
- વીર નર્મદ દ.ગુ. યુનિ. ૪૫ માં એથ્લેટીકસ રમતોત્સવમાં પ્રિયંકા પટેલે (એમ.કોમ.-૧) ૧૦૦ મી. અને ૪૦૦ મી. વિઘ્નદોડમાં ગોલ્ડ મેડલ, ૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી. દોડ, લાંબી કૂદ, લંગડી ફાળ કૂદ અને ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્તકર્યો હતો.પટેલ વિપુલે (ટી.વાય.બી.કોમ.) ૧૦૦ મી.વિઘ્નદોડમાં ગોલ્ડ મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે અને ૪૦૦ મી. વિઘ્ન દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગાયન નિરાલી એ. (એસ. વાય. બી. એ. - ૧૩૦) ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ કાજલ આર. (ટી. વાય. બી. એ. - ૧૩૫) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ અને ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ નિલેશ્વરી એસ. (એસ.વાય.બી.એ. - ૧૩૯) એ ૪ X ૪૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કોકણી કાજલ બી. (એફ.વાય.બી.એ. - ૨૬૧) ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ વૃષભ ડી. (એસ.વાય.બી.એ. - ૯૪) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પટેલ હિરેન (એસ.વાય.બી.એ.) એ ૮૦૦ મી. દોડમાં ગોલ્ડ મેડલ અને ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ફડવડીયા આનંદ આર. (ટી.વાય.બી.એ.-૨૬) એ ૪ X ૧૦૦ મી. રીલે દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આમ, આપણી કોલેજની એથ્લેટીકસની ટિમે કુલ ૪ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૧૩ મેડલો પ્રાપ્ત કર્યા હતા.

## : સિદ્ધિઓ :

### સરીતા ગાયકવાડ :

- વર્લ્ડ રીલેઝ ચેમ્પિયનશીપ નસાઉ (ટી.રોબીન્સન સ્ટેડિયમ), બાહમાસ (અમેરિકા) (૨૨-૨૩ એપ્રિલ ૨૦૧૭) ઈન્ટરનેશનલ ઈવેન્ટસ માં પ્રતિભાગી થઈ.
- ઉત્તરપ્રદેશના લખનૌ મુકામે નેશનલ ઓપન એથ્લેટિકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મી. વિઘ્ન દોડમાં (૫૯.૩૨ સમય) સિલ્વર મેડલ અને ૪૦૦ મી. દોડમાં (૫૪.૫૬ સમય) બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.
- **બ્રોન્ઝ મેડલ : ૪૦૦ મી. દોડ (૫૯.૭૭ સમય)** - ૫૭ મી ઈન્ટર સ્ટેટ સિનિયર એથ્લેટીક ચેમ્પિયનશીપ ૨૦૧૭ (ગંટુર - આંધ્રપ્રદેશ)

### ધ્રુમિલ જે. દેસાઈ :

- ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટ બરકતુલ્લાહ યુનિવર્સિટી ભોપાલ મુકામે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ચેમ્પિયન ટીમના ખેલાડી હતા.

## 45TH VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY ATHLETIC MEET 2017-18
## OUR COLLEGE GOT 13 MEDALS (4 GOLD, 6 SILVER AND 3 BRONZE MEDALS)



**Priyanka B. Patel (M.com.)**
**Gold Medal : 100 M. Hurdles, 400 M hudles**
**Silver Medal : 100 M, 200 M, Long Jump, 4x100 M. Relay**
**Bronze Medal : 4x100 M. Relay**



**Vipul R. Patel (T.Y. B.com.)**
**Gold Medal : 100 M**
**Bronze Modal : 4x100 M Relay, 400 M. Hudles**



**Nirali M. Gayan (S.Y.B.A.-130)**
**Silver Medal : 4x100 M. Relay**
**Bronze Medal : 4x100 M. Relay**



**Kajal R. Patel (T.Y.B.A.-135)**
**Silver Medal : 4x100 M. Relay**
**Bronze Medal : 4x100 M. Relay**



**Nileshvari S. Patel (S.Y. B.A.-139)**
**Bronze Modal : 4x100 M. Relay**



**Kajal B. Konkani (F.Y.B.A.-261)**
**Silver Medal : 4x100 M. Relay**



**Vrushabh D. Patel (S.Y.B.A.-94)**
**Bronze Medal : 4x100 M. Relay**



**Hiren N. Patel (S.Y.B.A.-87)**
**Gold Medal : 800 M.**
**Bronze Medal : 4x100 M. Relay**



**Anand R. Fadvadiya (T.Y.B.A.-26)**
**Bronze Medal : 4x100 M. Relay**


# ચીખલી કોલેજનું ગૌરવ






247




SARITABEN
LAXMANBHAI GAYAKWAD
PERSONAL BEST
HONOURS






ઈન્ડોનેશિયામાં એશિયન ગેમ્સમાં ભારતને
બીજો ગોલ્ડ મેડલ અપાવતી ડાંગની સરિતા



આ ડાંગી દોડવીર છે
દેશનું ગૌરવ...


XXI COMMONWEALTH GAMES
WOMEN


दक्षिण गुजरात की धावक
से गोल्ड मेडल की आस


ચીખલી કોલેજની સરિતા ગાયકવાડ
આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળહળે




NATIONAL LEVEL WOMEN COMPETITION


AIRTEL : 587 , TATA SKY : 1719 , DISHTV : 1291


ચીખલીની એમ.આર.ડી. આર્ટ્સ કોલેજની સિદ્ધિ


સરિતા ગાયકવાડ

## NSS

**પ્રા. દિનેશ એસ. રાઠોડ**
**પ્રા. મીનુ આર. દેસાઈ**

- તા. ૧૪-૪-૨૦૧૬ ના દિને ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી. બંધારણના ઘડવૈયાની જીવનની ઝાંખી આપવામાં આવી. સંવિધાનની ચર્ચા કરવામાં આવી હતી.
- તા. ૨૧-૬-૨૦૧૬ ના દિને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૫-૭-૨૦૧૬ ના દિને પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં પર્યાવરણ સંરક્ષણના ધારાની ચર્ચા કરવામાં આવી તથા વૃક્ષારોપણ અને વૃક્ષોની માવજતનું કાર્ય કરવામાં આવ્યુ.
- તા. ૨૨-૮-૨૦૧૬ પ્રવેશ મહોત્સવનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં એન.એસ.એસ. ની પ્રવૃત્તિ અને વર્ષ દરમ્યાન થતા કાર્યક્રમની રૂપરેખા સમજાવી અને એન.એસ.એસ. રંગ અને સિમ્બલની ચર્ચા કરી.
- તા. ૧૮-૯-૨૦૧૬ ના દિને સાક્ષરતા દિનની ઉજવણી કરી જેમાં **"Each one Teach One'** નો કાર્યક્રમ ખૂંધ, થાલા, દેગામ, આલીપોર ગામોમાં કરવામાં આવ્યો. અક્ષરજ્ઞાન આપવામાં આવ્યું.
- ગાંધી જયંતિ અને અહિંસા દિનની ઉજવણી તા. ૨-૧૦-૨૦૧૬ ના દિને કરવામાં આવી. જેમાં વિશ્વશાંતિની પ્રાર્થના કરવામાં આવી. ભાઈચારાની પ્રતિજ્ઞા લેવડાવી, આતંકવાદ, નકસલવાદ, જાતિવાદ, પ્રાંતવાદ વગેરેની સમજૂતી આપી.
- તા. ૧૮-૧-૨૦૧૬ ના દિને એન.એસ.એસ., બી.સી.એ. કોલેજ અને સમગ્ર કોલેજના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશનનો કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં (૫૨) બોટલ રક્ત એકત્રિત થયું.
- તા. ૨૮-૧-૨૦૧૬ ના દિને એન.એસ.એસ. અને સ્ટુડન્ટ કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો.
- તા. ૧-૨-૨૦૧૬ ના દિને સિકલસેલ એનીમીયાની તપાસ રક્તદાનકેન્દ્ર વલસાડ દ્વારા કરવામાં આવી. તમામ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી અને જરૂરતમંદને સલાહસૂચન અને દવા આપવામાં આવી.
- તા. ૨-૨-૨૦૬ ના રોજ મહિલા સશક્તિકરણ અને મહિલા સુરક્ષાસેતુ નવસારી દ્વારા કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં પ્રાંતકચેરી ચીખલી ગ્રામ પંચાયત કચેરી સુધી કોલેજની બહેનો અને અન્ય બહેનોની સુત્રોચાર સાથે રેલી કાઢવામાં આવી. જેમાં એન.એસ.એસ. સ્વયંસેવકો જોડાયા હતા. પ્રિ. ડૉ. એફ.એચ.દેસાઈએ સભા સ્થળે તજજ્ઞ તરીકે વ્યાખ્યાન આપ્યું હતુ.
- તા. ૨-૮-૨૦૧૬ થી તા. ૯-૮-૨૦૧૬ દરમ્યાન જનજાગૃતિ / અવરનેસ સપ્તાહ ઉજવવામાં આવી. જેમાં ડૉ. અમૃત પટેલ (એમ.એસ.) (સર્જન) સુપ્રિ. ઓફ સી.એચ.સી. બારડોલી દ્વારા અભિપ્રેરણા પર વ્યાખ્યાન આપ્યુ અન્ય બીજા ડોક્ટરે વિવિધ રોગની જાણકારી આપી. ડૉ. શરદ પટેલ આયુર્વેદકની જાણકારી આપી. પોલીસખાતા તરફથી ટ્રાફિક અને અન્ય નિયમોની જાણકારી આપી. વકીલ મંડળ તરફથી વિવિધ ધારાનો ખ્યાલ આપ્યો હતો.

  તા. ૧-૧૨-૨૦૧૬ ના દિને વિશ્વએઈડ્સ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં એચ.આઈ.વી. / એઈડસ વગેરેની જાણકારી આપવામાં આવી. ડૉ. અમૃત પટેલ, ડૉ. એન.ડી. ગજ્જર દ્વારા જાણકારી આપી હતી.
- તા. ૮-૧૨-૨૦૧૬ થી તા. ૧૫-૧૨-૨૦૧૬ દરમ્યાન ટ્રાફિક સપ્તાહ ઉજવવામાં હાવી. જેમાં તા. ૧૨-૧૨-૨૦૧૬ ના દિને સ્કૂટર રેલી પ્રાંત કચેરીથી નીકળી સમગ્ર ચીખલી શહેરમાં ફરી સભાના રૂપમાં ફેરવાઈ હતી. જેમાં એન.એસ.એસ. અને એન.સી.સી. ના સ્વયંસેવકો જોડાયા હતા.
- તા. ૨૪-૧૨-૨૦૧૬ ના દિને ગ્રાહક સુરક્ષા દિન ની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાંત અધિકાર મામલતદાર અને જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદના સંયુક્ત ઉપક્રમે પ્રાંત કચેરીથી ગ્રામ પંચાયત ચીખલી સુધી રેલી કાઢવામાં આવી જેમાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો જોડાયા હતા.
- તા. ૨૫-૧-૨૦૧૭ ના દિને મતદાર જાગૃતિ દિનની ઉજવણી પ્રાંત અધિકારીના પ્રમુખપણા હેઠળ કોલેજ ખાતે રાખવામાં આવી હતી. જેમાં સમગ્ર કોલેજના વિદ્યાર્થી દ્વારા મતદાર જાગૃતિ રેલી સૂત્રોચ્ચાર સાથે કાઢવામાં આવી. રેલી કોલેજથી બગલાદેવ સુધી કાઢવામાં આવી. ત્યારબાદ મોહનકાકા લાયબ્રેરી હોલમાં સભા ફેરવાઈ ગઈ હતી. જ્યાં સભામાં વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. પ્રા. દિનેશ રાઠોડે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતુ.
- સ્વાતંત્ર દિન અને પ્રજાસત્તાક દિનની ઉજવણી શાનભેર ઉજવવામાં આવી વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા. જેમાં નાટક, દેશભક્તિગીત, સમૂહગાન વગેરે રાખવામાં આવ્યા હતા.
- તા. ૧૮-૧-૨૦૧૭ થી તા. ૨૪-૧-૨૦૧૭ દરમ્યાન એન.એસ.એસ. નો વાર્ષિક ખાસ શિબિર વાત્સલ્યધામ, કુકેરી, તા. ચીખલી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રભાતફેરી, યોગ, સફાઈકામ, શ્રમકામ ગામની મોજણી, આંગણવાડી તથા પી.એચ.સી. ની સફાઈ તથા રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા જેમાં બેટી બચાવો, બેટી પઢાવો, વ્યસનમુક્તિ, અંધશ્રધ્ધા, સ્ત્રીભ્રુણહત્યા, કેશલેસ વગેરે બોધ આપતા નાટકો રજુ કર્યાં.
- વર્ષ દરમ્યાન ચાર વનડે કેમ્પ કરવામાં આવ્યા, તારીખ પ્રમાણે ૨૧-૮-૨૦૧૬, ૨૫-૯-૨૦૧૬, ૦૮-૦૧-૨૦૧૭, ૨૬-૨-૨૦૧૭ જેમાં વૃક્ષારોપણ, કેમ્પસની સફાઈ, વૃક્ષોની માવજત, જનજાગૃતિ, મતદાર જાગૃતિ, કેશલેસ પદ્ધતિ, ટોઈલેટની સફાઈ વગેરે કાર્યક્રમ હાથ

ધર્યા હતા.

- જે.સી.આઈ. ચીખલી શાખા દ્વારા વિવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં પર્સનાલિટી ડેવલોપમેન્ટ એરીયા ડેવલોપમેન્ટ, મેમરીપાવર, સોસિયલ સર્વિસ, કારકિર્દી માર્ગદર્શન, એન્ટી રેગીંગ, જાતિયશોષણ વગેરે પર વ્યાખ્યાન આપ્યુ હતુ. જેમાં ડૉ. અમૃત પટેલ સુપ્રિ. બારડોલી સી.એચ.સી. ના એ પર્સનાલિટી ડેવલોપમેન્ટ પર પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું. જેમાં કોલેજના પ્રિ.ડૉ.એફ.એચ.દેસાઈ પણ હાજર રહ્યા હતા.
- કોલેજના ઈનામ વિતરણ અને વાર્ષિકઉત્સવના દિને એન.એસ.એસ. ના સ્વયંસેવકોએ ડાંગી નૃત્ય અને અન્ય કાર્યક્રમો રજૂ કર્યા હતા.
- શારદા ફાઉન્ડેશનના ઉપક્રમે દિવાળીના શુભ અવસર પર તલાવચોરા અને સાદકપોરના ગામની પ્રાથમિકશાળાના બાળકોને મીઠાઈ અને ફટાકડાની વહેંચણી કરી હતી. જેમાં કોલેજના મેનેજીંગટ્રસ્ટી માનનીયશ્રી દર્શનભાઈ દેસાઈ, મંત્રી શ્રીમતી સોનલબેન, સિનિ. ટ્રસ્ટી અરવિંદભાઈ દેસાઈ, સુવર્ણાબેન દેસાઈ, પ્રિ. ડૉ. એફ.એચ. દેસાઈ, ઈ.ચા. પ્રિ. અશોકસિંહ સોલંકી અને પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડી. એસ. રાઠોડ હાજર રહ્યા હતા.
- તા. ૧૪-૦૪-૨૦૧૭ ના દિને ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતતિની ઉજવણી કરવામાં આવી.
  બંધારણના ઘડવૈયાની જીવનની ઝાંખી આપવામાં આવી. સંવિધાનની ચર્ચા કરવામાં આવી.
- તા. ૨૧-૦૬-૨૦૧૭ ના દિને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૫-૦૭-૨૦૧૭ ના દિને પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં સંરક્ષણના ધારાની ચર્ચા કરવામાં આવી તથા વૃક્ષારોપણ અને વૃક્ષોની માવજતનું કાર્ય કરવામાં આવ્યું.
- તા. ૨૪-૦૮-૨૦૧૭ પ્રવેશ મહોત્સનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં **NSS** ની પ્રવૃત્તિ અને વર્ષ દરમ્યાન થતા કાર્યક્રમની રૂપરેખા સમજાવી અને **NSS** રંગ અને સિમ્બોલની ચર્ચા કરી.
- તા. ૧૮-૦૯-૨૦૧૭ ના દિને સાક્ષરતા દિનની ઉજવણી કરી જેમાં **'Each One Teach One'** નો કાર્યક્રમ ખૂંધ, થાલા, દેગામ, આલીપોર ગામોમાં કરવામાં આવી. અક્ષરજ્ઞાન આપવામાં આવ્યું.
- ગાંધી જયંતિ અને અહિંસા દિનની ઉજવણી તા. ૨૦-૧૦-૨૦૧૭ ના દિને કરવામાં આવી. જેમાં વિશ્વશાંતિની પ્રાર્થના કરવામાં આવી. ભાઈચારાની પ્રતિજ્ઞા લેવડાવી, આતંકવાદ, નકક્ષલવાદ, જાતિવાદ, પ્રાંતવાદ વગેરેની સમજૂતી આપી.
- તા. ૧૨-૦૧-૧૮ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી તથા યુવા દિવસની **NSS, BCA** કોલેજ અને સમગ્ર કોલેજના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી.
- તા. ૧૯-૦૧-૨૦૧૮ ના દિને **NSS, BCA** કોલેજ અને સમગ્ર કોલેજના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશનનો કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં પર બોટલ ભેગી થઈ.
- તા. ૧૮-૦૧-૨૦૧૮ ના દિને **NSS** અને સ્ટુડન્ટ કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો.
- તા. ૦૨-૦૨-૨૦૧૭ ના દિને સીકલસેલ એનીમીયાની તપાસ રકતદાનકેન્દ્ર વલસાડ દ્વારા કરવામાં આવી. તમામ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી અને જરૂરમંદની સલાહસૂચન અને દવા આપવામાં આવી.
- તા. ૦૪-૦૨-૨૦૧૭ ના રોજ મહિલા સશક્તિકરણ અને મહિલા સુરક્ષાસેતુ નવસારી દ્વારા કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં પ્રાંત કચેરીશ્રી ચીખલી ગ્રામ પંચાયત કચેરી સુધી કોલેજની બહેનો અને અન્ય બહેનોની સુત્રોચાર સાથે રેલી કાઢવામાં આવી. જેમાં **NSS** સ્વયંસેવકો જોડાયા હતા. પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ એ સભા સ્થળે તજજ્ઞ તરીકે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા. ૦૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૧-૦૮-૨૦૧૭ દરમ્યાન જનજાગૃતિ / અવરનેસ સપ્તાહ ઉજવવામાં આવી. જેમાં ડૉ. અમૃત પટેલ (પ્ર) (સર્જન) સુપ્રિ. ઓફ **CHC** બારડોલી દ્વારા અભિપ્રેરણા પર વ્યાખ્યાન આપ્યું. અન્ય બીજા ડૉકટરે વિવિધ રોગની જાણકારી આપી. ડૉ. શરદ પટેલ આયુર્વેદિકની જાણકારી આપી. વકીલ મંડળ તરફથી વિવિધ ધારાનો ખ્યાલ આપ્યો હતો.
- તા. ૦૧-૧૨-૨૦૧૭ ના દિને વિશ્વ એઈડસ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં **HIV** / એઈડ વગેરેની જાણકારી આપવામાં આવી. ડૉ. અમૃત પટેલ, ડૉ. એન. ડી. ગજ્જર દ્વારા જાણકારી આપી હતી.
- તા. ૧૦-૧૨-૨૦૧૭ થી તા. ૧૭-૧૨-૨૦૧૭ દરમ્યાન ટ્રાફિક સપ્તાહ ઉજવવામાં આવી. જેમાં ૧૫-૧૨-૨૦૧૭ ના દિને સ્કૂટર રેલી પ્રાંત કચેરીથી નીકળી સમગ્ર ચીખલી શહેરમાં ફરી સભાના રૂપમાં ફેરવાઈ હતી. તેમાં **NSS** અને **NCC** ના સ્વયંસેવકો જોડાયા હતા.
- તા. ૨૪-૧૨-૨૦૧૭ ના દિને ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાંત અધિકારી, મામલતદાર અને જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદના સંયુકત ઉપક્રમે પ્રાંત કચેરીથી ગ્રામ પંચાયત ચીખલી સુધી રેલી કાઢવામાં આવી જેમાં **NSS** ના સ્વયંસેવકો જોડાયા હતા.
- તા. ૨૫-૦૧-૨૦૧૮ ના દિને મતદાર જાગૃતિરિદનની ઉજવણી પ્રાંત અધિકારીના પ્રમુખપણા હેઠળ કોલેજ ખાતે રાખવામાં આવી હતી. જેમાં સમગ્ર કોલેજના વિદ્યાર્થી દ્વારા મતદાર જાગૃતિ રેલી સુત્રોચ્ચાર સાથે કાઢવામાં આવી. રેલી કોલેજથી બગલાદેવ સુધી કાઢવામાં આવી. ત્યારબાદ મોહનકાકા લાઈબ્રેરીમાં સભા ફેરવાઈ ગઈ હતી. જ્યાં સભામાં વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. પ્રા. દિનેશ રાઠોડે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

- સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિનની ઉજવણી સાનભેર ઉજવવામાં આવી. વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા. જેમાં નાટક, દેશભક્તિગીત, સમુહગાન વગેરે રાખવામાં આવ્યા હતા.
- તા. ૨૯-૦૧-૨૦૧૮ થી તા. ૦૪-૦૨-૨૦૧૮ દરમ્યાન **NSS** નો વાર્ષિક ખાસ શિબિર આશ્રમશાળા તેજલાવ તા. ચીખલી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રભાતફેરી, યોગ, સફાઇકામ, શ્રમકામ ગામની મોંજણી, આંગણવાડી તથા **PHC** ની સફાઇ તથા રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા જેમાં બેટી બચાવો, બેટી પઢાવો, વ્યસનમુક્તિ, અંધશ્રધ્ધા, સ્ત્રીભ્રુણહત્યા, કેશલેસ વગેરે બોધ આપતા નાટકો રજૂ કર્યા.
- વર્ષ દરમ્યાન ચાર વનડે કેમ્પ રાખવામાં આવ્યા, તારીખ પ્રમાણે ૨૦-૦૮-૨૦૧૭, ૨૪-૦૯-૨૦૧૭, ૦૭-૦૧-૨૦૧૮, ૨૫-૦૨-૨૦૧૮ જેમાં વૃક્ષારોપણ, કેમ્પસની સફાઇ, વૃક્ષોની માવજત, જનજાગૃતિ, મતદાર જાગૃતિ, કેશલેસ પધ્ધતિ, ટોઇલેટની સફાઇ વગેરે કાર્યક્રમ હાથ ધર્યા હતા.
- જે.સી.આઇ. ચીખલી શાખા દ્વારા વિવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં પર્સનાલિટી ડેવલોપમેન્ટ એરીયા ડેવલોપમેન્ટ, મેમરીપાવર, સોશિયલ સર્વિસ, કારકિર્દી માર્ગદર્શન, રેન્ટી રેસીંગ, જાતીય શોષણ વગેરે પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ડૉ. અમૃત પટેલ સુપ્રિ. **CHC** ના એ પર્સનાલિટી ડેવલોપમેન્ટ પર પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું. જેમાં કોલેજના પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઇ પણ હાજર રહ્યા હતા.
- કોલેજના ઇનમા વિતરણ અને વાર્ષિકોત્સવના દિને **NSS** ના સ્વયંસેવકોએ ડાંગી નૃત્ય અને અન્ય કાર્યક્રમો રજૂ કર્યા હતા.
- શારદા ફાઉન્ડેશનના ઉપક્રમે દિવાળીના શુભ અવસર પર તલાવચોરા અને સાદકપોરના ગામની પ્રાથમિક શાળાના બાળકોને મીઠાઇ અને ફટાકડાની વહેંચણી કરી હતી. જેમાં કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી માનનીયશ્રી દર્શનભાઇ દેસાઇ, મંત્રી શ્રીમતિ સોનલબેન, સિનિ. ટ્રસ્ટી અરવિંદભાઇ દેસાઇ, સુવર્ણાબેન દેસાઇ, પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઇ, ઇ.ચા.પ્રિ. અશોકસિંહ સોલંકી અને પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડી. એસ. રાઠોડ હાજર રહ્યા હતા.



# અક્ષયપાત્ર યોજના

કોલેજના વિદ્યાર્થીઓ સેવાકીય અને સામાજીક પ્રવૃત્તિઓથી માહિતગાર થાય અને સ્વૈચ્છિક યોગદાન અર્પવા માટે તૈયાર રહે તે હેતુથી વર્ષો વર્ષ અક્ષયપાત્ર યોજના ચલાવવામાં આવે છે. કોલેજના વિદ્યાર્થીઓએ તેમજ સમગ્ર સ્ટાફે પોતપોતાના ઘરે આ અક્ષયપાત્ર યોજના અમલમાં મૂકી છે. અક્ષયપાત્ર યોજના અંતર્ગત ચાર પાત્રો અનુક્રમે ધનપાત્ર દ્વારા જરૂરિયાતમંદોને આર્થિક મદદ કરવામાં આવી. તનપાત્ર દ્વારા અસરગ્રસ્તોને વસ્ત્રો અર્પણ કરવામાં આવ્યા. અન્નપાત્ર દ્વારા એકઠું થયેલું અનાજ ગરીબ લોકોને આપવામાં આવ્યું. મનપાત્ર દ્વારા વિદ્યાર્થીઓ, અધ્યાપકો દ્વારા કેટલાક સુવિચારો એકત્રિત કરવામાં આવ્યા. આ ઉપરાંત રેફરેલ હોસ્પિટલના દર્દીઓને આવશ્યક ચીજ વસ્તુઓ વિતરણ કરવામાં આવી.

# શારદા સંશોધન સરિતા


– પ્રા. ડૉ. યોગેશ જે. દેસાઈ<br>
પ્રા. ડૉ. મુકેશ ડી. પટેલ<br>
પ્રા. છીબુભાઈ ડી. પટેલ<br>
પ્રા. ડૉ. રિયાઝ તાઈ


આજ મંચના અંતર્ગત કોલેજના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરી દીધો. જેથી આ સંશોધનના મંચમાં કોલેજમાં બનાવેલ રિસર્ચ કમિટીને પણ સમાવેશ કરી પ્રા. યોગેશ દેસાઈ, ડૉ. એમ. ડી. પટેલ, પ્રા. શ્રી છીબુભાઈ પટેલ એ એકબીજાના સહકારથી આ સંશોધનની દિશામાં દરેક વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું. વિષય નક્કી કેવામાં એમની મદદ કરી. વિષયને અનુરૂપ કઈ સંશોધન પધ્ધતિ યોગ્ય રીતે તમારા વિષયને ન્યાય આપી શકે વગેરે બાબતો પર ઉપર્યુક્ત દરેક અધ્યાપકોએ વિદ્યાથીઓ સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરી વિદ્યાર્થીઓને ઉપદેશાત્મક બોધપાઠ આપ્યો હતો.

સૌ પ્રથમ સંશોધનની દિશામાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓની માર્ગદર્શન વર્ગનું આયોજન કોલેજના કોન્ફરન્સ હોલમાં તા. ૨૮-૦૬-૨૦૧૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. જેમાં ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. વિદ્યાર્થીના ઉત્સાહને જોઈ આ મંચ અને રીસર્ચ કમિટીના સભ્યોએ દર શનિવારે આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું નક્કી કર્યું. આ વર્ગો દર શનિવારે કોન્ફરન્સ હોલમાં ૧૧ થી ૧૨.૩૦ સુધી ચાલે જ છે.

ત્યારબાદ વિદ્યાર્થીઓ સંશોધનનું માર્ગદર્શન મેળવી માનસિક રીતે તૈયાર થયા. વિદ્યાર્થીઓએ પોતાના સંશોધનની ટીમ બનાવી વિષયો તૈયાર કર્યા. અધ્યાપક મિત્રોએ ટીમેને ગૃપ આધારિત નામો આપી એમના વિષયને અનુરૂપ યોગ્ય દિશામાં સૂચક માર્ગદર્શન આપ્યું.

ટીમ **A** માં **SBC** ના બે વિદ્યાર્થીઓએ **S.T.** જાતિમાં શિક્ષણનું પ્રમાણ એક આંકડાકીય અધ્યયન વિષય પસંદ કરી કાર્ય કરી રહ્યા છે.

ટીમ **B** માં **SBC** ના વિદ્યાર્થીઓએ સ્માર્ટકાર્ડ **(A.T.M.)** કાર્ડની ઉપયોગિતાના ચલનનો દર વિષય પર કાર્યરત છે.

ટીમ **C** માં **SBC** ના વિદ્યાર્થીઓએ અરવાડાથી ખેરગામ વસ્તિારનો કૃષિ વિષયક અભ્યાસ વિષયમાં કાર્ય કરી રહ્યા છે.

ટીમ **D** માં વિદ્યાર્થીએ **N.S.G.** ન્યુક્લિઅર સપ્લાયર ગૃપ વિષયમાં કાર્ય કરી રહ્યા છે.

ટીમ **E TBA** ની વિદ્યાર્થીની આધુનિક હિન્દી કહાની વિષય લઈ કાર્ય કરી રહી છે.

ટીમ **F M.Com.** ની બે વિદ્યાર્થીની તલાવચોરા ગામની સહકારી દૂધ મંડળીઓનો અભ્યાસ (**Statistical Data** વિષયમાં કાર્ય કરી રહી છે.

ટીમ **G M.A.** ના બે વિદ્યાર્થી પ્રયોજનમૂલક હિન્દી વિષયમાં કાર્યરત છે.

ટીમ **H - SBC** ના બે વિદ્યાર્થી માનવ સંબંધોમાં શુષ્કતા એક મનોવૈજ્ઞાનિક અધ્યયન વિષયમાં કાર્યરત છે.

અનુસ્નાતક કેન્દ્રમાં હિન્દી અને સંસ્કૃત વિષયનાં તમામ વિદ્યાથીઓએ સંશોધનને લગતા વિષયો નક્કી કરી લીધા છે. નજીકના ભવિષ્યમાં એ કામો પૂર્ણ કરી આપણને આપશે.

# ખુશનુમા યુવા જિંદગી મંચ

પ્રા. ડૉ. રિયાઝ તાઈ

ખુશનુમા યુવા જિંદગી મંચની રચનાનો સૌ પ્રથમ વિચાર કોલેજની આચાર્યા ડૉ. એફ. એચ. દેસાઈનો હતો. જેમણે આ વિચારની કલાકૃતિ માટે ડૉ. આર. એ. તાઈ ની નિમણૂંક કરી આ મંચને વાસ્તવિક ઓપ આપવાની જવાબદારી જુલાઈ માસમાં સોંપી.

આ મંચની સ્થાપનાનો મુખ્ય હેતુ આપણી કોલેજની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિ સિવાય બીજી ઈતર પ્રવૃત્તિઓ તરફ દોરી જવાનો હતો. એમનામાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા માટે આ મંચની સ્થાપના થઈ હતી.

આ મંચની જાણકારી માટે વિવિધ વિદ્યાશાખા ના વિદ્યાર્થીઓના વર્ગખંડમાં જઈ આ મંચના હેતુઓ અને ઉદ્દેશ્યોની સમજ ડૉ. આર. એ. તાઈ એ આપી હતી. જેનાથી વિદ્યાર્થીઓને પોતાનામાં છુપાયેલી શક્તિને બહાર લાવવાની પ્રેરણા મળી. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી વિવિધ વિષયોમાં પોતાના નામો લખાવી આ મંચને ગતિશિલ બનાવ્યો.

વિદ્યાર્થીઓએ પોતાના રસ અને રુચિ પ્રમાણે નામો લખાવ્યા.

- પોતાના મૌલિક વિચારોને વ્યક્ત કરવા માટે આ મંચે નિબંધ વિદ્યા નામની એક શ્રેણીની સ્થાપના કરી જેમાં વિવિધ વિદ્યાશાખામાંથી ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીની શ્રેણીમાં નામો લખાવ્યા. ઓગષ્ટ મહિનામાં ડૉ. રિયાઝ તાઈ એ મોહનકાકા લાયબ્રેરી હોલમાં આ શ્રેણીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ભેગા કરી નિબંધનું સ્વરૂપ, પ્રકાર અને અભિવ્યક્તિ ની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને આગળ વધવાની પ્રેરણા આપી હતી. જેની ફલશ્રુતિરૂપે ૨૩ નિબંધો વિદ્યાર્થીઓએ અત્યાર સુધી જમા કરાવ્યા છે. જેમાં ઓનલઈન બેંકીંગ અને અદશ્ય નાણાંથી ચાલતો વ્યવહાર આ વિષય પર રજૂ થયેલા નિબંધો ખૂબ જ પ્રેરણાદાયી અને વિચારાત્મક છે. આ મંચનો માધ્યમથી આપણને વિદ્યાર્થીઓના વૈચારિક જગતને જાણવાનો અને માણવાનો એક અનોખો રાજીપો અનુભવાયો છે.
- કેટલાક વિદ્યાર્થીઓ પોતાના વિચારોને સુંદર રીતે વકતૃત્વ શક્તિથી વ્યક્ત કરી શકતા હોય છે. એવા વિદ્યાર્થીઓને પણ વક્તૃત્વ શક્તિના ગુણો, લાક્ષણિકતાઓ, ઉચ્ચારણની પ્રક્રિયાઓ વિશે ડૉ. તાઈ એ મોહનકાકા લાયબ્રેરી હોલમાં માર્ગદર્શન આપ્યું હતું. જેમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી છતાં વિદ્યાર્થીઓએ આ મંચ આત્મવિશ્વાસ મેળવી કોલેજ દ્વારા યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો.
- ઘણીવાર વિદ્યાર્થીઓ પોતાના વિચારો લાગણીઓને રંગ, રેખા દ્વારા પણ વ્યક્ત કરતા હોય છે. આવા વિદ્યાર્થીઓની પ્રતિભાને જાણવાની તક આ મંચ દ્વારા પ્રાપ્ત થઈ વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીના આ ક્ષેત્રને સહર્ષ રીતે સ્વીકારી ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના નામો લખાવી આ ક્ષેત્રમાં પદાર્પણ કર્યું. જે અંતર્ગત ૧૦ જેટલા સુંદર ચિત્રો મળી પણ ગયા છે. ભવિષ્યમાં પણ મળશે એવી આશા.
- કેટલાકની પ્રતિભા નવુ ઉત્પન્ન કરવાની હોય છે. તેવી પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને **West** માંથી **Best** નામની શ્રેણીની શરૂઆત કરી જેમાં ૭ જેટલા વિદ્યાર્થીઓએ નામો લખાવ્યા. જરૂર પ્રમાણે એમને પણ સમજ પ્રમાણે માર્ગદર્શન આપ્યું છે.
- આપણી કોલેજમાં સંગીતમાં રસ ધરાવતાં ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ નામ લખાવ્યા, જેઓ આપણી કોલેજમાં ચાલતા સંગીત કલાસમાં માર્ગદર્શન મેળવી રહ્યા છે. કોલેજના વાર્ષિકોત્સવમાં એ વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા વ્યક્ત કરવાની તક મળશે.
- કોલેજની વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દરેક વર્ગખંડમાં ડૉ. તાઈ એ વર્તમાન સમયમાં સંશોધનનું મહત્ત્વ, ઉપયોગિતા વિશે વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી પ્રેરિત કર્યા હતા. જેનું ખૂબ જ સુંદર પરિણામ મળ્યુ હતું. જેમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યા હતા.

# કોલેજ ગ્રંથાલય

- પ્રા. ડૉ. રિયાઝ.એ.તાઈ

